દીબાચો.

અસલાજી નામનો નાટક, મ્હારા મિત્ર મી૦ અરદેસર મેહરામજી પટેલની કલમથી આજ આઠ વરશપર લખાયો હતો, જેને શોકિન તમાશાગીરોનુ અછ્છું ધ્યાન ખેંચ્યું હતું. આ નાટક લોક પસંદ થઈ પડવાથી અનેક મંડલીઓએ જુદાં જુદાં સ્ટેજપર વારંવાર ભજવી બતાવ્યો હતો. મ્હને પણ એ ખેલ પસંદ પડવાથી મ્હારા મિત્ર મી૦ અરદેસરની પરવાનગી મેળવી, આજના વખતને અનુસરતો ફેરફાર કરી, પ્રજા સનમુખ આ ખેલને નજદીક નવા રંગ રૂપમા રજૂ કરવાની હિમ્મત કિધી છે. શોકિન તમાશબીનોને આ ખેલ પસંદ પડશે, તો એ ખેલ પાછલની મ્હારી, તથા વિકટોરિયા નાટક મંડલીની મેહેનતનો પુરતો બદલો મલેલો સમજી સંતોશ માણિશ.

લા૦ સેવક

ખુ૦ મે૦ બાલીવાલા.

અસલાજી

યાને

કંજુસની કહાણી.

અંક પેહલો—પ્રવેશ પેહલો.

અસલાજીનુ મકાન.

[સુખલી સામાન નુછતી તથા ભીમ જોડા કાહડી ખુરશીપર પગ ચહડાવી બેઠેલો દેખાયછ.]

ભીમ—સેઠ કાં સધાયવાચ? ગેરમાં આવવાની વેલા થઇ ઑય તો ઉં જાઉં, નઇતો વરી કેસે સું સું ચોરીને આયપું ઑસે.

સુખલી—[ચિરડઇને] સેઠના નામ પરથીબી ઓવાયરો ! સેઠતો નઇ પણ પૈસાનો રખેવાલ તો ખરો. જો કોઇ ઓલકની કે ધૉબી સાથે વાત કરતાં જોય તો આપડા આત ગમી ને તેના પેટ ગમી જોયા કરે, કે રખેને કાંદા કે ચોખા ચોરીને આયપા ઑય !

ભીમ—બુઢ્ઢો બઉ ચીસો ! ખાય નઇ ને ખાવાબી દેય નઇ. એવી કંજુસઇને લિધેતો લોકોએ ઉકરડાનું નામ આયપુંચ. બયરૂં એ જિવતર ! [સુખલી બેસેછ.]

સુખલી—બેસ્તી બાવાનો રોજગાર આયવોચ ને એક રૂપ-ડીબી મારી પાસે નઇ મલે કે દરાન કરૂં!

ભીમ—બાવા રાતના સપનામાબી આયવાતા. ઊજરો ઘોત્તો વાગો પેરીને મારી સાંમે તગર તગર જોયા કરે.

[સુખલી વચ્ચે બોલેછ.]

સુખલી—મિઠ્ઠો ગારો મુકે ને લાગ્યા આઇસ ને ઉવા જ મરૂ! [આવરણ લેછ] સઉ ગૅરે બારે ! સઉં ગૅરે બારે !

ભીમ—મેં પુછયું કે "બાવાજી તમેં મૂગા મૂગા કેમ છેવ!" પછી ડાકું હલવીને બોયલા, કે "પોયરા ભીમ, તું મને ભૂલી ગિયો?"

સુખલી—એ બા રોજગાર આયવો કેની તેની યાદ આપવા બેસતી આવેલા! હું આજે સેઠ પાસેથી કંઇબી માંગુચ, તું રસ્તમદારૂને દરાન કરવા કૅજે બાઇ.

ભીમ—નાજી બાઇનો જીવતો તૅવો નથી, ત્યારે તૅવન કાં નઇ કંઇ આપતાં?

સુખલી—બાઇ તે સું કરે, ને ભાઇ તે સું કરે! સવારના ઉઠિયે તે રાતના સુઇયે તાં સુધી પૈસાની ને પૈસાનીજ પંચાત! "મને ખાઇ ગિયાં, મને લુટિ ગિયાં, મને મારી નાયખો!" એજ મારામારી! તૉબી બાઇનો જીવ સારો. નારે કૅસે કૅચ, પણ લુગડું લત્તુ, દારૂ દરમાસ આપુને બિચારી પુછેચ. થોડા દાડાની વાતપર બાઇ આંવાંહજત પગે પડવા ગેઇતી, ને પગ સડી જવાથી પાંણીમાં પયડાં! તુરત બિચારા કૅકોબાદ નામના પોયરાએ કપડાં સુધ્ધાં પાણીમાં ઓમાવી બાઇને ખેંચી કાયડાં ને ગૅરમા લઇ આયવો. સેઠ આવા ને આવા સખી, તેથી બી સુજીને રખેને દારૂનુ ગલાસ પાવું પડે, એવી બીકથી "ભાઇ માફ કરજો હં" કઇને ચાલવા માયડું.

ભીમ—ભલા આજમીએ ઉચકીને ઉકરડાપર નાયખા ઑતે તો ઉકરડામા ઉકરડો મલી જતે ને પીરા પત્તે.

સુખલી—બાઇ બિચારી ભલી, તે કૅકોબાદનો આભાર માયનો, ઓવરના લીધા, ને આતને આંખમાં ચાંપી બોયલાં, કે "ખરી બાયગસાલી અસતરી તે કે જેને તમારા જેવો પરોપકારી ભરથાર મળે." ત્યારે કૅકોબાદ બોયલા, કે "ખરો બાયગસાલી નર તે, કે જૅને તમારા જેવી આભાર માનનારી અસતરી મલે." એમ કઇ સલામ કરી ચાલવા માયડું. બાઇ તો તે દાડથી કૅકોબાદની વાખ વાખી કરી બોલવા લાગી કે, "પરણું તો કૅકોબાદ સાથેજ પરણુ. સુખલી, તું કૅકોબાદનુ ગૅર સોધી કાડ. કૅકોબાદના માય બાપ કોન છે તેની ખૉળ કાડ." એમ સવાર સાંજ કંટાળો આયપો. એક દાડ બાઇ બારિયે ઉભેલી, ને મૉહલામાંથી જતાં કૅકોબાદની નજર બાઇ પર પડી. બંનેએ સાએબજી કિધી, ને બાઇયે ઉભા રખાવી નામ નિશાન પુછાયવું. પછી બાઇયે બારવને એક ચિઠ્ઠી લખી આભાર

માયનો. કૅકોબાદે તેનો જવાબ વાચલો. ને એમ કરતાં ઑલખ પડવાથી બાઇયે મારી સલા લઈ ચાકરી સારૂ અસલાજી સેઠને અરજી કરવા કૅકોબાદને કૅહ્યું. કૅકોબાદે તેમ કીધું, ને સેઠે કૅકોબાદને ગેરમાં ચાકરી રાખ્યા.

ભીમ—આંવાંઇજતમાયે બૅહની વિનતી સાંભળી તો ઠીક થયું. પણ ઢાંખરા આગળ ભરમ ફુટ્યો, તો તારી પર ધાર નઇ આવે તેની સંભાળ રાખજે, બૅન. (અંદરથી અસલાજીનો અવાજ આવેછે.)

અસલાજી—બજા? બજા? કાંહ મરી ગયા? [બંધે ચોંકેછે.]

સુખલી—ચાલ ભાઇ, નઈતો વરી વૅમાસે, કે ભાઇને સું સું ચોરીને આયપુ ઑસે.

[બંધે જાયછે, બીજી તરફથી ગુલ દાખલ થાયછે, જેની પાછલ કૅકોબાદ આવેછે.]

કૅકોબાદ—ગુલા, બાવા આયાછે હં!

ગુલબાઇ—નહીં, પાછા ગિયા. બજાને હાક મારીને તરત હેઠે ઉતરિયા. [બંધે બેસેછે. કૅકોબાદ શરમાઇને સવાલ કરેછે.]

કૅકોબાદ—ડિયર ગુલા, જો તું ગુસ્સો નહીં કરે તો એક વાત પુછું, તું મ્હને ખરો જવાબ દેશે!

ગુલબાઇ—હું ત્હારી આગળ ખોટું બોલશ, હેવું વિચારવુંજ નામુનાસિબ છે.

કૅકોબાદ—થૅંક યૂં. ત્હારે તેં જે મ્હને કોલ આપી અપરમપાર સુખી કિધોછે, તે કોલને માટે શું તું પસતાયછે? જો એમજ હોય તો નાચાર અને દિલગીર થઇ હું તુને તે કોલમાથી છુટ્ટી કરૂંછ.

ગુલબાઇ—કૅકી, આપણ બંધેના સુખ સારૂં મેં જે કંઇ કિધુંચ, તેને સારૂં હું પસતાઉંછ, એમ જો તું ધારતો હોય, તો ખાતરીથી કેહુંછ કે મ્હારા જિગરની તુને પિછાણજ નથી.

કૅકોબાદ—ડિયર, આય ત્હારા સુખનોથી મ્હને મોહોટો સંતોશ હાંસલ થયોછે. તું ખાતરીથી જાણજે કે મ્હારા જેહવા મધ્યમ સ્થિતિ અને મધ્યમ કેળવણીના ગરીબ પર તેં જે જે આભાર કિધાછે, તેના બદલામાં અગત પડવે હું મ્હારો જાનબી ત્હારી પર કુરબાન કરવાને ચુકસ નહીં.

ગુલબાઇ—કેકી, તું ત્હારી લાયકી જણાવેછ. તેં જે મ્હારે સારૂ કિધુંછ, તે સાથે સરખાવતાં મ્હારો આભાર કંઇ બિશાતમાં નથી.

કેકોબાદ—પણ વ્હાલી ગુલ, મ્હારા જેવા એક મિસ્કીન સાથ પરણવાથી શું ત્હારા કંજુસ બાવા તેમજ સગાવાહલાં ગુસ્સે નહીં થશે? વલી દુન્યાં જે હમેશ, બિજાના કામમાં માથું ઓસેછ, તેની ચકચારની શું તું દરકાર નથી કરતી?

ગુલબાઇ—દુન્યાની ચકચારની મ્હને દરકાર નથી. આય જગમા ડાહપણને ઠપકો આપવાને મુર્ખાંઇ હમેશ આગળ પડેછ, પણ મુર્ખાંઇને ઠપકો આપવાને ડાહપણ હમેશ પાછળ રહેછ.

કેકોબાદ—ગુલાં, ત્હારા હાવા મક્કમ વિચાર માટે હું ત્હારો બહૂ આભારી છેઉં. [વિચારીને] વારૂ ડિયર, આપણી આય ધાર્ણાંમા ઓરશેદની મદદ તથા સલાહ લૈયે તો કેમ? તું જાણેછ તો ખરી, કે આજ કાલના સુધરેલા પારસી જવાનોના લખલુટ ખરચોની ઠેકડી કરી, ત્હારા કંજુસ બાવાજીને વારંવાર ખુશી કરવાથી, ઓરશેદ મ્હારી તરફ નાખુશ જણાયછ. વળી બુઢ્ઢાજીને મધન કરવા મ્હને તો હજી પણ જવાન્યાઓના ઢંગનો રકાસ કરવો પડશેજ, માટે ઓરશેદને આપણી મતલબથી વાકેફ કરવો જોઇયેછ. બાદ કદાચ ઓરશેદની મદદથી આપણી ધાર્ણાંને ટેકો મળે ખરો! [ગજવામાંથી કાગજ કહાડી ગુલાને દેખાડેછ.] લે ડિયર, ત્હારે માટે મેં આય ગાયન બનાવ્યુંછ. [ગુલાં જોઇને પાછું આપેછ.]

ગુલબાઇ—જરા તુંજ ત્હારા મિઠા સરોદથી ગાઇ સમ્ભલાવ.

કેકોબાદ—ઠીક છે. (કેકોબાદ ગુલાની તારીફમાં ગાયછ.)

પહાડી—ઠુંમરી—ચંદા પલ પલ બહિ જાના—રાહ.

છૂં હૂં બુલબુલ, ગુલ તૂં છે આ [1]ગુલ બુટી,
રૌનક ગુલિસ્તાંની કૌને ભરી [2]છાની!—ફુલ ફુટી.—છૂં.

ફરવા ચમન જાના, નિકલી [3]ગુલેરઅના,
ખીલી કલી દાંના, ફાડી જિગર ખાંનાં—બૂ છુટી.—છૂં.

---

[1] ફૂળની કળીની બાંધેલી ગુરી. [2] ચુંટી ચુંટીને.
[3] ખુશનુમા ફૂલ.

[4]લાલા થયું દાગી, શરયે પન્હાં માગી,
[5]સબ્જી રહી જાગી, લ્હેકી ગઈ ભાગી—સર ફુટી.—છું.
[6]નર્ગીસ રહ્યું રોઈ, [7]ઓસે ચશ્મ ધોઈ,
"રોશન" કહ્યું જોઈ, હાયે! ગયું કોઈ—દિલ લુટી.—છું.
[ગુલા તાલી મારેછ.]

ગુલબાઈ—ઠીક છે. હવે મેં એક બનાવ્યુંછ, તે હું ગાઇ સમ્ભલાવુંછ. [ગુલા કેકોબાદની તારીફમાં ગાયછ.]

નકટા—ગત.

બુલબુલ ત્હારી આમદે તું બ્હાર લાયું [8]ગુલશનમાં,
ગુલના દિલપર રંગતી બસ નૂર છાયું ગુલશનમાં—બુલબુલ.
રૈનક તુંથી બાગમાં છે, નાજ તુંથી સબજીમાં,
ચટકી રહિ બસ "ગુલ" કલી તેં ગીત ગાયું ગુલશનમાં—બુલબુલ.
[9]શોખી આજે જોઇ, બ્યારે શોખ ત્હારી ચશ્મોની,
નર્ગીસ આંસૂ નીરથી બસ ખૂબ ન્હાયૂં ગુલશનમાં—બુલબુલ.
લાલી લબની જોઇ તો બસ ફાર ખાઇ લાલાએ,
સુર્ખી સારી ખોઈ દીધી મૌત સ્હાયું ગુલશનમાં—બુલબુલ.
મનમોહન મહતાબ મુખડા આય ત્હારા "રૈશન" પર,
સૂરજ મુખ્ખી ફૂલ લાજે બહુ લજાયું ગુલશનમાં—બુલબુલ.
[કેકી તાલી આપેછ.]

કેકોબાદ—ઘણુંજ સરસ! વાહ! [સાંમે જોવાથી] ડિયર, ખોરશેદ આવેછ. હું સટકી જાઉચ હં, જો લાગ ફાવે તો વાત છેડજે.
[કેકોબાદ જાયછ. ગુલાં તેની તારીફ કરેછ.]

ગુલબાઈ—કેહવો ભલો ખવાસ! માતબર, પણ બેઅકલી સાથે પણ્યા કરતાં ખરૂં સુખ અને જિન્દગીની ખરી મૌજ મઝા તો હાવા ગરીબ પણ હિતકારી ખાવિન્દની ધણ્યાંની થવાથી મળી શકે! આજના પારસી મા બાપતો બંગલાઓમાં રહેતા અને બે ઘોડાની ગાડીના ઠાઠમાઠવાળા છોકરાઓ સાથે પોતાની બેટીઓને પરણાવામાં

---

[4] એક જાતનું લાલ ફુળ. [5] લિલોતરી.
[6] એક જાતનું ફુળ (આંખની ઉપમાં) [7] દવ. [8] બાગ. [9] બેપરવાઈ.

તેઓના ભવને સુખમાં નાખેલા સમજેછ! પણ તેઓ કાંહ જાણેછ, કે દોઇજ માતબરને તાંહ જોઇતું સુખ મળી શકેછ. કેકી, બાહેરા, પ્રમાણીક, પણ ગરીબ છે. દુન્યામાં હેવા બાહેરા પણ ગરીબ જવલેજ ફાવેછ. જ્યારથી કેકી ઘેરમા આયોછ, ત્યારથી કંઇને કંઇ બાબદ પર વર્તમાન પત્રમા બાવાને નામેં લખાણ મોકલેછ, તેની જાબજા તારીફ થાયછ પણ કેકીના નામથી જો તે લખાણ મોકલવામા આવ્યું હોય, તો ગરીબઇને લિધે તેની ડુંકડી થાય! બાવાજી કંજુસ હોવાથી ઘણા એક ઉકરડાના એલકાબથી હશેછ, અને પૈસાને ખાતર મોહડાંપર જુઠું માન આપી તારીફ કરેછ. પૈસા! પૈસા! ત્હારૂં મિઠું અને અજમતી નામજ મોહડાંમા પાણી લાવવા માટે બસ છે. ત્હારે માટે બનેલા શબ્દોની શક્તિજ મોજેજાતી છે, કે જે શક્તિમા સર્વે મોતબરી તથા નામવરી સમાયલી છે.

[ખોરશેદ આવી ગુલ પાસે બેસેછ.]

ખોરશેદ—ગુલા, એક ઘણીજ અગતની તથા છુપી વાત મ્હારે ત્હારી આગળ કરવિછ, અને તે માટે ત્હારી સલાહ ને મદદની મ્હને જરૂર છે.

ગુલબાઇ—ખોરશેદ, શું સલાહ ને શું મદદ જોઇયેછ?

ખોરશેદ—દાનાવોની નસીહત છે કે, ઔરતને છુપી વાત કેહવી તે ગોયા બીજે દિવસના વર્તમાન પત્રોમા જાહેર ખબર આપ્યા બરાબર છે. તો પણ ઔરત ઔરતમાખી ફરક છે. પાંચ આગળાં કંઇ સરખાં નથી. તું મ્હારી હેતવંતી અને વિશ્વાસુ બેહન હોવાથી ત્હારી આગળ મ્હારો ભરમ ખોલવાને હું ડરતો નથી. ગુલ, જે "પ્યાર" નામના બોલ માટે વારંવાર ત્હારી સાથે મ્હને તકરાર થતીતી, ને મ્હારા ઇનકારથી તું મસકેરી કરી હસતીતી, તે પ્યારે અંતે મ્હારી પર જાલ નાખી મ્હને ફસાવી બેચેન બનાવ્યોછ.

ગુલબાઇ—[હસીને] સાહેબજી! કાંય ભઇ? પ્યાર બોલ તો નાટક તથા વાર્તા લખનારાઓનો કલ્પિત બોલ છે, એમ તું બોલ્યા કરતો હતો, ને આજે એમ કેમ?

ખોરશેદ—બેહન, બોલવું સેહલ છે પણ કરવું મુશ્કેલ છે. દુન્યામા આજે શું ફેરફાર નથી થતા? જે પારસી સુધારકો આગળ અસલી વિચારનારાઓને હસતાતા, તેઓ પોતેજ આજે અસલી વિચારના

૫૦૫૮

થયાછ. ને જેવા સુધારાવાલાઓને ગાળ દેતાતા, તેવોજ આજે સુધારાવાલા બન્યાછ. તેમજ, મ્હારી હાલત ને વિચારમાબી ફેરફાર થયોછ. જેણીએ મ્હારૂં દિલ હરી લેવામા ફતેહ મેળવીછ, તેણીના દિલપર જહાંસુધી હું જીત મેલવશ નહીં, ત્યાં સુધી કદી જંપીને બેરાવાનો નથી.

ગુલબાઇ—પણ બોલ તો ખરો, કે ત્હારા મનના મજબુત કોટપર ફત્હે મેલવનાર કૌન દિલેર છે?

ખારશેદ—તે એક મધ્યમ સ્થિતિની, ખૂબસૂરત, હસમુખી અને બાહોશ પુતલી છે. તે કૌન? એક ઇરાનીની છોકરી! ત્હારી સહિ શીરિન!

ગુલબાઇ—શીરિન! [હશેછ.] તેંબી ડુંગર ખણીને જબરો ઉંદર શોધી કાહડયો! જેટલી તું ધારેછ, તેટલી ખૂબસૂરતી કે ખુબી તેનામા નથી. સુધારાવાલા કેહછ કે છોકરાવોને મ્હોટા થઇને પોતાને મન પસંદ બૈરી લાવવા દેવો, પણ જે તેવો આય હકનો હાવોજ ઉપયોગ કરે, તો આપડો અસલી રેવાજજ સરસ. તો પણ તું કેહછ તેમ, જાંહસુધી તું તેણીની પર જીત મેલવશે નહીં ત્યાં સુધી કદી જમ્પીને બેરાનાર નથી, તો ત્હારૂં આય કાજ નક્કી કરવા સારૂં હું બાવાજીને સમઝાવશ. પણ હું નહીં ધારતી કે બાવાજી એ વાતને મંજુર રાખશે. પેહલાં તો તેવણ પોતેજ જાણે પણવાના હોય, તેમ કાજ લાવનારાઓને પુછેછ કે, “કેટલા હજાર આપશો?”

ખારશેદ—ખરી વાત. બળ્યો આજનો પારસી સંસાર! અફસોસ! કે જે દલદરો પોતાના બેટાઓને મ્હોટી બીડ કરનારને વેચાતા આપેછ, તેવોને પોતાની નિર્દોષ બેટીઓ માટે જરાબી ખિયાલ નથી આવતો! પણ ઘણું થાયછ તે થોડાનેજ કાજે. વખતનો મરતાન દેવ, આય બદીનેબી જલ્દી દફે કરશે. બાવા, મ્હારી વાત નામંજુર રાખશે, એ ત્હારા વિચારને હું મળતો થાઉંછ. હું જાણુંછ, કે [illegible] એક મ્હોટું હક્કતેખાન છે, તોપણ ત્હારાં ડાહપણ સાથની મદદથી તે [illegible] કરવાની કંઇ આશા રાખી શકાયછ. મુશ્કેલીમાં ઘણી [illegible] આરતની મદદથી કામ આસાનીથી પાર ઉતરિયુંછ.

ગુલબાઇ—ફિકર ના કર, હું બાવાજીને કોઇ તદબીરથી સમ-

આવીને ત્હારૂં કામ પાર પાડી આપશે. પણ તેના બદલામાં એક હેવાંજ કામમાં મ્હને ત્હારી મદદનીખી જરૂર છે.

અસલાજી—[અંદરથી] નિકલ સુવ્વર, વલી સામ્મું બોલેછ? ત્હારૂં કારૂં કર!

ગુલબાઈ—વલી કૌન પર ચિરડાયા?

ખોરશેદ—મ્હારા બજા પર! બસ તેને જોતાંજ છીટાં થાયેછ, કે હરામનો પગાર આયછ.

ગુલબાઇ—એવન તો હમેશનાજ હેવા છે. ચાલ જરા બાજુ થઈ જૈયે, નહીં તો વલી ચોપડી કાહડશે. ઠંડા પડશે ને આવશું.

[બંધે જાયછ, અસલાજી ફફરતા દાખલ થઈ બેશેછ.]

અસલાજી—હેનું ખાંનુ ખરાબ થાય દુકતાનુ! કમઈનાતો જેહવા જોઇયે તેહવા કોથળા, ને વલી પોતાને સારૂ એક ખાસ ચાકર જોઈયેછ! બાપ બપાવાના વખતમા આખ્ખાં કુટુમ્બને પેહડવાને કપડાં પુરતાં પડ, તેટલાંતો આજના વખતના એસ્કી પોરિયાવોના ખાસ ચાકરોને જોઇયેછ! એ મોહકાંણે તો હું ખાખાવરખો થઇ ગિયો! એવા ઉડઉ દિકરાનો જનમ આપવાને બદલે, બેહસ્તન આસીબાઇ વાંહજણીજ મરી ગઈ હોતે તો સારૂં. આજના વખતમાં પૈસા પેદા કરતાંતો લોહીનુપાણી થાયછ! આગલા વખતમા વ્યાજે આપેલું નાણું લોકો ઘેર બેઠાં પાછું આપી જતાતા, ને આજે માંગતાં માગતાં જબાં ઘસાયછ, ને જોડાના તળ્યાં ફાટેછ, ત્યારે ધમ દઈને વ્યાજ તો સેંકડ પચ્ચીસ ટકાજ મળેછ. જામાસને ધિરેલા રૂપ્યા પંદર સોના વ્યાજ સુદ્ધાં રૂપ્યા ત્રણ હજાર, દમ ભરાવતાં ને ધકેલા ખાતાં, આજે આર મહિના થયા, ત્યારે હાથમા આયા. ન્યુસ પેપરો તો બાંકાં ફુકેછ ને મ્યુનિસિપાલિટીને ભલામણ કરેછ, કે ગરીબોને નાણું ધિરનારી બેંકો હુંધાડો. શું કપાળ! હુગરાંણી કરવા કોણ, કારપોરેટરો મ્હારી માફક ફેરા ખાશે, ને જોડાના તળ્યાં ફાડશે! તેના કરતાં સુગા સુચા હુંઇ રેહતો તો સારૂં!

[અસલાજી નોટ ગણેછ, ગુલા તથા ખોરશેદ આવેછ, અસલાજી ઘભરાટમાં નોટ ગજવામાં મુકેછ.]

ખોરશેદ—કેમ બાવાજી, શું છે! વલી કુડતાતા કાંય!

અસલાજી—[સ્વગત] મોહકાંણ! [ખોરશેદ તરફ] નહીંબા કંઇ નહીં. [સ્વગત] રૂપ્યા જોયા હોશે તો સાબાન મુકાવાનું! [ખોરશેદને] હું એમ વિચાર કરતોતો કે હાલના કડકાકડકીના વખતમાં જો રૂપ્યા તણ હજાર હોય, તો બંગાળની સુબાની બાણ ખોદનારી કમ્પનીઓના શેરો લઉં.

[ખોરશેદ અસલાજીની ગત માટે
ગુલાને ઇશારાથી વાકેફ કરેછ.]

ખોરશેદ—જો ફાયદોજ જણાતો હોય તો કાંય નહીં કોઇ મારવાડી પાસેથી વ્યાજે કહડાવતા?

અસલાજી—[ચિરડઇને] વ્યાજે કહડાઉં? અરરર! આય દુકતોતો કેથો મ્હારો પેલા ભવનો દુશમન છે. મારવાડી, ને વ્યાજમાજ મરી રહોછ! કોઇ દાહાડે મ્હારૂં નખ્ખોદ વાલવાનો! [કપડાં જોઇને] અરે આય કપડાં આપડા જેહવા ગરીબને છાજે? જો એ કુકરભાવે વેચાય, તોબી હેના રૂપ્યામાથી કોઇ ગરીબ આખ્ખી જિન્દગી સુધી એકાંત વાસમાં બેશી કુરકુર ખાયા કરે! પણ તું બેઠોછ તો હરામપર, ને એ એસ્કી કપડા લાવેછ કાંહથી? તિજોરીને કુંચી લગાડવા કોઇ મુસાભઇ, કરીમભઇ હોરાજીને ગાંઠી બાંઠી રાખ્યોછ શું?

ગુલબાઇ—બાવાજી, એ રાખેતાનું પીંજણ માંડીવાલો. હમેં એક ઘેર સંસારી અગતની બાબદ ત્હમુને કેહવા માગિયેછ.

અસલાજી—ને હુંબી તમુને કંઇ અગતની વાત કેહવા ચાહુંછ. વારૂં ખોરશેદ, ગુલાની સહી શીરિન વિશે ત્હારૂં શું મત છે?

[અસલાજી પોતાને માટે પુછેછ અને ખોરશેદ
પોતાને માટે સમજી ખુશ થાયછ.]

ખોરશેદ—ઘણુંજ સરસ! ઘણી લાયકીવાલી, ચંચલ ને રૂપાલી છોકરી છે.

અસલાજી—જો આપડ તાંહ કાજ કરિયે, તો જોડું ઠીક કેહવાય કેની!

ખોરશેદ—હેવું ભાગ્યશાલી જોડું કદાચજ જોડાય!

અસલાજી—પણ એક વાતની ફિકર છે, કે તેણી પાસે ડહ્લો નહીં મલે !

ખોરશેદ—બાવાજી, પૈસા નથી તો શું થયું ? તેણીની ઉત્તમ ખુબી તરફ નિગાહ કરો. ખુદા ખાતર પૈસાની જેહવી નિરજીવ ચીજ સારૂં ત્હમારી ધારણા માડી ના વાલતા. ખુબસૂરતી અને ખુબી આગળ પૈસા કંઈ બિસાતમા નથી.

અસલાજી—વારૂં ત્હારે, તું જો ત્હારૂં લખલુટપણું છોડી દેય, તો શીરિન આપડા ઘેરમાં આવવાથી ખરચમા જે વધારો થશે, તેમા થોડો બચાવ થઈ શકશે.

ઓરશેદ—બાવાજી ત્હમેં કેહશો તેમ ચાલશ, ને કરકસરખી ઘણી કરશ. [ગુલાને બાજુપર] બાવાતો પોતાની મેળે રાહપર આયાછ હં !

અસલાજી—વારૂં ગુલા, તું જાણેછ કે એ શીરીન કંઈ દુખી રોગી તો નથી ? નહીં તો વલી ડાક્ટરની દવાની પીડા માથે નહીં પડે, ને સેરવા પાણીનો ખરચ નહીં વધે !

ગુલબાઈ—બાવા, "દિકરી સગણ બોલ, તો કેહજે બાપના ખેતરમા બલા પાકે." તેમ ત્હમેં શું બોલોછ ? મુહરતમા તેને રોગી શાની બનાવોછ ? જેહવી જોઈયે તેહવી શીરીનતો તનદરોસ્ત છે.

ખોરશેદ—અરે મ્હારા જેહવા સુકટને તો તમાચામાજ ગોલાંટિયું ખવાડ.

અસલાજી—પોલકામા જણસનું તો ઢાંકણું ધંકઈ જશે, પણ પાંચ ને સાત રૂપીઆના બૂટની બલાનું કેમ કરિયે ? સમજાવશું તો સપાટ પેહડશે કે નહીં વારૂં ?

ખોરશેદ—પાછલથી તે સઉ થઈ રેહશેર બાવા ! ત્હમેં નક્કી તો કરો !

અસલાજી—અરે નક્કી કરતાં વાર કેટલો ! પણ સબર, પેહેલાં મ્હને એ જણાવો કે કંઈ ખાધાનો અભખરો તો નથીની ? નહીં તો રોજના એ ધકારાથી હું ધપી નહીં જાઉં !

ગુલબાઈ—બાવાજી, નકામા ના બીહોરે ! નહીં ખરચ થાય ! [ઓરશેદને] લે ઓરશેદ, આપડ ધારિયુંતું તેતો પોતાની મેળેજ પાર પડછ.

અસલાજી—ઠીક છે, જ્હારે તમેં બંધે રાજી છેવો, ત્હારે શીરિન સાથે મારાં લગન કરવા હુંબી ખુશી છેઉં.

[શીરિન તથા ખોરશેદ ચોંકેછ અને અજબ થાયછ.]

ખોરશેદ—ત્હારે તમેં જે આટલો વાર વાત કિધી, તે ત્હમારે સારૂં કે મારે સારૂં ?

અસલાજી—મ્હારે સારૂંજતો ! ત્હારે તું શું ત્હારે સારૂં સમઝતો તો કે ? એ ખાંન શું ખાયછ ? જરા લજવા !

ખોરશેદ—હું લજવાઉં, તેતો ખરી વાત છેની,–પણ ત્હમારી ને તેણીની ઉમ્મર વિશે લોકો શું બોલશે તેનો કંઇ વિચાર કિધો ?

અસલાજી—શું બોલશે ! કંઇ કોઇની ચોરી કિધીછકે ? ત્હારે બંગાલી બાબુ ને કેટલાક હિન્દૂઓ તેર વરસની કણ્યા સાથે રાહટવાટ કરવાની તકરાર કાંય કરેછ ?

ગુલબાઇ—બાવાજી, તે વાત જુદી ને આપડી કોમની વાત જુદી ! કોઇ ટુપી ખાય ને શેહરમાં ફરવું વસવું ભારી પડ !

અસલાજી—હં ! ત્યારે જુવાન છોકરાવો જુવાન છોકરી પરણે, ને બુઢ્ઢાઓએ શું ચોરી કિધી ? ખોરશેદ પરણે તેનું કંઇ નહીં, ને હું પરણું તેમા એબ થઇ !

ખોરશેદ—[ચિરડઇને] ત્હારે પંચાત છોડી દઇને ટુકાંમા કેહવાની, કે શીરિન સાથે પણવાનો ત્હમેં પક્કો ઠેડાવ કિધોછ.

અસલાજી—[ચિરડઇને] હા, હા, હા, ને તે હું, હું, હું.

ખોરશેદ—બસ, હવે ત્હમેં વધારે ના બોલો ! મ્હને નથી સાંભળવા ગમતું ! અફસોસ છે કે ત્હમેં મ્હારા બાવા છેવો !

[ખોરશેદ ગુસ્સામાં ચાલી જાયછ.]

અસલાજી—હું પરણું તેમાં એને સાનું દુખી આવ્યું ? તોબા ! [જોડા નાકને ઘસેછ] આજનો જમાનોતો જોવો ! બાપની દિકરો અદેખાઇ કરે, ને બાપે કરવા ધારેલી બીજી બૈયર પર દિકરો તરાપ મારે ! [ગુલાને] હું કંઇ મ્હારૂં એકલાનુજ નક્કી કરીને બેશાતે ? મેં હેને સારૂંબી નક્કી કરી રાખ્યુંતું ? વલી બાઇ પાસે નાણુંબી સારૂં છે. છેતો વિધવા, પણ ફરજંદ એક નથી એ ખુશી થવા જોગ છે.

ગુલબાઇ—બાવા, ત્હમેં કુંવારી સાથે પણવા નિકળ્યા, ને બઇને રાંડીરાંડ સાથે પરણાવો, એ શું સારી વાત છે? જોઇયેતો ગુસ્સો કરો, પણ હું સાફ કેહુંછ, કે એ ત્હમારા જેહવાને ઘંડું ઘડપણ છાજે નહીં. ને તે કરતાં ત્હમેં જો પક્કો ઠરાવ કિધો હોયતો ત્હમેં મુખત્યાર છેવો. પણ ત્હમારો બંદોબસ્ત કરવા આગમચ મ્હને પરણાવવાનો બંદોબસ્ત કરજો, નહીંતો મ્હને પરણાવવાની આસાજ છોડજો.

અસલાજી—દિકરી, ત્હારે સારૂંબી મેં વાત કિધીછ, ને ઘણી ખુશામદે આપડી પડોશના પીઠાંવાળા કાંહનજીભાઇના દિકરા ઉક્કરજી સાથે ગોઠવણ રાખીછ.

ગુલબાઇ—[ચિરડઇને] શું? ઉક્કરજી કાંનફૂટિયા સાથે મ્હને પરણાવા નિકળ્યાછ?

અસલાજી—કાય, શું છે? જરા ઉમ્મર વધારે છે તેથી શું થયુ? ઘેલી, ઉક્કરજી પાંચ પૈસે સુખી છે, ને તેના બાપનું વલી ઉરનમાં મ્હોટું ફર છે.

ગુલબાઇ—તે ફરમાં નાખવા સારૂ મ્હને આજ સુધી ઉધારીતી કે? મેં ખંતીલી થઇ કેળવણી લિધી, તે શું હાવા બુતારા પાસે ઘોવાડી નાખવા કે? જો હાલનો સુધારો હેવી હાલત પરજ આયો હોય, તો આપડી અસલી હાલતને સો ભલાઇ! અસલના મા બાપતો ખાનદાંન તરફ જોતાંતાં, પણ હાલના લાલચુ ને ધાટકી મા બાપતો પેહલાં પૈસા તરફ પોતાની લાંબી નજર દોડાવેછ! બાવા, ત્હમારે ગમેં તે કરો, પણ એ બુબક પિઠાંવાલા સાથેતો હું કદી પણનાર નથી. મ્હને પ્રમાણિક, સાદા, અને સ્વચ્છ પ્યારની ખૂબી જાણનાર ગૃહસ્થ સાથે પરણાવા માગોછ, કે પૈસા સાથે!

અસલાજી—આજના વખતની દુકતીઓતો બસ હાથ્થીજ ગઇ! અરે રાંડ અભાગણી! ત્હારી માય શું મ્હને પ્યાર કરીને પરણી આવીતી કે? હું કિયો મરટીક્યુલેટ ને એમ એ ડી થઇ સુવોતો. હાવાજ મ્હારા જોડા, હાવીજ મ્હારી પાઘડી ને હાવીજ ઇજારપર ત્હારી બેહસ્તન માય મ્હને ઓવરણા લેતી આવીતી. જા રાંડ, મુગી મુગી મર, નહીં તો પસતાશે! ઉક્કરજી બાહારથી જેહવો સાદો છે, તેહવો દિલથીબી સાદો છે, ને તેજ સાદું ભોજન પણ સુખથી ખવાડશે, જ્યારે આજકાલના સીએલા ને ટચાક પોરિયાતો અરરર મરરર આનજી ને

મળવામાં તો રામજી! ઘેરમાતો વાંસ ફેરવેતો હાલ્લું નહીં નડે, ને વલી આજે એક સાથે કબૂલ થઇને કાલે બીજીના પ્યારમાં પડી મરે!

ગુલબાઇ—બાવાજી, ત્હમારી કેટલીક વાત માણવા જોગ છે. પણ આય અઘોર ઉમ્મરના ઉક્કર સાથે પણવાના કરતાંતો હું મ્હારો ભવ કુમારીજ હાલતમા ગુજારશ. [કેકોબાદ દાખલ થાયછ.]

કેકોબાદ—શેઠ, કેટલાક દલાલ તમોને પુછેછ.

અસલાજી—જોની કેકોબાદ, આય હટીલી દુકતીને કંઇ સમઝાવની! આપણા પડોશી ઉક્કરજી સાથે હેને પરણાવા માગુંછ, ને એતો અભાગણી સમઝતીજ નથી? આજનો વખત કેવો બુરો ને બારીક છે! ઝેર ફાકવાની મારી પાસે હરઘીબી નથી, કે જંજાલમાથી છુટો થાઉં! ને તેહવા વખતમા એક રૂપીઓબી ખરચવો નહીં પડે, હેવા ખાવિન્દ સાથે ગુલ જો પરણે, તો હેવી સત્તર છોકરીબી મારા જેવા ગરીબ માબાપને બારી નહીં પડે.

કેકોબાદ—ખરી વાત છે, શેઠ. આજે હેવાં કિયાં પારસી માબાપના સારાં ભાયગ કે પોતાની છોકરીઓનો મફત ઉઠાવ કરે. ગુલબાઇ, બાવા કેહછ તેમ ચાલો, કે કંઈ નહીં તો બે પૈસે સુખીતો થશો. [સ્વગત] રએને કંઈ આટો બાકે!

અસલાજી—આગલા જમાનાની કેહવત છે કે "પૈસા મળે પણ માય બાપ નહીં મળે," પણ આજના જમાનામા માય બાપ મળેછ, પણ પૈસા નથી મળતા! પૈસાને ખાતર કોઇ માય તો કોઇ બાપ થાયછ તેના દાખલા જોયાછ કે નહીં? હું પેલાઓ સાથે વાત કરૂંછ તેટલાં જરા હેને સમઝાવ, બઇ! હું ઇચ્છુંછ કે મ્હારા છોકરા છોકરીમાં ત્હારા જેહવી અક્કલ આવે.

[અસલાજી જાયછ. બંધે અફસોસના ચાળા કરેછ.]

કેકોબાદ—ગુલા, ત્હારા ઘેર સંસારની હાવી હાલત જોઇ આપણી પવિત્ર આશા વિશે મ્હને બહુ ફિકર લાગેછ!

ગુલબાઇ—ફિકર કરવાનુ કંઇ કારણ નથી. આપણી દાનત સાફ છે, તો સઉ સફળ થશે. નસીબ દેવીના રૂઠવાથી કદાચ આપણા સુખના સમયની ઢીલ થાય, પણ પવિત્ર આસમા નિરાસ કરી પરવરદેગાર કદીબી આપણી ઉમ્મેદને ભ્રષ્ટ થવા દેશે નહીં.

કેકોબાદ—શાબાશ! અબળા કેળવણીની વિરૂધવાળાઓને ગમેં હેવા બકબકારા કરવા દેવો, પણ અબળા કેળવણી જો ત્હારાજ જેહવી પારસી છોકરીઓ ઉતપન્ન કરે, તો તે કેળવણીના કોટને દુશમનોનો નબ્લો મારો સેહજબી ધ્રુજા કરનાર નથી.

ગુલબાઈ—ચાલો. ડિયર, ચાહે પીજિયે.

કેકોબાદ—ખરેખર ચાહેનો વખત થઈ ગિયો.

[બંધે જાયછ. બીજી તરફથી ખોરશેદ તથા બજો દાખલ થાયછ.]

ખોરશેદ—પણ કંઈ વળશે ખઇ કેની?

બજો—હેઠ બોલતાજ રએ! પૈહા માગવા કોઇના ઘેરે જવાને બદલેતો લઇ કરીને જમને ઘેરે જવું ભલું. વ્યાજ ખાઉ હાથે વાત કરવી તે લઇ કરીને હેતાન હાથે માંથાં ફોડ કિધા હરખી છે.

ખોરશેદ—ત્હારે જલદી ભોંસી મરની કે રડતો આયોછ! "મિયાં રોતા કયૂં? તો સુરતહી અયસી." સુવો તું કામનો કરતો! સુવો ભાખરો તે ભાખરોજ!

બજો—પણ હેઠ, હાંભરહો, કે લઇ કરીને "અડા ધડા મે વહુ પર આવીને પડા," તેમ કરહો!

ખોરશેદ—પણ પાનાચંદતો હાત તાલી નહીં આપતો હોય? એ હિલા બહાના કેમ દેખાડછ! આજે આવજે, કાલે આવજે, એમ ધકેલા કાંય ખવાડી મરેછ?

બજો—અરે પાનાચંદતો બિચારૂં બહુ હારૂં માણહ. લઇ કરીને ત્હમારે હારૂં હરાફને કેહલું કે, "હેઠ બહુ ચોખા માણહ. દીવાની જોત જેહવા. ને કાચમાં કચરો પણ હેઠમા નહીં. ધીરધારમા તો હેવા હુશ્યા કે બાંયણાના ઉંબર પર નાણું મુકી જાય. હેઠના બાવા પાહે છાંયડાઓ બહુ, ને વલી ભરતી ભરઇ રહેલી તેથી જે વખત વેહ તે તાકો ઘડી કરવાનોજ હમજવો." પણ પેલો હરાફતો કેશો પેલા જમાનાનો કાહરન જિવતો થઇ આવેલો! હેનું હત્યાનાહ થાય હેનુ, મખ્ખી ચુહ હૂમનુ, તે કંઇ હેવી હરત કરવા માગે, કે લઇ કરીને મ્હનેતો યાદએ ન્હીં મળે.

ખોરશેદ—અરે લાવની, જે શરત કેહ તે લખી આપું. બાપ

મરે બમના લખી લેવા માગતો હોશે, વલી બીજું શું? પાંચ હજારના વ્યાજ સુધ્ધાં દસ હજાર લેશે, એજ કેની?

બજો—આજે પાનાચંદે તમને પોતાને ઘેર બોલાવેલા, ને લઈ ફરીને હેરાફેરી આવવા કેહલું. પછી તમારે છે તે મોહોડે મોહડું વાત કયરા પછી જાણહે કેની, કે ત્હમેં તો હહલાજી ઉકરડાના પોયસા છો, કે તરતજ નાણું કાહડી આપહે.

ખોરશેદ—ત્હારે તે શું હજુર મ્હને ઓળખતા નથી કે? [સાંમે જોઇને] ઓ લેવો; પાનાચંદજ સામ્મેથી આવેછ. આવો પાનાચંદ.

[પાનાચંદ દાખલ થાયછ, બજો જાયછ.]

પાનાચંદ—શેઠ શાહેબ.

ખોરશેદ—કેમ કંઈ કામ થશે કે?

પાનાચંદ—શું કરિયે, આપણાથી તો બનેછે એટલી મેંનત કરિયે છિયે. પછી તમારૂ ભાગ્ય! શરાફ છે તો પારસી, પણ બહુ કંગાલ ને હીણ છે. હેવો કંજુસ તો જવણેજ શોંભળશો. કટલી ભાંજગડ કરવા પછે થોડીક બોલીથી નાણું આપવા કિધું છે. તમારા શામ ખરશદજી શેઠ, મને બહુ મેંનત પડી છે.

ખોરશેદ—મેહરબાની. ત્હારે ત્હમેં જે કબૂલ કિધું તે મ્હને-બી કબૂલ છે. ત્હમેં જલ્દી રૂપ્યા લાવો, મ્હને ઘણીજ અગત છે.

પાનાચંદ— અરે એમ તે કંઇ નાણું કાઢી આળવાનો છે? "બન્યા એશા ક્યા ભોલા કે લવંગમેં પેશા તોલા!" તેતો પેલાં તમોને આંખોએ જોઇ પતીજ કરવા મોંગેછે, ને પછે ત્રણ હજાર આલી, વ્યાજ સુદ્ધા પોંચ હજાર લખાવી લેવા મોગેછે. વ્યાજમા પણ મેં ઘણા કઢા કરાવ્યા છે હોં? મારી મેનતની દલાલી હું કંઇ ઘણી નથી મોંગતો, તમારે જોઇયે તે આળજો. જાવ, પોંચશો રૂપ્યા આળજો, બશ. આપણેતો કોકનું કામ થાય ઇમા આનન્દ.

ખોરશેદ—શું ધાર આવી! તન હાજારમાથી પાંચશો તું લેવા માગેછ, ત્હારે બાકી શું રેહશે? વાહં જા મરની? જલ્દી લાવની યાર!

પાનાચંદ—અરે હા એક અગતની વાત કૅતાંતો ભૂલી ગયો. ધ્યાન તે ક્યાં ક્યાં રાખિયે!

ખોરશેદ—શું હજુરખી કંઇ કાતર મુકવીછ કે ? હવે તો આય એકું બફેનુંજ ખાશે હં.

પાનાચંદ—નારે ! વાતમાં કંઈ દમ નહીં મળે ! શરાફનુ નાણું શેરોમા રોકાવાથી રૂપ્યા બે હજારનો અવેજ આળવા કેહછે. [ગજવાંમાંથી કાગજ કાહડીને] આ રહી તેની ટીપ. [વાંચેછ] કેટલુંક ફાનીચર જે બહુ ટકાઉ છે, પણ માત્ર ખુરશણને ઉધઇ લાગવાથી લેનિલ ખરાબ થઇ છે, તથા કટલીક ખુરશીની નેતર ટુટી ગઇ છે. ધોહ્યો નકશીનો છે, પણ માંકડા મારવા પડશે. બાકી સર્વ રીતે ગોદાંઉમાં મુકવા લાયક છે.

ખોરશેદ—એતો કોઇ મ્હારા ઢાંખરાનેબી ભુલાવે હેવો નિકલ્યો !

પાનાચંદ—આગળ શોંભળો. દેવાનાંખાંનાની થોડી આરશીઓ, જે છેતો જોવા જેહવી, પણ માત્ર હવા લાગવાથી રંગ ઉડી ગયોછ. કટલીક લડાઇની આરશીઓ પણ છે, જે જોવાથી નવા વાલ-ટીયરોએ ઘેરમા બેશાવું કે મનીપુરની લડાઇમા જવું, તે ઠેડાવ કરી શકાશે.

ખોરશેદ—એ અવેજ આપી મરેછ, કે જરી પુરાનાવાલાનો કચરો આપી મરેછ ?

પાનાચંદ—આગળ શોંભળો. કટલોક જુના પુરાના શફેદ લુગડાંનો મ્હોટો ગોસડો, જે મરણ વેળાએ બાંધિયા નશાશાલને આપવા માટે કૉમનો થઇ પડશે.

ખોરશેદ—અરે તું અવેજનો આપતો મરેરે ! બાંધિયા નશાશાલનું કામ ત્હારે ત્હાંજ પડે, ને ત્હારો દિકરો મરે ત્હારે તુંજ વાપડી મરજે ! આય પારસો તો મારવાડી, બલકે મધરાસી ચટ્ટીનેબી હટાવે હેવો નિકલ્યો ! [પાનાચંદને] વારૂં ઢાંખરાને એકુ છોકરો છે કે ?

પાનાચંદ—પરમેશ્વર જાણે, શૉભળો. કટલાંક ધરમના ફંડના હિસાબના જુના ચોપાન્યાં, નોંટકના હેંડબીલ અને મુમ્બઈ દોસ્ટ, તથા ઇવાજ બીજાં વર્તમાન પત્રોની ફાઇલો, કે જે પાઘડી બનાવવા તથા તપકીરના પડીકાં બાંધવાના કામમાં આવશે.

ખોરશેદ—અરે ત્હારા છોકરાનો મ્હારા જેહવો હાલ થાયરે ખુદા ! વારૂં આગળ વાંચો !

પાનાચંદ—હવે ફકત થોડો પરચુટણ શોંમણ છે. એક ટોપલી ભરીને સોલાવાટરની બાટલીના બૂચ, માલિયો ભરીને ખાલી કાળી બાટલી, કોલાંવાટર, બિસકોટ તથા બરાંડીના ખાલી બારકસો, જુની છતરીઓ, ચાહેની પેટીઓ, કોલાંવાટર, પીપરમીટ ને વેલાતી એરંડીયાંની ખાલી શીશી, ટોપલો ભરી ભાંગેલું કાચ કામ, વતરોગે, વતરોગે, ઇટરડી. [ટીપ બંધ કરી ગજવાંમાં મુકતાં] આ સધળો કીમતી શોંમણ તમોએ પોતે ઉપાડી જવો, ભાંગ ટુટ, હેલ મજુરી તથા ખત પત્તરનો ખરચ તમારે માથે. જો ઉપલી શરતો તમને ભાવે, તો શાંજે મારે ઘેર પધારજો.

ખોરશેદ—શુ કરૂં ગરજ છે, નહીં તો ડાકરાને ગોલી મારી હુંબી ફાંસી જતે! જા ભાઇ, બને તેમ પેલા સોડાવાટરની બાટલીવાલા કીમતી સામનને બદલે જેટલા મલે તેટલા રોકડાજ લાવજે.

પાનાચંદ—ઠીક છે. હું બનતું કરીશ, શાએબજી.

[પાનાચંદ જાયછ, ખોરશેદ પૈસા વિશે અફસોસ કરેછ.]

ખોરશેદ—ધારવા મુજબ કામ થવું મુશકેલ છે. પાનાચંદ જો તન હજારબી અપાવી મુવો હોતે તો એક હિરાનું પરીંગ પ્રેજન્ટ કરવાથી શીરિન કદાચ લલચાતે. [વિચારીને] પૈસા વગરના માણસનું જિવતરજ બળ્યું! દુન્યાની રચનામા ગરજબી એક મોતેબર ચીજ છે હં! પેલા કાહરન કંજુસને વિસરાવે તેહવા મજબ્જુસ પારસીએ મ્હને ગરજવંતો જોઇ, જબરી કાતર ચલાવી, અવાર નવાર કાપ મુકવામાં કંઇ બાકી નથી રાખ્યું! પણ આપડ કાંહ તોલવાછ કે તેની પરવા રાખિયે! ઘણું કરશે તો વલી ફ્રિલઇ જશું, ને બાબુલાના તલાવવાલાં ઘેરમા બેશી, ઘેરથી ભાનું આવશે તે દબાવીને પાહડી કુવાનુ ઝરતું પાંણી પીશું. ઢાંખરો કંઇ મ્હોટે ઘેર જવા તો નહીં દેય. ને જ્યારે મુગે મ્હોડુ તાલવા પડશે, ત્યારેજ સુધબી ઠેકાણે આવસે, કે સુંધી સુંધીને પૈસાની રખેવાલી કરવા કરતાં મ્હોટાં દિલે વાપડવા દિધા હોતે તો ફજેતી નહીં થતે! પૈસા વિશેનું બાલીવાલાનું ગાયન આય વખતે મ્હને યાદ આવેછ.

"Kilaloo."—Air.

ઈંગ્રેજી—કીલલૂ.

શું છે જરનો ઝઘડો યાર, છે જર ફંદી ને મક્કાર,
અદના આલા સર્વે જરને ખાતર ખ્વાર.

કોઈ હોય અગર મુરદાર, તોભી જરથી તે હુશિયાર,
બેજર બુધ્ધી સાથે મુર્ખો અપરમ્પાર.

જ્યાં છે જર ત્યાં તે કિરતાર ન્યાંમત બક્ષે છે હરબાર,
કોઈ છે ટુકડા રોટીનો ઉમ્મેદવાર.

જરથી ધર્મી ને દાતાર, જરથી ભાભી ને ભરથાર,
જરથી શાદી, ગાદી, મજલિસ ને દરબાર.

જરથી છે સરવર સરદાર, જરની ભૂખી છે સરકાર,
જુઠું તરકટ ને રિશ્વત છે સર્વે જર ખાતર બદકાર.

બ્રાહ્મણ, મુલ્લાંજી નિર્ધાર ભટકે જરને ખાતર હરદ્વાર,
તુજ્જાર, લાચાર, સર્વે સંસાર છે જરને સઉ આધાર.

લૉયર જાંણી તકસિરવાર, કુલ ખાતર લેછે તકરાર,
જરના જરિયાથી પાપીનો બેડો પાર.

નાવી નાકા પર તૈયાર લઇને થેલીમા હથિયાર,
જર ખાતર પગ દુખવે ઉભો રહિ લાચાર.

મછ્છી માટે માછીમાર, ભર દરિયામાં વારંવાર,
ખિપનાવે જર સારૂં જિવની નહીં દરકાર.

જરથી ઇજ્જત ને ફિટકાર, જરથી માલિક ખિદમતગાર,
"રોશન," છે જરની બલિહારીનો પોકાર!

[ખોરશેદ જાયછે.]

અંક પેહલો—પ્રવેશ બીજો.

પાનાચંદનુ ઘેર.

[પાનાચંદ દાખલ થઇ ડગલી પાઘડી કાહડતાં જમનીને બોલાવેછ.]

પાનાચંદ—[દરમાંજ] લે શાંભળે છે કે?

જમનીબાઈ— [અંદરથી] આવીજી.

[જમનીને આવતાં વાર લાગેછે તેટલામાં ડગલી પાઘડી હાતમા ધરી સોદા કરી આવવાની ખુશીમાં ફેરા ખાઈ ગાયન ગાયછે.]

ગત—તિલંગી.

પાનાચંદ—રાંમ રંગી ન થાઊં હું કેમ?
કામ રોજીનું લાગે અગર હાથ એમ,
દામ મેહેનતનું મળશેજ તેમ—રામ.

હામ બીજું ન રાખું હું વ્હેમ,
પાક યાનતથિ રાખું અગર સાફ નેમ,
ધાંમ મળશેજ મળ્યુંછે જેમ—રામ.

[જમની આવી ડગલી પાઘડી લેછે, પાનાચંદ ગુસ્સો કરેછે.]

પાનાચંદ—કેમ કોઈ તારે માંથે કાલચંદર બેઠો છે શું? આવીજી કહીને ક્યાં મશાણમા ગઇતી?

જમનીબાઈ—જી, હાત ધોતી હતી.

પાનાચંદ—એ ત્હારા અશાતરી ચરિત્ર હ્યાં નહીં ચાલશે, સમઝી કેને? હાક મારતાંજ જો વેહલી નથી આવી તો રાંડ ડાકેણનો ચોટલોજ પકડી પીખી નાખિશ.

જમનીબાઈ—વારૂજી.

પાનાચંદ—[સ્વગત] અરે પોનાચંદ, ન્હાની છે તેટલાંજ જો દમ ન ભરાવશે તો પછે મોહટપણમા ભારી પડશે. [જમનીબાઈને જતાં પાનાચંદ અટકાવેછ] શી રશોઈ કરીછે?

જમનીબાઈ—દાળ, ભાજીનું શાક, પાપડ, કંસાર, કેળાનું અઠાણું ને ભાત.

પાનાચંદ—રાંડ શંખણીને હજાર વેળા કીધૂં, કે થોડા ખરચ કર, કરકસર કર, પણ તું ન માણવાની નહીં? શું મ્હારા પસીનાના પૈશાનો તુ નાશ કરવા આવી છે? શું ત્હારા બાપાની કમાઈ કરેલી છે, કે હાવો મ્હોટો ખરચ કરી મ્હારૂં દિવાલું કાઢવા બેઠી છે?

જમનીબાઈ—હું આડો ખરચ કરાવતીજ નથી કે તમને દિવાલું કાઢવું પડે. શક્તિ પ્રમાણે ખાવા ખરચવામા કંઈ ખોટું નથી. પૈસા વાવડવા કીજે છે, નહીં કે સુંચીને જમા કરવા. પેહડવાને મોઘું લગડું નથી આપતા તો કાંઈ નહીં, પણ ખાવા વિના કેમ જિવાય?

પાનાચંદ—પેહડવાને લુંગડાં નથી આપતો તો શું નાંગી ફરેછે કે? આલી એશ્કી પારશનો પેહડેછે તેમ પોલકા પોલકી પેહડવા માગતી હશે? પણ જાણતી નથી કે તેવોના ઘણી બાહરથી ધોળા ને માહેથી કેહવા પોળા રેહેછે. ભપકો તો નાકટાઈ ને કલર ને મગોલની ટોપી પેહડી આગાખાંન જેહવો, ને કમાઈતો શરબત સોડાવાટરવાલાના જેટલીબી નહીં, તેમ તું મગોલના મોહતે ના મરતી, સમઝી કેને? જે પરમેશ્વર આળે તે દાલ, ભાત ને ઘી, ને ઘી ન મળે તો અઠાણાથી કાળ નિર્ગમન કરવો. પૈશા મળ્યા તે શું વાવડી નાખવા, ને પછે હાત ચોળવા કે?

જમનીબાઈ—હું ક્યાં કહુંછું કે સંધા વાવડી નાખવા! પણ ત્હમારે પેતે ન મળે પુત્ર કે પુત્રી, અને તમોતો વ્યાજબી નથી ખાતા. [રડીને] બાપાએ શા માટે મ્હને બાલ વયમાજ ફોકટનુ વહિતરૂં કરવા પરણાવી હશે?

પાનાચંદ—પણ રાંડ જિવવું છે કે કાળે મરી જવું છે?

જમનીબાઈ—ત્હમો મ્હારા આયુશ્ય લઈને જીવો, પણ ત્હમેં શું નથી શાંભળ્યું, કે "શુંમનો પૈશો સખી ખાય? ન્યાતના કટલાક

શેઠિયાવો, ગંધાતી શેડીના અંધારા ઓરડામા રહી, કટલાક રેંહકડામાં બેશીને અને કટલાક ખરખરિયાં જેવી ગાડી વાવડીને કરકસરથી જિન્દગી ભોગવી ગયા, અને તેવોના પુત્રો તથા દત પુત્રો આજે બે ઘોડાની ગાડી વાવડી, બુટ ઇશ્ટાકિન પેહેડી, હોટલમા ખાઈ, પૈશા આડે માર્ગે વાવડે છે, તેની શું ખબર નથી?

પાનાચંદ—આ રાંડ તો નૉનકડી થઈને ઓલી પારશણ ડાકટર રતનબાઈ મલબારવાલાની પડે ભાશાન કરવા ઉભી છે. જા ત્હારૂં કાંઈ કર, નહીં તો વેંગણાં જેહવી છે ને ફરીથી લામ્બા ટુકી કરશે કેને, તો આ બૂલીજ કાપી નાખિશ.

[ધસી જઇને ગરદન પકડેછ, જમની રડેછ.]

જમનીબાઈ—હું પાધરી ચાલુંછું તોપણ ત્હમેં મ્હને ઠાલી સતાવો છો! ગરીબને સઉ કોઇ ગુંગળાવે! હાવા ધડા થઈને મ્હારા જેહવી બાલકીપર વાહલ દેખાડવું જોઇયે, તેના બદલામા મ્હારી સાથે ગોલામડી પડે વર્તો છો. ન્યાતના શેઠિયાવોનું પ્રમેશ્વર શું ભલું કરશે, કે જે બાલ વય, રમત ગમતમા નિર્ગમન કરવો જોઇયે, તે ભરથારની શેવામા નિર્ગમન કરવાનો ચાલ પ્રસાર કરિયો છે!

પાનાચંદ—ત્યારે કહુંછું ઇમ કેમ નથી ચાલતી? કરાર કરી મરને? આજે શાને માટે આટલી જાતનું ભોજન કરિયું?

જમનીબાઈ—નથી કરિયું. શાંભળો ને પછી કેહવો. આપણે ત્યાં તો દાલ ભાતનીજ રશોઈ કરી હતી, પણ ગંગીબાઇને ત્યાંથી શાક, કંસાર, ઇત્યાદી આવ્યું છે. [જમની રડેછ, પાનાચંદ ટચકારી ફેરડેછ.]

પાનાચંદ—અરરર! તો પેલથી કહિયે કેને? લે ચાલ હવે રડ રએ, ભુલ થઇ, મ્હારી ભુલ થઇ. [ગલે લગાડેછ.]

જમનીબાઈ—ત્હમેં સદાજ એમ કહોછો, ને ફોકટમા મ્હારૂં લોહી બાળોછો. [જમની દમમાંજ ચાલી જાયછ.]

પાનાચંદ—રાંડ છે તો નાનકડી ઢીંગલી શરખી, પણ વાતોતો મ્હોટાં માણુશના જેહવી કરે છે. ભોલી એ છે, પણ જરા ખરચાલુ હાથની છે. ચાર પોંચ જાતની રશોઇનુ નામ શાંભલતાંજ ભુખે તો ન્હાસવા માંડિયું અને પેટમા ફાળ પડી, કે વળી આજે છ શાત દોઢિયાંનો ધાણ વાળ્યો હશે! પણ ગંગીબાઇને ત્યાંથી ઠોકુંક આવ્યું

છે, ઉમ સાંભળતાંજ ન્હાસેલી ભુખ ઝડપમાં આવી પાછી પેટમા ધુસી ગઇ છે. "પેટ કરાવે વેઠ" તે કેવત ખરી છે.

[જમની આવેછ, પાનાચંદ તેને રિઝવેછ.]

લે, હવે જીવ ના બાળતી આં ! ગા, જરા આવું પેટની વેઠનું ગીત ગા જોઉં ?

[જમની ગાયછ.]

કલ્યાંન–લાવની–સોર મોરારી–રાહ.

જમનીબાઇ—પેટનીજ વેઠ, દાસ સાહુકાર શેઠ,
ભાઇ બ્હેન દેર જેઠ, સઉ કરે ખરી.
લુટ ફાંસ માર ફાડનો કરી વ્યવાર,
દામ મેળવેછ યાર છળ કપટ કરી.
જોવ ત્યાં લડાઇ, પેટને થકીજ ભાઇ,
મ્હાય બાપની બુરાઇ, નહિ ડરે જરી.
પેટ બલા! અરે બલા! પેટ બલાની અજબ કલા,
કંઇ ભલા ભલા ભઇ ફસે મરી.

પાનાચંદ——પેટ એક હાત, મ્હાય ખાવું ભાત ભાત,
ભુખ તેજ દિવસ રાત, બસ જમું જરી.
છાસ ને મલાઇ, દૂધપાક, ખીર ખાઇ,
લાપસી કરી સવાઇ, દૂધ પિયું ફરી.
ખાસુદી, ધારી, સેવ મીઠિ ને ખારી.
પાપડી, પુલી સારી, ખાઉં દહીં મરી.
પેટ જુવો! અરે જુવો! પેટ જુવો,
બે પતા કુવો, એ કુવો ઉંડા, લે ગડપ કરી.—પેટનીજ.
દાલ, ભાત, શાક, ઢોકળાં, બદામ-પાક,
લાડવા અને જરાક ઘી પીયું લઇ.
વાલ ને ગુવાર, વેંગણા તળી તિયાર,
કાચરી બિડાંનિ ચાર, બસ જમું જઇ.
મોધરી તાજી, ભાત ભાતની ભાજી,
ખાઇ થાઉં હું રાજી, બસ ફુઆ દઇ.

પેટ ભરી, ભલે ભરી, પેટ ભરી હું જમી ફરી,
સુખ રહું ફરી, એ ઇછા થઇ.

[પાનાચંદ સામેં જોઇ ચોંકેછ, અસલાજી આવેછ. જમની જાયછ.]

આવો અસલાજી શેઠ, શાબ્બેબ મેરબાન. બેશો શેઠ બેશો.

[પાનાચંદ અંદરથી ખુરશી લાવેછ, જેની નેતર તુટેલી હોવાથી અસલાજી બેશતાંજ ઘુસી જાયછ.]

અસલાજી—ઓ મુવો! [પાનાચંદ ખેંચી કાહાડેછ] અરે તું મુવો, તું ખુરશીનો રાખતો, કંજુસ.

પાનાચંદ—માફ કરજો શેઠ, જરા પાટિયું મુકતાં ભુલી ગયો હતો.

[પાનાચંદ પાટિયું લાવી મુકેછ, અસલાજી બેશેછ.]

અસલાજી—વાણ્યા તે વાંણ્યાજ! પારસીઓની કાની ત્હમેં કયારે ફુલા થશો? અરે મ્હારી કાની કંઇ ખરચ કર, નહીંતો જમા કરીને પસતાશે!

અબયાત.

અગર હક નવાજી કરે માલદાર,
સખી થા, બખીલી ન કર જીનહાર,
બુરો ને દરિદ્રી ખવારે ન ખાય,
ભલો ને સખી નર રિઝાવી રિઝાય.

સખીથી ખુદા ખુશ વલી ખલ્ક યાર,
અને સુમથી રંજિદા રોજગાર,
સુખન "સ્અદિનો નેક છે આય એક,
સખી સુમ થાયે સુણી એ વિવેક.

"સખી જરનુ ફલ ખાઇ સંતોશ થાય,
બખીલો જમા જર કરી રંજ ખાય."

પાનાચંદ—ઠીક વાત છે. પણ ઘણા દિવસ થયા લાવવાનો વિચાર છતાં ફુરશુદજ નથી મળતીને! તમોતો રાત દિવસ લેબામ-

માં ફરે છે, તેથી કોઇ શીશમની ને નક્ષીની તથા ગાદીની ખુરશી રૂપ્યા બાર આનામાં હોય તો આપણે માટે ખચીત શાટું કરજો.

અસલાજી—રૂપ્યામાં ગાદીની ખુરશી જોઇયેછ ! તેં વાપડી વારૂં હવે પતાવ બઇ, પણ પેલો છોકરો હાતમાથી છટકે નહીં જો ! હેવું નંગ કંઇ ઘડીઘડી હાત લાગવાનું નથી હં !

પાનાચંદ—તમેં ધાસ્તી ના કરો. છોકરો ગરજાણ હોવાથી જે શરત કેશો તે લખી આળશે. વાતપરથી બહુ ઉડાઉ લાગેછ.

અસલાજી—બધાજ ત્હારા ને મ્હારા જેવા બુઢ્ઢા હોયતો દુન્યાં કેમ ચાલે ? કેટલાક કંજુસ બાપો છે, તેવો, દિકરા બગડી નહીં જાય એટલા સારૂં કંઇ પાકીટ ખરચનું આપતા નથી, ને તાબામા રાખેછ. પણ જ્હારે દિકરા આપખત્યાર થાયછ, ને હાતમા નાણું આવેછ ત્હારે લાલ વાવટો. વારૂં બધી વાત રહી, પણ છોકરાનો ઢાંખરો તો ડબ્લાવાલો છે ની ?

પાનાચંદ—ચાકરના કેહવા પરથીતો ઢાંખરા પાસે ઠીક પૂંજી છે, ને બાપ મરે બમણા લખી આળવા ત્યાર છે.

અસલાજી—વારૂં પોરિયો ઉમ્મરવાળો છે ની ?

પાનાચંદ—હા, ને ઢાંખરોબી આજ કાળમાં ધાપી જાય ઇવો થઇ રહ્યોછ. પણ બુઢ્ઢા ચીસો બહુ છે, ઇમ ચાકર બોલતો હતો.

અસલાજી—એતો બધા દિવાળ્યા દિકરા પોતાનાં મા બાપને હેવાંજ વિશેરાણથી પુકારેછ. મ્હારો દીકરોબી મ્હારા મરવાની કાગડ ડોળે વાત જોયછ, કે "ક્યારે બાવા મરે, કે દિકરા ઘોડે ચ્હડે," ને કુશની ને પુશનીને તાંહ જલસા શાંભલવા જાય. [માકર કરડવાથી ધવડેછ] એ શું માકર પાલ્યાછ કે ?

પાનાચંદ—કરડે છે શું ? મોંકડા ચોંચડાને સખીનું લોહી બહુ ભાવેછે.

અસલાજી—હું કિયો સખી સુવાછ જે મ્હારૂં લોહી ભાવે ! [ધવડેછ]

પાનાચંદ—તમેં મોહોડેથી ના કેહશો તો શું થીયું, પણ તમારૂં કામ અને દેખાવ તો ધવાણી આપે છે ને !

[ખોરશેદ તથા બજો દાખલ થાયછ, બજો અ-
સલાજીને જોઈ ખૂનામાં ભરાયછ, ખોરશેદ
સપડાવાથી દમમાજ ઉભો રેહછ, અસલાજી
ખોરશેદને જોઈ હપતી જાયછ, પાનાચંદ ન
સમઝવાથી આવકાર દેછ.]

આવો, શેઠ આવો. અસલાજી શેઠ, આ ભાઈને નાણાની ગરજ છે.

[અસલાજી દોડા ફાડીને ખોરશેદને, બજાને
તથા પાનાચંદને જોયછ.]

બજો—[સ્વગત] મોહકાન ! ઠાર માયરાતો ! લઇ કરીને એ ભૂત થઈને હાં આયવો કે કેમ ?

અસલાજી—[ચિરડાઈને] અરે એ પેલે ભવના માગનાર, બાપ મરે બમણા નાણા લખી આપનાર તુંજકે ?

ખોરશેદ—ત્હારે તન હજાર આપીને પાંચ હજાર લખાવી લે-નાર તમેંજ કે ?

અસલાજી—અરે એ મૂજી, મ્હારો જીવ બાલી બાલીને ક-સરથી નાણું મેળવ્યું, તે ત્હારા ઉડઉ હાતે ઉડાવવા કે ?

ખોરશેદ—ત્હારે ત્હમેં શું જરી પુરાનાવાલાને આપવા લાયકનો સામાન કોઈને ધાભરીને નાણું ભેગું કરશો કે ?

અસલાજી—અરે એ કાલે મોહોડના, ત્હારૂં કાણું કર ! મર ! મ્હને હેવી ખબર નહીં ઉતી, કે તું છેક હાવી હાલતપર આયેોછ.

ખોરશેદ—ને મ્હનેબી હવડેજ ખબર પડી, કે મારવાડી, ને ચટ્ટીઓની કાની વ્યાજ ખાઈ, લોકોની કકુઆનું નાણું ભેગું કરી, ત્હમેં આય હાલત ભોગવોછ.

બજો—[સ્વગત] વાત વધહે કે કેમ ? બચ્ચા બજા, નાહ, નહીં તો લઇ કરીને ધોભીની કાની કુન્દી કરી લાખ્ખે !

અસલાજી—પાનાચંદ તમેં ઓલખ્યો કે ! એ તો મ્હારો દિ-કરો થાય !

પાનાચંદ—ઓલખ્યા શેઠ ઓલખ્યા ! મ્હારી ભૂલ થઇ અસ-લાજી શેઠ. [સ્વગત] બચ્ચા પાનાચંદ, બાપ દિકરાને લડાવી નારદ મુનીનો ભાગતો ઠીક બજાવ્યો.

અસલાજી—હાવા, દિકરાને બદલે હું દિકરા વગરનો હોતેતો

સુખી રેહતે, કે મ્હારી સકમઈના પૈસા હાવે કમાર્ગે નહીં વપડાતે!

ખોરશેદ—બચ્ચા ખોરશેદ, કંઇ ફુરવી તોલ, લગાવ તોલ્ખો!

અસલાજી—અરે તુંને હાવી રીતે નાણું વ્યાજે લેતાં જરા વિચાર નહી આવ્યો? ને ખુદાનો ડર નહીં કિધો?

ખોરશેદ—મ્હને વિચાર છે, પણ બખીલી નહીં કરવાનો વિચાર ત્હમારા મગજમાં લાવવા સારૂં, મેં આય ખાલી બાજી રચીતી. અને ખુદાનો ડરબી મ્હને છે, પણ વ્યાજને ખાતર કોઈ ગરજઉને નીચવી દુખ દેવોછ, તે સારૂં ત્હમેંબી જરા ખુદાનો ડર કરોતો સારૂં!

અસલાજી—અરે ઓ લાનતી, ત્હારા બુઠ્ઠા બાપની સાંમ્ખે હેવું ના લાયક બોલતાં તુને શરમ નથી આવતી? જગમા તું મોહડું શું દેખાડશે?

ખોરશેદ—ને વ્યાજને સારૂં લોકોને પિછોડી ઓઢાડી કયામતને દહાડે ત્હમેં શું મોહડું દેખાડશો?

અસલાજી—સારૂં થયું કે આજે હું હ્યાં આયો, નહીં તો ત્હારાં કરતુક કોણ જાણે તું કાંહ સુધી ચાલુ રાખતે!

બજો—લે હેઠ વાતમાં કંઇ દમ નહી મળે ને હવે માંડીવાળો. પાનાચંદ હેઠ ગડબડ ગેટો કિધેલો, કે લઇ કરીને પેહલાંથી ત્હમારૂં નામ કેહલું નહીં.

પાનાચંદ—અરે પોનાચંદ મુવા! પોનાચંદતો ઈવાજ છે! પણ પોનાચંદને મોંથે કાં વાદળ લાવો છો? જાવા દ્યોની બાપા!

બજો—ત્હારે તમેં ધોંટાળો નહીં કિધેલા, તો લઇ કરીને કોણે કિધેલા?

અસલાજી—[ચિરડઇને] ત્હારે સત્યાનાસ થાય ત્હારૂં! એ બધાં ત્હારાંજ કારસ્તાન છે.

[અસલાજી ખાસડું મારવા જાયછ, બજો ઘભરઇને ન્હાસેછ, પાનાચંદ અસલાજીને અટકાવા દોડેછ.]

બજો—ઓ મુવારે! અહલાજી હેઠ મુવારે!

[બજો ન્હાસતાં પડી જવાથી, અસલાજી પણ પાછળ દોડવાથી પડી જાયછ, અને અસલાજી પરથી પાનાચંદ ગબડી પડેછ.]

અંક બીજો—પ્રવેશ પેહલો.

અસલાજીનું મકાન.

[ગુલા તથા શીરિન વાત કરતાં દેખાયછે.]

ગુલબાઇ—શીરિન, જહારે પણવાની વાત તેંજ છેડીછે, ત્હારે તુંને વધઇના સમાચાર કેહુંછ, કે કોઇ લાયક છોકરો ત્હારો હાથ મેળવવાને ઇન્તેજાર છે.

શીરિનબાઇ—[હસીને] ત્હારા મનમાં કોન છે, તે હું ચેતી ગઇછ. ત્હારો ઓરશેદજી જરા નાદાન છે. ત્હારી શાલગરીને દાહડાનીજ ત્હારા ઓરશેદની વાત પરથી હું તો ચેતી ગેઇતી. કાલે લગનમાંથી મ્હારી પુઠે પુઠે ફરિયા કરે, ને નાટકમાંથી ઑપેરા ગ્લાસે મ્હનેજ ઠોકિયા કરે!

ગુલબાઇ—હું હેને કેહવરા. વારૂં શીરા, એક ગીત તો ગા. બાવાજીની પૈસાની પંચાતને લિધે હું તો કેટલા દાહડા થયા નાટકમાં નથી ગેઇ.

શીરિનબાઇ—હું તો ગિયે સનવારેજ જઇ આવી. પતિ તરફ પ્રિયાની ફરજ વિશેનુ ગાયન ઘણું સરસ છે. હું તે ગાઉંછ.

દોહરા.

ચંદા તુજ ચમકાટપર [1]ચકોર બની ગઇ છું,
[2]ચાતક સમ તુઝ પ્રીતની હું પ્યાસી બહુ થઇ છું.
હરદમ તુજના નામની હું જપ કરૂં દિલદાર,
તન બદન કુરબાન કરી, પુજું સનમ સરદાર.

જીલા—ઠુંમરી—મહબૂબ જાની. રાહ.

દિલદાર જાની, ઓ દિલદાર જાની, સમઝી જગત ફાની,
લાલચ હવસથી ભાગી, ન થઇશ ગુમાની.—દિલદાર.

---

[1] ચાંદનું આશક પક્ષી. [2] પપૈયા નામનું પક્ષી.

રબ એક માણી, બસ રબ એક માણી, સઘળી ફરજ જાણી,
તુજની કરૂં હું શેવા, બસ થઇ નમાની.—દિલદાર.
નહિ થાય હાંણી, હાં, નહિ થાય હાંણી, રૂડાં ચલન છાંણી,
વર્તું હું સારી રીતે થઇને સિવાની.—દિલદાર.
મીઠીજ વાણી, હું મીઠીજ વાણી, મનમાં સદા ઠાણી,
જૂઠું ન બોલું હરગિજ થઇ હું દિવાની—દિલદાર.
[ગુલા તાલી મારેછ.]

ગુલબાઇ—થેંક યુ. હવે આપણ પાછાં આપડી આગલી વાત પર આવ્યે. શીરા મ્હને કેહકે ખોરશેદ વિશે ત્હારો શું વિચાર છે?

શીરિનબાઇ—ખોરશેદ સારૂં મેં કંઇ વિચાર કિધો હોય તો હું જવાબ આપુંની?

ગુલબાઇ—ત્હારે એક હસવાની વાત કેહું?

શીરિનબાઇ—તે શું?

ગુલબાઇ—જો તુને ભાભી નહીં થવા ગમતું હોય, તો મ્હારી માય થા.

શીરિનબાઇ—એટલે?

ગુલબાઇ—એટલે કે ખોરશેદ સાથની સગાઇ ના પસંદ હોય, તો મ્હારા બાવા સાથની સગાઇ પસંદ કર.

શીરિનબાઇ—એટલે? બાવા સાથે શું સગાઇ કરવા કેહછ?

ગુલબાઇ—શું વલી તેવન ત્હારી સાથે પણવા માગેછ!

શીરિનબાઇ—મરેરે! [હસીને] હું જાણ્યું કે મ્હને માય સાની થવા કેહછ!

ગુલબાઇ—તું હસેછ? પણ હું ખરૂં કેહુંછ કે તેવન ત્હારી સાથે પણવા માગેછ.

શીરિનબાઇ—મરેરે! [અજબ થઇને] સાહઠ વરસના ડોઅરા થઇને એ શું સુઝ પડકું!

ગુલબાઇ—એ કલજુગના જમાનાની તાસીર, ને ખિયાલી સુધારાના પરિણામ!

શીરિનબાઇ—[હસીને] ગુલા, હું તો ત્હારા બાવાને જોતાંજ હસી પડશ. શાબાશ છે મ્હારી ધીરજ માટે, કે અંતે રહી, રહીને

પરણુંછ, તે સાહઠ વરસના ડાકરા સાથે! મ્હારી ફત્તે માટે તેં શું ધારયું?

ગુલબાઇ—ધારે શું વલી? જમાનાના ઢંગ પ્રમાણે તુંને મુબારકબાદી આપુંછ.

શીરિનબાઇ—ગુલ, તું જો ગુસ્સે નહીં થાય તો બાવાને ચાનક આપવા હું તેવનનો થોડો વખ્ત રકાસ બનાઉ?

ગુલબાઇ—જેહવા છે તેહવા, પણ આખર બાવા. અને બાવાની ફજેતી હું દિકરી થઇને કરાઉ તો દિકરીના નામપરથીજ ઓવારી!

શીરિનબાઇ—ફજેતી શાની? તેવનની શુધ ઠેકાણે લાવવા જરા તેવનને અજમાવ્યે, અને બીજા ડાકરાઓને તેથી નસીહત મળે, કે પોતાની દિકરી સમાન છોકરીઓના પ્યારમાં પડી આંધળા નહીં બને.

ગુલબાઇ—મ્હને જો કે બાવાજીની ચાલ તથા જીદ પર ધિક્કાર છુટેછ, પણ તોબી ત્હારી આય મસલતમાં હું દિલથી શામેલ થઇ શકિત નથી. અગર તુંને ઠીક લાગતું હોય તો અજમાવ, પણ હું રાજી નથી.

શીરિનબાઇ—[હસીને] મરેરે! હું તો જાણે પરણીને આય ઘેરમાં માયજ થઇને બેઠી હોઉ, હેવું લાગેછ. જાણે ત્હારા બાવાજી મ્હારી બગલમાં હાત ઘાલી "માઇ ડિયર" કહી મ્હને ફરવા લઇ જાયછ!

[શીરિન ચાળા કરી ચાલીને ખૂબ હસી બેશેછ.]

ગુલબાઇ—બેહન, એટલી બધી હસ ના. દુન્યામાં શું નથી બનતું? ઘણી છોકરીઓ પોતાની રાજી ખુશીથી અથવા પોતાના માયબાપના દબાણથી, કાતરયું ઘસી ગિયેલા ઢાંખરાઓ સાથે, તથા કોલાસ્ત્રે ગેબ થયલા બુઢ્ઢાઓ સાથે પરણેછ, કે ઢાંખરાજી તાકો ઘડી કરૂ તો ડબલો મળે. કાંય નહીં ત્હારાં અસલી વિચારના માયબી હેવીજ ઉમ્મેદપર તુને બાવા સાથે પરણાવે? પારસી સંસારમાં બદીનો સડો એટલાતો પેવસ થયોછ, કે કાલે શું શું નવાં કૌતકની બદબૂ નિકળશે તે કહી નહીં શકાતું.

[ખોરશેદ દાખલ થાયછ. શીરિન સરમાઇને શેર આગળ ખેંચેછ.]

ખોરશેદ—આવો શીરિનબાઇ, [ગુલાને હસીને] કેમ વકીલ સાહેબ, જડજ સાહેબ આગળ મ્હારા દાવાની બ્રીફ રજુ કિધી?

શીરિનબાઇ—જેવો ને દાવોજ લુલો હોય, તેમાં વકીલ શું કરે?

ખોરશેદ—ખરેખર! જહાં જડજજ દાવાદારની વિરૂધ મત અગાઉથી બાંધી બેશે, ત્હાં વકીલ બિચારો શું કરે?

શીરિનબાઇ—ત્હારે ઇલાજ એજ, કે દાવાદારે પોતાનો લુલો દાવો પાછો ખેંચી લેવો.

ખોરશેદ—નહીં શીરિનબાઇ. જ્યારે એક શખ્સની જિન્દગીનું સઘળું સુખજ તે દાવામાં સમાયલું હોય, ત્હારે તેનેતો છેલ્લી ઘડી સુધી પોતાનું નસીબ અજમાવવા લડવુંજ જોઇયે.

શીરિનબાઇ—ગુલા, ખુરશેદજી જો બૅરિસ્ટર થાય તો બહુ ફતેહમંદ નિવડે! ખુરશેદજી શેઠ, ત્હમારા બુઢા બાવાજીની ઘણ્યાની થવા બાદ હું ત્હમોને બૅરિસ્ટર થવા જરૂર ઇંગ્લંડ મોકલશ.

ખોરશેદ—વારૂં હવે ત્હમેં મસખેરી મુકી દેવો. બાવાજીના ઘણ્યાની થજો ને બેલારાક સુખ ભોગવજો. પણ મ્હેરબાની કરીને પેલી પાક દામન મરહુમ બાઇયો વિશેનુ ગાયન ગાવો, ઘણુંજ અસરકારક છે ને રૂવે રૂવાં ઉભાં થાયછ.

ગુલબાઇ—ખરેખર? જરા ગા શીરિન.

શીરિનબાઇ—બસ એકજ ગાવસ હં!

ખોરશેદ—હાજી.

Sweet Bell Mahone—Air.

ઇંગ્રેજી—સ્વીટ બેલ મેહોન—રાહ.

શીરિનબાઇ—ગમ વ સિતમનો હોહોકાર!
જ્યાં જોશો ત્યાં તર દીદાર!
શું અદના આલા ગમખ્વાર!—કુલ કરે પુકાર!
હાય બચ્ચુબાઇ સાચ્ચ સતી!
હાય! ફિરોજબાઇ રત્ન રતી[1]!
કાંપ કિધા ગમગીન પતી?—કુલ કરે પુકાર!
કુલ કરે પુકાર! કુલ કરે પુકાર!
સલ થયા થઇ ભોગ નચાર!—કુલ કરે પુકાર!

---

[1] નસીબ.

ટાવર પર યમ થઈ તૈયાર!
ગુફ્લત આપી કીધાં ઠાર!
રૂહ ગયું તમ હરને દ્વાર!—ફુલ કરે પુકાર!
આણુ[2] સતીની જગમાં ફરી!
નામ શિયળમા[3] "રોશન" કરી!
હાય! દગો દઈ ગઈ—ન ફરી!—ફુલ કરે પુકાર!
ફુલ કરે પુકાર! ફુલ કરે પુકાર!
પાપીનો દોઝખમા ઠાર!!!—ફુલ કરે પુકાર!

[ખોરશેદ તથા ગુલા તાલીથી શાબાશી આપેછ.]

ખોરશેદ—મ્હેરબાની થઈ.

શીરિનબાઈ—લે ચાલ ગુલ, જરા બાગમા ફરિયે.

[શીરિન ગુલાનો હાત પકડી ખેંચી જાયછ, ગુલા જતાં જતાં, ખોરશેદને દિલાસાની ઈશારત કરતી જાયછ, ખોરશેદ શીરિન વિશે ગમ કરેછ.]

ખોરશેદ—હા! આય લાડલી છોકરીએ મારેલા રીમાર્કના એક ઝટકાએ મ્હને બે જખ્મ કિધાછ! એક તો બાવાજીની ના લાયક ચાલ, અને બીજું તો તેવનનું નામ લઈ મ્હને બાળવું! કમનસીબીના ચક્કરે થોડી મુદત થઇ હેવો ચકરાવામા નાખ્યોછ, કે રાહતની મંજિલનો પતોજ મળતો નથી. નસીબ દેવી એટલી નારાજ છે, કે જો હું આજે પાઘડી બાંધવાનો ધંધો એખત્યાર કરૂં, તો કાલથી છોકરાંવો માંથાં વગરનાજ જન્મે. નસીબ વિશેના બાલીવાલાના ગાયનની મતલબ મોતેબર છે.

[ચોપડી લઈ પાનું સોધી કાહડી ગાયછ.]

It's English you know.—Air.

ઇંગ્રેજી—ઈત્સ ઈંગલીશ યુ નો—રાહ.

છે રહડતી ને પડતી જયમ ભરટી ને ઓટ,
કંઈ ભોગવેછ ખોટ, કંઈ મેળવેછ નોટ.

---

[2] ઢંઢેરા. [3] પાકદામન સાચવવા માટે જીવ આપનાર.

કંઈ સુલ્તાનો રાખેછે મ્હેલો ને કોટ,
કંઇ મુઠ્ઠીભર ચ્હાહે છે લોટ.
છે બરમાના રાજાજીએ ખોયું તાજ,
ન બ્રીટિશના કબ્જામા આયું ત રાજ.
સિયાજી વરોદરાનો થાયો મ્હારાજ,
મલહાર રાવ બન્યો મોહતાજ.
દાસો તે શેઠો ને સરદારો [1]કામિલ,
કિસમતનો એ ખેલ, કિસમતનો એ ખેલ.
જે અદના તે આલા, ને આલા રજ્ઝુલ,
કિસમતનો, કિસમતનો એ ખેલ.—દાસો.
નેપોલ્યન ખોઈ ગાદી થાયો તારાજ,
છે જયપુરનો આજ, માધવરાવ ધિરાજ.
એબીસિન્યા, જૂલુણ્ડી ઠરિયા [2]નાસાજ,
કંઇ બ્રીટિશને આપેછે બાજ[3].
યજ્દેજર્દો જમશીદો, દારાં પામાલ,
ને રૂસ્તમ, નૌશિરવાં ને ગુદરજ ને જાલ,
એ સર્વના કામોનો જે છે હેવાલ,
તે કિસમતને કિસમતની ચાલ.—દાસો.
જે મ્હેલોમાં રહતાથા સાહિબ સરદાર,
તે ઝુપડા આધાર ને માટે ગમખ્વાર.
ને ભટકીને દર દરપર થાયેછે ખ્વાર,
નહિ દેતી ધરતીબી બસ ઠાર.
જે કરતાથા અકડમા ફક્કડ જરદાર,
જે સોનેરી સાજોનો કરતા સિન્ગાર,
ને જેવોના બે ગિન્તી કરમાં બરદાર,
તે ટુકડાના ગરજી નાચાર—દાસો.
જે કરતાથા લાખોનો આગળ બેહેપાર,
કુલ તેવોનું યાર, છે બસ તાબેદાર.
ને મેમન ને ખોજા ને મુલ્લાં હુશિયાર,
તે ધન્ધામાં પડિયા છે પાર.

---

[1] પુરા. [2] નાલાયક. [3] ચોથાઈ.

છે ઊંચી નીચી હાલત કુદરત વ્હેવાર,
પણ કિસમતપર નહિ રાખી સેવે આધાર;
ટુક હિકમતની અજમાવી જોવી કંઈવાર,
છે "રોશન" એ લાયક તકરાર.—દાસો.

[ઓરથેદ જાયછે, બીજી તરફથી બજો તથા સુખલી દાખલ થાયછે.]

બજો—સુખલી, ત્હારે જોઈયે તે કેહ. શીરિન હાથે પરણે, કે આહમાનની પરી હાથે પરણે, પણ હું નહીં માનુવાનો. બુઢ્ઢો ઓલા લે પડુ ગલે પડુની કાની ચમડી આપડે, પણ લઈ કરીને દમડી ન્હીં આપવાનો તો. હઉવે!

સુખલી—તું જો તો ખરો, કે બન્દી બુઢ્ઢાને સપાટામાં કેવી લેચ. શીરિનબાઈના બાનાથી હું આજે બટવામાથી કંઈબી કહડાઉછ.

બજો—જો તું દહ ન્હીં ને પાંચજ રૂપ્યા લાવી દેખાડહે, તો લઈ કરીંને વ્હેરે મ્હારે રૂપ્યા રૂપ્યાની હરત.

સુખલી—અરે ગેલા, મોબતને સારૂં સૂમ સખી થાયચ. બુઢ્ઢા જુવાન બનેચ, ને કુધારાવાલા સુધારાવાલા થઈ જાયચ, તેમ અસલાજીનો બદલાય તેમાં સું નવાઈ?

બજો—અરે ઢાંખરાજી હાંમેથી આવતો છે, હું જાતો છું હં!

[બજો જાયછે. અસલાજી આવેછ, સુખલી ઓવરણા લેછ.]

સુખલીબાઈ—ઓ ઊં મરૂંરે! જી ભરૂંરે! [ઓવરણા લેછ.] ઊં બિખઈજીને તાં જઈ આવી બાપા. તેવોતો કેજે, "જેમા તમે રાજી, તેમા અમે રાજી." બાપા, તમે એ વિચાર ઠીક કયરો. દાડ વારેના બરચ્યાં થયાં, ને તેવોની માવજત સારૂં બે ચોખા નખાવાજ જોઇયે. ઊં મરી જાઊં તે તમારી કોઈ સારવાર કરનારૂંબી જોઈયે. આજે ગુલબાઇ છે, ને કાલે સાસરે પધારસે પછી ગૅરની કોન સમ્માલ રાખે! અપ્પઇ રયા, મોનાંમાં દાંત નઈ, ને કેરે તુરિયાં જેવા વાંકા વળેલા આજના જમાનામાં પરણેછ, ને તમે જી ભરૂં સાઠ વરસના થયા તે સું ઘરડા થયા? [સ્વગત] "બુઢ્ઢી ઘોડીને લાલ લગામ."

અસલાજી—ત્હારા વિચારને હું મળતો થાઉંછ. આજ કાલના

સુધરેલા પોરિયાવો તો ઘરડા પણે તેની ખીખી આખાને ઠીઠી ઠાઠા કરેછ. પણ જહારે તેવોબી ઘડા થઇ મરશે, ત્હારેજ ખબર પડશે, કે ઘડપણમાં બૈરીની કેહવી જરૂર છે. ને વલી બીજો જુલમ એ, કે જુવાન બૈરીપર જાણે જુવાંન્યાંવોનોજ હક છે, ને બુઢાઓએ બુઢી સાથેજ પણવું જોઇયે, એટલે સાહરવાર કરવાને બદલે ઉલટી ઉદવેક આપુણેજ કરવી પડે!

સુખલી—એ એવાં કોતકજતો બાપા! [સ્વગત] ભેજાંપર જલ્દી જણો મુકાવી પડસે!

અસલાજી—સુખલી, તું જાણેછ તો ખરી કે આજના વખતમાં સામ્મા રૂપ્યા લેવા વગર કોઇ પણતું નથી, તેથી ભિખાઇજીના કાનપર તેં એ વાત નાખીતી કે?

સુખલી—ઊઁ મરી જાઊઁ, તમારા કેવા વગરજ મેં કાને બોલ પાયડાતા, ને તેવન બોયલાં કે, ગરીબ સંસારે, દુન્યાંની રીત પ્રમાણે જે મળસે તે કરસું. [સ્વગત] ગાંમમાં પેંસવાના સાંસા, તાં ભાઇને ઊતા પાણી જોઇયેચ!

અસલાજી—બને તો જરા ધાંધલ ધરપચ કરજેની, કે પેલો વાલકેસરનો બંગલો જો રીતમા નહીં આપશો, તો કદાચ તેવન ફરી બેશાશે.

સુખલી—બાપા, એ સઉ પાછલે દાડે તમારૂંજ છે. શીરિનબાઇ એક એવઇ નવાઇની દીકરી છે, ને ભિખાઇજી મરતી વખતે તમુને નઇ આપી જશેતો કોનને આપી જશે? [સ્વગત] ભિખાઇજી તારાં ચારમનું બોટું ખાય તેવી છે.

અસલાજી—તું કેહછ તે ખરી વાત છે. વારૂ સુખલી, આજ કાલની છોકરીઓ, છોકરાવો સાથે બગલમાં હાત ઘાલીને ફરવા જાયછ, તેમ ફરવાથી ઘડું ઘડપણ મ્હારો રકાસતો નહીં થાય?

સુખલી—[સ્વગત] રકાસ પુછેચ! [અસલાજીને] જી ભરૂં શીરિનબાઇયે તો પેલાંથીજ કયું કે કોઇ અજાર રકાસ કરસે તેની મને સી પરવા છે. ને અંગ્રેજીમા બોયલાં કે [યાદ કરીને] શું બોયલાં જો! અરે હા! "ઝટલીમન ધુસ, ડૉગ બારક," [સ્વગત] મરેરે મનેબી વાંદરા સાથે વાંદરી થવું પડેછ!

અસલાજી—પણ એ છોકરી શરમાલતો નથીની? મ્હારી સાથે વાત કરતાં ને પાસે બેસતાં શરમાશે તો નહીંની?

સુખલી—નારે બાપા. એવી અસમુખી છે કે તમૂને અસાવીને પેટ દુખવી નાખસે. તતો આય વાત સાંભળીને મગન મગન થઈચ. મને મારો ભાઈ ભીમ કેતોતો કે "આપ્પો દાડો શેઠનેજ યાદ કરેછ." [સ્વગત] માર તોપ, કોન પુછેચ. [ઓવારણા લઈ] ઊં મરૂં ને મારા જી મરૂં, મારી એક ગરજ સારસો તો મારાં મુવાંબી તમુને જલ્દી યાદ કરસે.

અસલાજી—[સ્વગત] "બીચમેં મેરી અપેલી મત ભૂલિયો!"

સુખલી—બેસ્તી બાવાનો રોજગાર આયવોચ, ને બાઈના સપનામાં ઊજરાં કપડાં પેહેરીને આયવાતા. મારી પાસે દરાન બાજનું કઇ નથી. એક પાંચ રૂપ્યા આપસો તો ઉં ઑવરઇ જવસ. [ઓવારણા લઈને સ્વગત] ધાર આવી!

અસલાજી—[હપતીને] સવા ફદિયાંનો મેજનો દરિયો, દાડિયાંના ફૂલ, હરધીનું દૂધ ને ગલાસ દારૂ, તેના પાંચ રૂપ્યા શાંના થાય? એ કંઈ દિવાળું કાહાડવા બેઠીછ શું?

સુખલી—ને જી મરૂં ભજુ ગજુ ને શિયાવ કરવોચ. બેસ્તી ઊજરા ઊજરા આયવા તે શિયાવને થકીજતો બાપા! [ઓવારણા લઈ] ઉં મરૂં, વેલા વેલા બ્યા વાજન કરો, બિચારી પોરી બઉ મુજાયચ. પણ બેસ્તીના આડ ના ધુજાવતા અં ઊં મરૂં!

અસલાજી—[સ્વગત] એ પીડા કાંહથી વલગી! ઘરન છુટે પણ એ છુટવાની નથી! [સુખલીને] વારૂં તું પાછી જાયતો જરા કાને બોલ પાડજે કે શેઠ તમુને યાદ કરતાતા.

સુખલી—ઓ આરે મરૂં! આરે મરૂં! બાપા મને કેપોતા એલકની પાસે ઘઉ દરાંઉં ને મલમલ મંગાઉં.

અસલાજી—બાજને કેટલા મહીના છે?

સુખલી—જી બેરાંમ રોજે.

અસલાજી—વારૂં મલમલ જરા ઘટ લઈને બે હડી રૂપ્યામાંજ પીડા પતાવજે હં!

સુખલી—વારૂં મરૂં! [જતાં જતાં] ઘમ દઈને ચનાના ઝાડપરથી કુદી પયડો!

અસલાજી—જોજે હ! વલી લગાલુટ ખરચ ના કરતી. બે હડીમાંજ કાસર કાહડજે.

સુખલી—વારૂ મરૂં. [સ્વગત] કસર કરતાંજ કોઇ દાડે કાસર પતવાની.

[સુખલી જાયછ, ગુલા, ખોરશેદ તથા કેકો- બાદ દાખલ થાયછ, સર્વે બેશેછ.]

કેકોબાદ—શેઠ સાહેબ.

અસલાજી—આવો બા. ખોરશેદ, ગુલા, ત્હમેં આય કેકોબા- દની ખસલતના હોતેતો કેહવું સારૂં! હું ખુશી થતે, જો કેકોબાદ જેહવોબી એક દિકરો મ્હારેતાં પેદા પડતેતો——

[ગુલાં કેકીને જમઇ કરવાની મતલબથી અસલાજીને ભરમમાં કેહછ.]

ગુલબાઇ—તો દિકરો કરોની. ત્હમાંરા હાતમાં છે, ને હમેં રાજી છૈયે.

અસલાજી—સઉ થઇ રેહશે. કેકોબાદ, પેલું લોભ લાલચ વિશેનું ગાયન ગા બા, મ્હને એ ઘણું ગમેંછ.

કેકોબાદ—વારૂજી. [કેકોબાદ ગાયછ.]

They go like this.—Air.

ઇંગ્રેજી—"ધે ગો લાઇક ધીસ"—રાહ.

જે લાલચ પર રાખે મન, દલદર તે નર પૂરો,
જગમાં લાનત દે સઉજન, મજલિસમાબી બૂરો.
ધક તેનૂં હરદમ ધન, ધન, ધન, લોભી રણમાં તે સૂગો,
લોભીનૂ સર્વે સુખ,[1] કન્ચન, જસ, કસ, રસમા બસ[2] તૂરો.
લાલચ્યુ પુર ગમ, મતલબી નહિં કમ,
આલમે ધિક્કારે ને થાય, થૂ થૂ!
જાુઠ ખાય કસમ. બે રહમ, ન શરમ,
દમ દમમાં જરનો ગમ ખાય.

---

[1] સોનું. [2] તુરાસ.

ન લોભી પર સુખથી હરખાય,
અઘોરી થઇ તે ન્હાય,
નતીજે લાલચનો છે આય,
ફિકર, ને ગમ, ને હાય!—લાલચુ.

લોભી લાલચને ખાતર લાખો કરશે શરકત,
કોઈ રીતે લાવે જર, કંઇકોને દઇ હરકત,
બેઉ જાન અને જિવપર તે, ચાહે હરદમ બસ બરકત,
રાજા થઇ ગર રાજ કરે પણ, "શેતાન" છે, ચાહે મિલકત.—લાલચુ.

[બધાં તાલીથી શાબાશી આપેછ.]

અસલાજી—અરે હા, હું કેહતાં ભૂલી ગિયો. આજે ઉક્કરજીને મેં રાતે જમવા બોલાવ્યોછ, ને ચાર માણુસના ખાંનામાં બે સમઇ જાય હેવા વિચારથી શીરિન ને તેની માંયનેબી બોલાવીછ. [ખોરશેદને જોઇને] જો જે હે ખોરશેદ, કંઈ આડો ફાટોછતો! ને દિકરી, તુંબી ઉક્કરજીને માન આપજે હં!

ગુલબાઇ—વારૂંજી.

અસલાજી—કેડી, સમ્ભાલ રાખજે, કે ખાંનાને બ્હાંને ચાકરો કંઇ બોગરી નહીં કરે! [પુકારેછ] મ્હેરવાંન? મ્હેરવાંન?

મ્હેરવાંન—[અંદરથી] આવીજી.

અસલાજી—આવીજી કહીને ત્હાંનો ત્હાંજ. એક દાહડાબી એક બોલે આવી નથી સુવો!

[મ્હેરવાંન માંથાંપર લાલ ફેંટો તથા ખાંધપર ડગલી નાખી આવેછ.]

અસલાજી—એ માંથાપર ફેંટો કાંય સુકીને આયો હોશે?

મ્હેરવાંન—ઊં શું જાનેચ કે તુમેં સું કેરવા બોલાવેચ. પેલા ધુરાવાલા શેમજીને તુમે પેગાર નેઇ આપેચ, તેથી તે નોસી જાયચ, ને તે દાડના ઊં ગોરી આંકેચ. તુમેં બોલાવેચ, તે ઊં સું જાનેચ કે સું કેરવા બોલાવેચ? ચાલ, લ જેલ્દી બોલેચ, કે કોચવાંનના કાંમ ચે, કે બેબરચીના?

[બધાં હશેછ, મ્હેરવાંને કિધેલી ફજેતી માટે ખોરશેદ ગુલને ઇશારત કરેછ.]

અસલાજી—અરે જંગલી, તુને એટલી લામ્બી વાત કરવા કોન કેહછ?

મ્હેરવાંન—ખબરદાર! ખબરદાર! તારા મુના સમાલ! ગાર કુતના આપેચ? મ્હેરવાંન જંગલી નથી. [સ્વગત] અસલાજી જં-ગલી ચે. બદરે થા જંગલી. થાજે જંગલી.

અસલાજી—અરે હવે શાંભલી મરની! જંગલી નથી, તું ડાહ્યો છે.

મ્હેરવાન—આવે કેવી મેજેના બોલેચ. શીદ થઇ તે સું ગાર આપસે. [સ્વગત] વમુ બોસે બૂ.

અસલાજી—આજે રાતના આપડે ર્‍હાં ખાનું છે.

મ્હેરવાંન—તે ઊંબી જાણુચ કે ખાંનાચે. બોફારના બિચરી ફાટિયા ને રાતના દુચીના ધુસ.

ખોરશેદ—અરે ર્‍હારૂ ભરત થાય, ધુસ શાંના ખવાડી મરેછ?

કેકોબાદ—રાતના આપડે ર્‍હાં પાસેના ઉકરજી આવવાના છે, તેથી સારૂં સારૂં ખાવાનું રાંધજે. શું શું રાંધશે?

મ્હેરવાંન—વેરૂ. બરિયાના મુંદી રેંધેચ, ને ઊજરીમાં ચુસ્તા, ને ચુસ્તામાં વાલ ને વાલમાં દાલ નાખી એક પખાલ પાનીના સેરવા બનાવેચ.

અસલાજી—અરે, એ સગનમાં ખડિયા હોજરી શાંના ખવાડી મરેછ? ર્‍હારે આખર કામખી ખડિયા ખડખડ થશે કે કેમ? ને શેરવો શાંનો પાઈ મરેછ?

મ્હેરવાંન—તારે બીજા સું રેંધેચ? સેસ્તા રાંધવા કેચ તે કાંથી રાંધે? રૂજ કેચ, કે સેસ્તા લાવજે, સારા લાવજે. કાંથી લાવેચ! પૈસા કાં ચે?

અસલાજી—બસ પૈસા ને પૈસા! જહાં જોઇયે ર્‍હાં પૈસા! પૈસાનું નામખી કોન જાણે કિયાં નેહસ ચોઘડિયાંમાં પડ્યું હોશે, તે બિચારૂં સુખે, દુખે સુંગાઇ ચબડાઇ જાયછ.

કેકોબાદ—બરાબર છે સાહેબ. [અસલાજીની નજર ચુ-કાવીને તેવન તરફ ઇશારો કરી] આય બધો ઝઘડો પૈસાનોજ છે. કોઈ પૈસા સંઘડવામાં જિન્દગી ગુમાવેછ, તો કોઇ સમાર્ગે ખરચવામાં

ભવ પુરો કરેછ, ઘણાક કમાર્ગે ઉડાવેછ, તો કોઈજ ત્હમારી કાની કસર કરી ભેગા કરેછ.

અસલાજી—આજનો ઉઘરતો જમાનો શું કર-કસર કરતોતો ! મેં-ટ્રીકયુલેટ થઈને કમાય ત્હારે વીસથી પચીસ રૂપ્યા, ને બુટ, ને નેકટાઈ ને કોલર ! સાથે વલી એકુ કબ્બમાંતો દાખલ થવુંજ જોઈયે. સેન્ટ ને લવન્ડર તો છાંટવુંજ જોઇયે. અરે કરકસર, કરકસર શું કેહવોછ ? મ્હારાં લગન પર મેં મ્હારે હાથેજ બજાર ખરીદીતી, ને ચાલિસ માણુસના બજારમાં દોહડસો માંણુસ જમાડયાંતાં. ફકત માછલી, મુરઘ્બો, કશ્ટર ને ઈંડાં ટાંચાં પડયાંતાં, બાકી ચાવલ, દાલ, અચાર, સઉ બબ્બે વખ્ત પરિસિયુંતું.

મ્હેરવાંન—બેધ્ધા તેક તેક મુકી દેય, ને જેલ્દી કેચ કે કેટલા આદમીને ખાવાના ચે. [બધાં હશેછ] હસેચ સું કેરવા ? સું ઉ ગાંડી છે ? ઘેલી છે ?

ખોરશેદ—તું આદમીને ખાવા માગેછ, તે શું દૈત બૈત છે ?

અસલાજી—અરે જો સાંભલી મર ! થોડા પૈસા વધારે ખરચાય તો કંઈ નહીં, પણ સારૂં રાંધજે. ને વધારે રાંધવાની કંઈ જરૂર નથી. તણ જણ આવવાનાં છે, ને જે રાંધેલું હોશે તેમાં સમઈ જશે.

[ખોરશેદ ગુલાને ઇશારત કરેછ.]

મ્હેરવાંન—ને ભુખા રાખશે તો દસબી સમઈ જસે.

[ગુલ ખોરશેદને ઈશારત કરેછ.]

અસલાજી—અરે ઘેલા,——

મ્હેરવાંન—ગેપલા કુનના કેચ ? મેં તો ઉભેલી ચે. [બધાં હશેછ.]

અસલાજી—જોની. એકુ વાની ઘટશે, તે કોઈ કરીથીતો માંગશેજ નહીં. ને આય ખગાસ રૂતમા થોડું ખવાડિયે તો સારૂં, કે સહવારે બાદી નહીં થાય, ને તુને ને મ્હને કોઈ ચોપડ નહી.

મ્હેરવાંન—તારે એક વાનીના ઘુસ, કાલા મરી ને મરચાંના બનાવેચ, કે બાદી નેઈ થાયચ.

ખોરશેદ—હા, કે બીજે દહાડે મરડા, ને તીજે દહાડે "રામ બોલો, ભાઈ રામ !"

અસલાજી—અરે મરી મરચાં કંઈ નહીં જોઈયે! શું શું જોઇયેછ તે ભાંસી મરની?

મ્હેરવાંન—ઊં કંઈ કુતરા યે કે ભાંસેચ?

અસલાજી—આય મુવોતો સીનું સેડવી નાખેછ!

ખોરશેદ—બાવાજી, થોડા પગારનો ચાકર તે વલી કેવો જહ્વો?

અસલાજી—અરે જલ્દી બોલી મર, ને થોડામાંજ પતાવજે.

મ્હેરવાંન—વેરૂં થોડા કેચ. એક બેરી મુરઘી ને એક માતીરા મુરઘી. [બધાં હશેછ.]

અસલાજી—એ મરયો શાંનો બવાતી મરેછ?

મ્હેરવાંન—એક ગમેસી. [બધાં હશેછ.]

અસલાજી—ગમેરસી?

ખોરશેદ—નહીં સિપઇ!

મ્હેરવાંન—પેલાં મોત્તા મોત્તા પુછડાંના ગમેસી. [બધાં હશેછ.]

કેકોબાદ—હં હં! ગાંમસ, ગાંમસ!

મ્હેરવાંન—હાં. ને દસ મન ઘુસ.

ખોરશેદ—મન કે રતલ?

મ્હેરવાંન—હાં રેતલ, રેતલ.

ખોરશેદ—ને ઘુસ કે બિલાડી?

મ્હેરવાંન—તે ઘુસ નહીં તો વરી બીજા સું?

અસલાજી—અરે ગોશ્ટ કહી મર. વાઇ બીજું શું?

મ્હેરવાંન—ઘુસ મોત્તાં સિંગ્ડાંના લાવેચ કે ચોતા સિંગ્ડાંના?

અસલાજી—એટલે તે શું વલી?

મ્હેરવાંન—પેલા મોત્તાં મોત્તાં સિંગ્ડાંના આવેચ, તેના લાવેચ કેની?

ખોરશેદ—અરે એ ગાયનું ગોશ્ટ કહી મરેછ કે શું?

અસલાજી—અરે તું મુવોરે બવારતો! અરે મ્હોટાં સિંગ્ડાનું નહીં, નાહ્નલાં સિંગ્ડાંનુજ લાવી મરજે.

મ્હેરવાંન—વેરૂં. ને ઘી, ને દુધ ને તેલ ને ધાન ને જીરાના મસાલા.

અસલાજી—બચી ગાંધીની દુકાણુજ કાંય નહીં ઉચકી મંગાવતો.

મ્હેરવાંન—ને તારકારી, કાંદા ને આદા ને ફાપેતા ને કેટલો ને કોહલાં..

ખોરશેદ—કોહલાં ને શિયાલ ને વરૂ ને તરસખી!

કેકોબાદ—અરે જંગલી, તું કાહરે શિખશે? કોહલું નહીં કોહ્ડું. ને કંતાલો નહીં, કંટોલાં!

મ્હેરવાંન—વેરૂં. ને એલેતી ને પેલેટીના સારૂં કાલાજી, ખુરૂા, રૂફસાંના તળ્યાં.

અસલાજી—એતો "કેહરે મોંહડાં શું ભાવેછ"? તેમ બોલ્યોજ જાયછ! પણ કંઈ ખરચનો ખિયાલ કરી મરશે? એટલી બજાર બાટલીવાલાના લગનપરબી નહીં આવી હોશે?

મ્હેરવાંન—ને બાઈને મીઠું ખાવાના, પાપડી, મલીદા ને ખીર.

અસલાજી—[ચિરડાઈને] અરે મર ત્હારૂં કાળું કર કંગાલ! તું મિઠાંનો ખવારતો મરે! સગનમાં પાપડી, મલીદો ને ખીર ખવાડી મરેછ! હેના બેહસ્તી બાપનો આજે રોજગાર હોશે! લે બા કેકૂ, [પોકિટમાંથી પાંચ રૂપ્યા કાહડી આપેછ] આય પાંચ રૂપ્યા લે, ને તુંજ જેમ સારૂં લાગે તેમ બજાર લાવજે બા. બને તો આમંદ પૂડિંગ કરવા કેહજે, ને વ્હીસ્કીની બાટલીબી લેતા આવજે. સોડા લેમોનેડબી લાવજે. ફ્રૂટમા કેલાં ના લાવતા બા, બાદી કરશે. લાવેતો અંજીર, નારંગી, મોસમ્બી, લીલી દરાખ, હેવુંજ લાવજો. પૈસા વધે તે પાછા આપતાં ભુલી ના જતો હં બા? કંઈ ગુસ્સો ના કરતો! વખતે તું આપતાં ભૂલી જાય, હું લેતાં ભૂલી જાઉં, તેથી કેહુંછ.

[કેકોબાદ બધાને ઇશારો કરેછ, બધાં ચૂપ હશેછ.]

કેકોબાદ—નહીંરે બા, ગુસ્સો શાંનો કરૂં? ત્હમારો વિસ્તર ભોલો જીવ છે, તેથી ત્હમેં કહ્યું, તેમાં ખોટું શું થયું.

અસલાજી—આજના વખતમાં પૈસા સાચવવા એ મ્હોટી દાનાઈની વાત છે. પાંચ રૂપ્યા ખરચતાંતો વાર નથી લાગતો, પણ મેળવતાં, લોહીનું પાણી કરવું પડેછ.

કેકોબાદ—હું ધારૂંછ કે બજારમાં વધારે ખરચ થશે, તેથી પેસતનજી માઈ ડિયરને ત્હાંથી આખતું ખાનું મંગાવ્યે તો કેમ?

અસલાજી—કોલમીની કારી સઉ આવશે કે?

કેકોબાદ—હાજી.

અસલાજી—ત્હારે તો બધી પંચાતી પતી.

મ્હેરવાંન—તારે એટલા બકત કેત કેત સાના કીધા? [જતાં જતાં] પાંચ રૂપ્યાના બજારના દસ રૂપ્યાના માંથા દુખ્વી.

[મ્હેરવાંન જાયછ, બિખ્ખઈજી તથા શીરિન દાખલ થાયછ, અસલાજી ઉઠી ઉભા થાયછ.]

અસલાજી—આવો બિખ્ખઈજી માય.

બિખ્ખઈજી—જી હાજી, બેશોબા. [બેશેછ.]

ખોરશેદ—આવો શીરિનબાઈ. [પોતાની પાસે જગા દેખાડેછ.]

શીરિનબાઈ—કંઈ નહીં બા.

[અસલાજી પોતાની પાસે બેસાડવાની તજવીજ કરવા છતાં શીરિન દૂર બેશેછ, અસલાજી ફજેત થાયછ.]

કેકોબાદ—શેઠ હું માઈ ડીયરને ત્યાં જઈ આંઉછ.

[અસલાજી ઈશારાથી હા કેહછ, કેકી જાયછ.]

અસલાજી—કેમ શીરિનબાઈ માય, તનદરોસ્ત છેવોની? કંઈ ખબર અંતર?

શીરિનબાઈ—હા, બા, ત્હમારી મ્હેરબાંનીથી. ખબર તો એ, કે આજના જામેમાં, પેલા બાપૂએ પોતાની ન્હાની વયની બૈયરપર બળાત્કાર ગુજારિયો, તે હેવાલ ઘણો કમકમાટ ઉપજાવનારો છે. હિન્દૂઓના રિવાજ વિશે પેલા બેહેરાંમજી મલબારીનું હેજીટેશન ઘણુંજ મુનાસિબ છે. જુવાન બાલકીઓને બાલ પાકેલા બુઢ્ઢા વાંદરાઓ સાથે પરણાવામાં આવેછ, ત્હારેજ હેવાં અઘોર ને અનીતિમાન, કરમ થાયછ કે ની?

અસલાજી—હા માંય, પણ પારસીઓને હિન્દૂઓ સાથે સરખાવા નહીં જોઈએ. આજના સુધરેલા વખતમાંતો જુવાંન કરતાં બુઢ્ઢાજ પરવડે. જુવાનો આજે બૈરી લાવી, કાલે કોઈ બીજી ચલકતી મલી, તો પેહલીને બિચારીને પાણીચું. ને બુઢ્ઢાતો કપાળે કાન મ્હોટેલા સમજી લઈ ચલાવે. બિખ્ખઈજી માંયને કેહું કે, એજ વિચારથી મ્હારી ગુલાનું મેં પાસેના ઉકરજી પીઠાંવાલા સાથે નક્કી કીધુંછ. પણ એ દૂકતી સમજતી નથી!

ભિખઇજી—નહીંરે મરૂં! ઉમ્મરે પુગવા પછી સઉ સમજશે. ગુલબાઈ માય, ખાઇયે મન ગમતું, પેહડિયે જગ ગમતું, ને પણિયે માય બાપને ગમતું.

અસલાજી—લાખ રૂપ્યાનો બોલ બોલ્યાં. મેં પકો વિચાર કિધોછ, કે કાલને બદલે જો આજે બેહુના માંથાં ધોવાતાં હોય, તો ધોઇ નાખું. ને ઘેરની સમ્ભાલ રાખનારૂં કોઇ માણસ મ્હનેબી જાઇયે કેની, તેના વિચારમાં છેઉં. કારણકે બધું નાદાન વાજું છે!

ભિખઇજી—[પોતાને માટે સમજી] હા બાવા, બેહસ્તનને ગુજરવાને સત્તર વરસ થવા આયાં, ને ત્હમારી મદારતને સારૂં કોઇ મનિખતો જોઇયે.

[ભિખઇજીનો વિચાર જાણવા ખોરશેદ ભરમમાં પુછેછ.]

ખોરશેદ—ભિખઇજી માય, બાવા કેહતાં શરમાયછ. એવનનો વિચાર એમ છે, કે ત્હમાંરાં કુટુમ્બની સગાઇ હમાંરાં કુટુમ્બમાં થાય તો ત્હમેં રાજી કે?

[ખોરશેદના સવાલને ભિખઇજી તથા અસલાજી પોતાની મતલબનો સમજી લેછ.]

ભિખઇજી—[અચકઇ તથા શરમાઇને] હા દિકરા, કાંય નહીં? હું રાજી, મ્હારો ખુદાય રાજી.

ખોરશેદ—શીરિનબાઇ માય, ત્હમેં રાજી કે?

શીરિનબાઇ—જી હું વિચાર કરશ. "શાશાન"નો સખુન છે કે,—

અબયાત.

જરા માનવી ધીરથી કર વિચાર,
ખુદાયે અગર અકલ બખ્શીછ યાર.
તુને કાન બે, જીભ છે એક, નેક,
સુણી વાર બે તુ, અને કેહ એક.
સુખન કેહ હેવો, રિઝાવી રિઝાય,
નહીં કે કંઇ રંજિદા તુજ થાય.

ખોરશેદ—ભિખાઇજી માય, બાવાજીતો એ ભલાઇનું કાંમ કરવાને આજે રાજી છે.

[ભિખાઇજી હજુર પોતાને માટે સમઝી શરમાયછ.]

ભિખાઇજી—ને બા હુંબી રાજી છેઉં.

ખોરશેદ—શીરિનબાઇ, ત્હમેં કેમ નહીં રાજી? જે મનમાં હોય તે બોલી દેવોની, કે ભરમ ફુટી જાય.

શીરિનબાઇ—પણ હું શું જવાબ આપુ? હું સમઝતી નથી કે ત્હમારો શું સવાલ છે?

ખોરશેદ—મ્હારો સવાલ એ, કે કોઇ ત્હમાંરા જેહવી છોકરી હોય,—એમજ સમઝો, કે ત્હમેં પોત્તે હોવ, તો બાવાજીની સગાઇ કબુલ કરો કે?

[ભિખાઇજી તથા અસલાજી ગુચવાડામાંથી ફારેગ થાયછ.]

શીરીનબાઇ—હું ત્હમારા સવાલથી ગુચવાતીતી, તે બરાબર ગુચવાતીતી. હવે મને સહમઝ પડી, ને એ બાબદનો મ્હારા ખ્વાબમાંબી ખિયાલ નહીં ઉતો. (સ્વગત) બુઢ્ઢો તો કેથો ખરોજ ખિસીગિયલો લાગેછ!

[ભિખાઇજી નામુરાદ થઇને.]

ભિખાઇજી—ખોરશેદબા, એહવું બોલિયે કેની? હુંતો કંઇ બીજુંજ સમઝતીતી!

અસલાજી—ને હુંબી એમજ સમઝતોતો કે ખોરશેદ કંઇ પોતાને સારૂં કેહછ.

ભિખાઇજી—આજના જુવાન, ઉછાછલા ને કમાઇ ઉપરાંત ખરચ કરનારા છોકરાઓ સાથ છોકરીઓને પરણાવી સદા સંકટના સાગરમાં હોમાંવ્યા કરતાં [અસલાજીને બતાવીને] હાવા દુન્યાંના ઘડાયલા ગૃહસ્થો સાથે પરણાવેલી ભલી, કે જીવતાં સુખમાં રેહ, ને ખુદા ન કરે ધણીની કજા રજા બાદ કટકો રોટલી ખાય.

અસલાજી—દરિન ચેરાક. પણ બધાં માંય બાપો ત્હમાંરી મ્હારી કાંની સમઝી મરે ત્હારે કેની?

[અસલાજીના હાતમાંની વીટીપર શીરિનની નજર પડેછ, શીરિન અસલાજીના દિલની પરખ કરે તે સારૂં ખોરશેદ તક મલવાથી વાત છેડેછ.]

ખોરશેદ—બાવાજી, શીરિનબાઈને જરા વીટી જોવા ગમેંછ. શીરિનબાઈ, શું સરસ નંગ છે હં! [સ્વગત] બાવાજી પોતેબી એક નંગજ છે.

[અસલાજી તંગ દિલે વીટી આપવાને બદલે
આંગલી દેખાડેછ.]

શીરિનબાઈ—ખરેખર રાતનાતો જાણે સિતારા ચમકેછ!

અસલાજી—જેમ "હાથી દરબારમા, સિપાઈ સરકારમા," તેમ વીટીની શોભા આંગલી પરજ છે.

ખોરશેદ—મ્હારૂં કેહવુંબી તેમજ છે. પણ જોઇયે, શીરિનબાઈની આંગલી પરબી શોભેછ કે નહીં?

[ખોરશેદ વીટી કાહાડવા ચાહેછ, અસલાજી
આનાકાની કરેછ.]

અસલાજી—વલી એવતની આંગલીમાં નહીં શોભે?

[આખર જોર કરવાથી વીટી નિકલેછ, અને
ખોરશેદ શીરિનને પેહડાવેછ, અસલાજી
રાતા પીલા થાયછ.]

શીરિનબાઈ—વાહ! મરે જિન્દગીમાં હાવી કીમતી વીટી આજેજ પેહડી હં! આપડાં કાંહથી હેવાં નસીબ કે હેવા હીરા પેહડિયે! લેવો બા.

[શીરિન પાછી આપવા ચાહેછ, અસલાજી
અધીરા પડી લેવા જાયછ, ખોરશેદ
અટકાવેછ.]

ખોરશેદ—કંઈ નહીં, પેહડારે માય! ત્હમુને પસંદ, તે બાવાને નાપસંદ કેમ હોય? બાવાજીને ખુદાય સલામત રાખે તે એવત પોતેજ વીટીપરના નંગ છે, એટલે હેવાં નંગની શું બિશાત.

[અસલાજી ધીરજ ખોઇ દેછ.]

અસલાજી—નહીંરે માય! એતો મસખેરી કરેછ હં! એ વીટીતો મ્હને સોગાદ મલીછ. [સ્વગત] અરે તું મરેરે તું!

ખોરશેદ—નહીં બાવાજી, તેતો ન્હાહલા હીરાની!

અસલાજી—હા પણ તે, [ખોરશેદને બોલાવીને કાનમાં] અરે ત્હારૂં ખાંનું ખરાબ થાય! કાંય ડાહરૂં કરી મરેછ.

ખોરશેદ—[કાનમાં] હવે આપયા પછી પાછી લેતાં ખરાબ લાગશે. "આપે દાન, લિયે દાન, જે માગે તે મુસલમાન." [વાત ઉડાવવા શીરિનને] બાવા કેહછ, કે ખરેખર, તે વીટીતો બીજી છે.

શીરિનબાઈ—નહીંજી. એ એવનને મુબારક!

[શીરિન આપવા ચાહેછ, ખોરશેદ રોકેછ.]

ખોરશેદ—નહીંરે માય! રાખો. એવન કેહતાં શરમાયછ, તેથી મ્હને કેહછ, કે "હવે પાછી ના લેતો."

શીરીનબાઈ—નહીંજી માફ કરો. મ્હેરબાંની.

[ખોરશેદ અસલાજીના કાંનમાં કેહછ.]

ખોરશેદ—[કાંનમાં] બાવાજી, હવે માંડીજ વાલજો હં, નહીંતો ઘણું ખરાબ લાગશે!

અસલાજી—[કાંનમાં] અરે ત્હારૂં સત્યાનાસ થાય, લઇ મર! પાંચ શો રૂપયાની ધાર આપેલી છે.

[કાંનમાં કહેલી વાતને ફેરવી તોલી ખોરશેદ બંધેને કેહછ.]

ખોરશેદ—બાવા કેહછ કે, "એવન આપણને ધિક્કારેછ, કે હાવી નજીવી ભેટ કબૂલ રાખતાં નથી."

ભિખાઇજી—નહીંરે મરૂં ધિક્કારે શાંના? તમુંને જી.

ખોરશેદ—ત્હમેં એક વીટીથી ઘબરાઇ ગિયાં? હેવી વીટીતો બાવાજી ફુલ્લા દિલથી ઘણી પેહડાવશે. [શીરિન આપવા સારૂં હાત લામ્બો કરેછ તેને અટાકવેછ.] મ્હાગ સમજો! મ્હાગ બાવના સમજો! [ભિખાઇજી ખોરશેદની જીદને ખરી સમજેછ.]

ભિખાઇજી—લે માય શીરિન, સમ ખાયછ ને બોહોસ કરેછ, ત્હારે લેવીજ જોઇયે.

અસલાજી—[સ્વગત] લેતીબી મરે, ને તું આપતોબી મરે!

શીરિનબાઇ—મ્હનેતો બા શરમ લાગેછ!

ખોરશેદ—ભિખાઇજી માય, ત્હમુને બોહોંસ કરવીજ પડશે, ને શીરિનબાઇ માય, ત્હમુને રાખવીજ પડશે. [ખોરશેદની જીદથી અસલાજી ફિક્કા તથા લાચાર થાયછ.] જોવોની, બાવા બિચારા દિલગીરીથી ફિક્કા ને દંગ થઇ ગિયાછ!

ભિખાઇજી—હે માય, ઘણા કાલાવાલા કરાવવામાં કંઈ સારૂં નથી લાગતું. બીચારા તેવન નકાંમાં બસિયાંના થઇને મોહનું જોયા કરેછ! [અસલાજી વધુ ઘભરાયછ.]

અસલાજી—કંઇ નહીં માંય, કંઈ નહીં. ત્હમારી મરજી હોય તો પાછી આપો.

[પાછી માંગવાની મતલબને ભિખાઈજી જુદૂ સમઝેછ.]

ભિખાઇજી—[ચિરડઇને] જોની, નકાંમી દાહી થયા કરેછ તે! તેવન ચિરડઇને પાછી માંગેછ, તેબી સમઝતી નથી.

શીરિનબાઇ—વારૂંજી. હું મ્હોટી ખુશી સાથે કબુલ રાખુંછ.

[અસલાજી હાય મારેછ.]

અસલાજી—[સ્વગત] મુવો! વીટીપર પાણી ફરિયું! ખોરશેદ, તૂં મરેરે!

ખોરશેદ—મ્હોટી મ્હેરબાંની થઈ! બાવાજી તરફથી હું, ત્હમારો ઉપકાર માનુંછ.

અસલાજી—[સ્વગત] બાવાજી મરે પાછલી રાતના, ને તું મરે આગલી રાતના, આજે પિડાઓને બોલાવીજ નહીં હોતે, તો મ્હારૂં નખોદ નહીં વલતે? [મ્હેરવાંન દાખલ થાયછ.]

મ્હેરવાંન—શીઠ, તુને કોઈ મોતીદી પુછેચ.

અસલાજી—[ફફડાટથી] કહી મરની કે "કામમા છેઉં." એ વલી કોન મુવોછ!

મ્હેરવાંન—ને રૂપ્યાના ગુનપાત લાવેચ, તે ઊં લેચ?

અસલાજી—[ચોંકીને] શું રૂપ્યા લાયોછ? ત્હારે તો ચાલ હું આંઉછ. [ભિખાઈજીને] માંય, હું આંઉછ હં!

મ્હેરવાંન—[સ્વગત] પેલ્લાં, કુતરાના જેવા કદવા આવેચ, ને રૂપ્યાના નામ સાંભલેચ તો બકરી જેવા થાયચ.

[મ્હેરવાંન ચાલા કરી જાયછ, અસલાજી જતાં જતાં અફસોસ કરેછ.]

અસલાજી—[સ્વગત] અરે ખોરશેદ! તું પેદાનો પડતો મરેરે!

[અસલાજીના જવા પછી શીરિન અસલાજી વિશેનું મત ખોરશેદથી જાણવા ચાહેછ.]

શીરિનબાઇ—ખોરશેદ, ત્હમારા બાવા વિશે ત્હમારૂં શું મત છે?

ખોરશેદ—જે ત્હમેં ધારો તે.

ભિખાઇજી—ધારે શું વલી? જુઠ્ઠા છે. પણ બાહેરાબી તેટ" લાજ છે.

ખોરશેદ—શીરિનબાઇ, જો હરકત નહીં હોય તો એક ગાયન ગાઇ સમ્ભલાવો! મ્હેરબાની થશે.

ભિખાઇજી—ગાશેબા, વલી કાલાવાલા શાના કરોછ?

શીરિનબાઇ—ત્હારે ત્હમુનેબી એક ગાવું પડશે.

ખોરશેદ—મ્હોટી ખુશીથી. [શીરિન પ્રીતિ વિશે ગાયછ.]

દોહડા.

કપટિ મિત્ર કરવો નહીં, જો ખસખસનૂ ફૂલ,
જાહિર રંગ ગુલાબનો, મ્હાય જહરનુ મૂલ.
મિત્ર મિત્ર સઉજન કહે, કૌન કોઇનો મીત?
હાલ મિત્ર કાલ વેરી, જલજો હેવી પીત!
દાગીલો કોટી કરે, ગલે ઓળવે હાત,
ફાંસી છે! નહિ હેત તે, જાણુ પ્રાણની ઘાત.

જીલા—ગજલ—બલોચા જાલમા—રાહ.

શીરિનબાઇ—કમીનાની નહીં ચાહા કદી કર,
અગરચે હોય યુસફબી ઘડી ભર.—કમીનાની.
જમીંમાં વાંસ રોપી, શેરડીની,
કરે જે આશ, તે મુરખો બરાબર.—કમીનાની.
અગર પીતી કરેતો ગૌરથી કર,
કસોટી પર જુવે સોની કસી જર—કમીનાની.
પિછાણે પ્રીત તે રબને પિછાંણે,
ફરી પ્રીતી નિભાવે તે ખરો નર.—કમીનાની.
જુઠી પ્રીતી નરસ, બસ કસ વગરની,
ખરી "રોશન" રસાલી છે ખરેખર.—કમીનાની.
[બધાં તાલીથી શાબાશી આપેછ.]

ખોરશેદ—હવે મ્હારી વારી આવી, શાંભળો.

પહાડી–ઠુમરી.—ચલી આલા પો પો પો–શાહ.

હરદમ યાદી છે મુને તો વ્હારીરે,
સદા વ્હારો છું હુંતો પુજારીરે.—હરદમ.
છું હૂં ખતાવાર ગર, મ્હેરની કરે નજર;
જો તું માયાલૂ તો હૂં ચાલૂં વિચારીરે.—હરદમ.
[બધાં તાલીથી શાબાશી આપેછ.]

ખોરશેદ—આવો માય, જરા ચાહે પીજિયે.

શીરિનબાઈ—મ્હારૂં તો પેટ ભરેલું છે, ત્હમેં લોકો પી આવો. હુ તો જરા આલબમ જોઉછ.[શીરિન આલબમ જોયછ, બધાં જાયછ.] મરેરે! ગુલાની બેહસ્તન માયની સખી જાણે નકરી ગુલા! જન્મ આપનાર માતાને બાળપણમા ખોહવી, હેના જેહવું કમનસીબીનુ મંદાન બીજું કીયું છે? માતા વગરના ખોરશેદ તથા ગુલાની હાલત કેહવી છે! બુઢ્ઢા બુઢ્ઢાપામા મ્હારા જેહવી નાદાન સાથે પૈસાની કુમ-કપર પણવા માગેછ! હેફ પડજો હેના કમ અકલોપર! [વિચારીને] હાવો સડેલો મામલો જોઈ મ્હને બીજુંજ સુઝેછ. એક કાંકડામાં બે પક્ષી મારવાની આય એક અછ્છી તક છે. એક તો બુઢ્ઢાની હમ-ફઈનો અંજામ જોવો, અને તે સાથે બીજું, ખોરશેદની વફાદારી અને મ્હારી તરફની આખર સુધીની વળાંણ જોવી. [ખોરશેદ આવેછ તેના પગલાં શાંભળીને] એ લોકોએ ચાહે પિધી કે?

ખોરશેદ—ચાહેતો પી રહ્યાં, હાંજ આવતાં હોશે.

શીરિનબાઈ—હું જરા જઈ આઉછ.

[શીરિન જવા ચાહેછ, ખોરશેદ અટકાવેછ.]

ખોરશેદ—શીરિનબાઈ, કંઈ ગુસ્સો નહીં કરો તો હું ત્હમારી સાથે થોડી વાત કરવા માગુંછ.

શીરિનબાઈ—વલી કંઈ મુકદમાની ને વકીલ બારિસ્ટરની વાત છે કે! બેહસ્તન બચુબાઈ ને પિરોજબાઈના ગમખ્વાર મોત પછીતો મુકદ્દમાંનુ નામજ શાંભળતાં ધ્રુજરાં છુટેછ.

ખોરશેદ—હા, ને તે દાહડેતો મુકદમાંનીજ ટપાટપી ને મસ-એરીમાં દિલની વાત દિલમાં રહી ગેઈતી. પણ આજે હું જાણવા માગુંછ, કે ત્હમારે માટે મેં જે ઉમ્મેદ બાંધીછ તે ઉમ્મેદમાં હું ફતેહ

પામશ કે નહીં? હું જાણુંછ, કે બાવાજીના ખાંમ ખિયાલને ત્હમેં ધિક્કારોછ, ને તેવનનો એ ખિયાલ કેટલા દરજજા સુધી પોંહચેછ, તે જોવા માગોછ, પણ તે સંવુ છોડી દઇ, મ્હારા જેહવો એક તલબગાર, ત્હમારા બુલંદ તાલેને લાયક છે કે નહીં, તેનો જવાબ આપો? હું નહીં ધારતો કે ત્હમાંગ જેહવી કેલવાયલી, અનુભવી અને ચંચલ બાનૂ બાવાના પૈસાપર લોભાય, અને ખૂબી ખસલતની કદર નહીં કરે!

શીરિનબાઇ—પૈસાપર કાંય નહીં લોભાય? આજે ઇમાન, યકીનૂ, ફરજ ને મોહબ્બતની કદર કોન કરેછ? શું અદના, શું આલા, સર્વે પૈસાની કદર વધૂ સમજેછ, ત્હારે હું ત્હમારા બાવાજીના બુઢાપણાનો તથા ખસલત ખુબીનો ખિયાલ નહીં કરી, તેવણના પૈસાનો ખિયાલ કરૂં, તો ખોટું શું છે? શું જાણતા નથી, કે એક લાયક માણસની સ્તુતી ત્હમેં જોઇયે એટલી કરો, પણ શેવટે તે, "ગરીબ છે" એમ જણાવો તો તે સ્તુતિની અસરજ કોઇ કરાંમતી અસરથી જતી રહેછ? આજના જમાંનામાંતો આય બાબદ મુકરર જણાયછ, કે દોલતમંદમાં ખાંમી નથી, ને ગરીબોમાં ખુબી નથી.

ખોરશેદ—હું ત્હમારૂં મોહડું જોઇને કહિ શકુંછ, કે ત્હમેં બોલોછ કંઇ બીજું, ને અસલ જે છે તે ત્હમારા મનમાં છે. (શીરિન મલકાયછ. ગુલબાઇ આવેછ.) કાંય માંય કાંહ છે?

ગુલબાઇ—તેવન કેકોબાદ સાથે હૉલમાની સબી જોયછ. હું આસા રાખુંછ કે અન્તરની વાદલી વિખરઇ જવાથી અરમાંનનો વરસાદ વરશિયો હોશે.

શીરિનબાઇ—તે શું વલી?

ગુલબાઇ—તે એજ કે બંવેના મનમાં જે હોય તે, એક એકને કહી, વિચાર મન પસંદ જણાય તો એકમત થવું.

શીરિનબાઇ—પણ મનમાં કંઇ હોયજ નહીં તો પછી એકમત કેમ થવાય?

ગુલબાઇ—શીરિન "મનમાં ભાવે ઓર મુંડા હિલાવે," તેમ ના કર. ત્હારી મતલબ હું સમજી ગેઇછ. તું બેદરકારી બતાવી ખોરશેદને કસી જોવા ચાહેછ, કે કેટલા ટચની પ્રીત એ ત્હારી તરફ રાખેછ. પણ ખાતરીથી જાણજે, કે ત્હારી પરખની કસોટીપર એ સો ટચનુજ સુઝુ નિવડશે.

શીરિનબાઈ—સુનાને સોની કસે. હું કઈ સોની નથી કે સુનાની પરખ કરૂં! જેને સુનાની જરૂર હોય, તે પરખ કરે ને કરાવે.

ખોરશેદ—ઔરત જાતનું ખમીરજ પરવરદેગારે શરમનું બનાવેલું છે, કે ભિતરમાં હોવા છતાં, તે શું છે તે પ્રગટી નથી નિકળતું. શીરિનબાઇના મનમાં કંઇ બીજીજ બાબદ છે, પણ મનની વાત મનમાં રાખી કોઇ તલબગારને ટવલાવવો એ ના મુનાસિબ છે.

ગુલબાઈ—(ચરકા કરીને) શીરિનબાઇ માંય, હવે વધારે અનકા કરવાને બદલે, જે તે ફરચો ફૈસલો હા નાનાં જવાબમાં કહી દેવો તો સારૂં. ત્હમેં એક બે ઠેકાણે પેહલાં એ વાત ચરવાવી, પાછલથી ના કહી તેવોની હસી કરાવી, તેમ ખોરશેદની હસી હું કદી થવા દેવરા નહીં.

શીરિનબાઈ—(ગુસ્સામાં) ગુલબાઈ, મેં હસી કોઈની કરાવીજ નથી, તો પણ મ્હને ઘેર બોલાવીને અપમાન કરવાની ત્હારી શું મતલબ છે તે સમઝી શકિત નથી!

ખોરશેદ—ગુલા, કાંમ જોડવાને બદલે તું તો તોડછ! આપડી મકસદ તોડવાની છે કે જોડવાની?

ગુલબાઈ—ભઇ, તુને ખબર નથી! શીરિનની મતલબ એ છે, કે તુને ડોલતો રાખી લોકમાં જણાવવું કે, "અસલાજી જેહવા માતબરના દિકરા ખોરશેદનેબી શીરિનબાઈયે નાપસંદ કિધો," કે જેથી બીજાં મ્હોટે ઘેરના કાજ એવન સારૂં આવે!

શીરિનબાઈ—ગુલબાઇ, સારૂં થયું કે મ્હારે સારૂં ત્હમારા મનમાં શું છે, તે આજે આપોઆપ વોમિટ થયું! હવે પછીબી જો હું ત્હમોથી ઠગાઉં, તો તેમાં મ્હારો વાંક છે.

ખોરશેદ—શીરિનબાઇ, એટલો ગુસ્સો કરવાનુ કંઈ કારણ નથી. જો ત્હમેં રાજીજ નથી, તો હું મ્હારો વિચાર આજથી ફેરવી, જેણી મ્હને ચાહેછ તેના તરફ બેદરકાર હતો, તેણીને મ્હારૂં દિલ સપુરદ કરશ.

[શીરિનને બીધરાવા ખોરશેદ ગલત વાત કહી સમ્ભલાવી, જેથી શીરિન ચોંકેછ. તકરારનો અવાજ શાંભલી કેકોબાદ તથા ભિખાઇજી આવેછ.]

ભિખાઇજી—કાંય શું છે? વલી સાંના ટપાટપીપર આવી ગિયાં. ત્હમેં હમેશ વાત કરતાં મરઈજ પડશો કે?

શીરિનબાઇ—[ભિખાઇજીને] આપડે શું જાણિયે કે આપડે સારૂં કોઇના મનમાં શું છે? ગુલબાઇ કેહછ, કે મ્હારે સારૂં એક બે કાજ આયાં, તે લોકોની મેં હસી કરાવી!

[અસલાજીને આવતા જોઇને ખોરશેદ બધાંને રોકેછ]

ખોરશેદ—સાંમ્બેથી બાવા આવેછ. ચાલો માંય હવે એ વાત માંડીવાળો તો સારૂં. ગુલા, તુંબી વાત શું કરવાની, ને કાંહથી કાંહ ચાલી! [સ્વગત] મુહરતમાંજ કચુમ્બર થાયછ, તેનો પાછલથી કેમ નિવેડા આવશે! [અસલાજી દાખલ થાયછ.]

અસલાજી—માફ કરજે હં જરા વાર લાગો માંય!

ભિખાઇજી—[ગુસ્સામાં] કંઇ નહીં બા!

[ભિખાઇજીને તથા શીરિનને ગુસ્સામાં જોઇને.]

અસલાજી—કાંય માંય, એમ કાંય! [શીરિનને] શીરિનબાઇ દિલગીર કેમ? [સ્વગત] ખોરશેદે કંઇ ભાંગરો વાટિયો શું!

ભિખાઇજી—નહીંજી કંઇ નહીં. ભઇ બેહન સાથે વાત કરતાં જરા અથડી પડયાં!

અસલાજી—[ચિરડઇને] અરે ત્હમુંને જરા અકલ છે કે નહીં, આ ઉખડાઓ! ઘેરમાં તેડીને કોઇને ગુંગલાવવાં? જાવો, ત્હમારૂં કારૂં કરો બેહુ જન હંઇથી? મરી જાવ, દફે થાવ!

[ગુલબાઇ ચીડમા ચાલી જાયછ, ખોરશેદ જતાં જતાં]

ખોરશેદ—ચાલો, પરણી રહયા! ડાહરાંમાં પુરૂં ડાહરૂં થવાનું! [જાયછ]

ભિખાઇજી—કંઇ નહીં બા, એતો હોય! ત્હમેં શાના ચિરડાવોછ?

અસલાજી—નહીં રે માય! એ શું બોલોછ? મ્હારૂં લોહી ઉકલી આવુંછ! નાપાકો કંઇ સરો પરો રાખતાં નથી! જે દાહડની મેં મ્હારાં કાજની વાત કાહડીછ, તે દાહડના બેહુ, ચિથડાં ફારી મરેછ! ભિખાઇજી માયને કેહું કે મ્હારા બેહસ્તી બાવાએ તન બૈરી કિધીતી,

ને હું જરાબી નહીં છેડાયોતો! જુવાનો પરણે, ને બુઢ્ઢા થયા તેથી શું ઝુરિયા કરિયે? જ્હાંસુધી શીરિનબાઇ સાથે ચાર ચોખા માંથાંપર પડશે નહીં, ત્હાંસુધી પંચાત પતવાની નથી.

ભિખાઇજી—દિકરી ત્હારી શું મરજી છે? જે હોય તે અસલાજી બાને જણાવની?

શીરિનબાઇ--જે ત્હમાંરી મરજી તે મ્હારી મરજી.

[અસલાજી ખુશી થાયછ. શીરિન મૂછમાં હશેછ.]

ભિખાઇજી—લેવો બા, ત્હારેતો કોઇ સારો જેહવો દાહડો જોઇને એ કાંમ પેહલ્લું કરી નાખો મરૂં, કે જીવને નિરાંત મલે.

[અસલાજી આંગલાં પર દાહડા ગણેછ]

અસલાજી—આસ્તાદ, આસમાન, જમિયાદ, મારેસપંદ ને અનેરાં. હોરમજદ રોજ ઠેડવ્યે તો ઠીક, કે હોરમજદ, હાવા શુભ કાંમમાં જરૂરજ યારી આપશે. ચાલો માંય આવો જરા છાંટો લઇને નાક સુકવિયે. [સર્વે ઉઠેછ, અસલાજી ચાલતાં] જો મરજી નહીં હોય તો ના પીતાં, હં માય! આપડ કંઇ દારૂની બોહોસ નથી કરવાના બા. [સર્વે જાયછ, કેકોબાદ અફસોસ કરેછ.]

કેકોબાદ—આજથી આય ઘેરની ખાંનાખરાબી શુરૂ થાયછ! બુઢ્ઢો, જુવાન શીરિનની જુવાની પર ઘેલો થયોછ, અને તે ઘેલાપણાનો અન્જામ ભય ભરેલો લાગેછ! વડવાઓની કેહવત બરોબર છે કે, "સાહઠી ને બુઠ્ઠી નાહઠી." પેલા રોશનનું કલજુગ વિશેનું ગાયન બોલે બોલ મલતું છે.

Let go the anchour—air.

ઇંગ્રેજી—લેટ ગો ધ એન્કર ઓયજ—રાહ.

બસ કળજૂક આયો બેધડક, નહિં શક, બેશક આયો,
જ્યાં જોશો ત્યાં ખુદ મતલબી, ને મતલબમાં ડાહ્યો.
હિતકારી કામો વહિ ગિયાં, બસ રહલો છે સાયો,
જો રીતી જગમા એ રહીતો શાયોબી ધાયો!
બાયડી જુવાન રહાય ઢાંખરા ચડેલ,
ડર ન રાખી દુન્યાંનો બસ ઓઠી કાહડ પ્હેલ.

પૈસાથી સઉ છે મેલ, પૈસાથી ભેલમભેલ,
છે કળજુકના કૌતકનો "રોશન" આય એલ.

કંઇ લુલા, ઠુંઠા યા કડક, અક્રમ કે એકેપઈ,
વર સોધે કણ્યા જર થકી, મતલબ બસ જરની ભઈ.
નહિ પરવા જગની, યા નહીં અસલત ખૂબીની કંઈ,
દિકરી રન્ડાયાની વડી, વહુ લાવે ટાંગણ બઈ.

બાયડી જુવાન ર્‍હાય ઢાંખરા અડેલ,
ડર ન રાખી દુન્યાંનો બસ ઓઢી કાહડે પ્હેલ.
પૈસાથી સઉ છે મેલ, પૈસાથી ભેલમભેલ,
છે કળજુકના કૌતકનો "રોશન" આય એલ.

થઈ માયા ગુપચુપ ફુલ વિદા, મુરવતબી ન્હાસી ગઈ,
મજહબપર નહિ કંઈ દિલ રહ્યું, દિલદારી ગઈ વિખરઈ.
લુચ્ચાઓ ફાવે શક વગર, ને રાંકો હારી જઈ,
મુછ ઉંચી તે નીચી કરે કળજુકને તાબે થઈ,

બાયડી જુવાન ર્‍હાય ઢાંખરા અડેલ,
ડર ન રાખી દુન્યાંનો બસ ઓઢી કાહડે પ્હેલ.
પૈસાથી સઉ છે મેલ, પૈસાથી ભેલમભેલ,
છે કળજુકના કૌતકનો "રોશન" આય એલ.

સઉ લાલચ, પૈસા ને હવસ, એ ત્રણને સમજે બદ,
બદ સમઝીએ બાબદ બુરી, કયમ કરતા નહિ બસ રદ?
ને "ટાવર ટ્રેજેડી" થકી હમ કૌમેં ઓયું પદ,
પણ ખૂની દોજખમા જશે સતજુગની આવી હદ!

બાયડી જુવાન ર્‍હાય ઢાંખરા અડેલ,
ડર ન રાખી દુન્યાંનો બસ ઓઢી કાહડે પ્હેલ.
પૈસાથી સઉ છે મેલ, પૈસાથી ભેલમભેલ,
છે કળજુકના કૌતકનો "રોશન" આય એલ.

[અફસોસ કરતો દેકી જાયછ, બીજી તરફથી
ખોરશેદ અફસોસ કરતો દાખલ થાયછ.]

ખોરશેદ—બુઢ્ઢો તો ચળી ગિયોછ! પણ રાંડ ડાકણને ખિ-
યાલ નહીં આવતો હોશે, કે પોતાના બાપ જેહવા સાથે પણવા નિ-

કુળીછ! ને માંયતો દિકરીને અસલાજી સાથે નહીં, પણ પૈસા સાથે પરણાવી મરેછ! મ્હને આય બધાં કારસ્તાંન રાંડ સુબ્બલીના લાગે-છ. રાંડ પૈસાની લાલચે બાવાને બીજુંં સમઝાવેછ, ને મ્હને જુદો આરંગો દખાડેછ! [વિચારીને] શીરિન, તું મ્હારી આસાના બાગ-મા નિરાસીનો પવન ફુકી મુરાદના ફુલોપર ખિજાં લાવશે, હેવું હું નહીં ધારતોતો! [ગુલા દાખલ થઇને ઓરશેદને દિલાસો આપેછ.]

ગુલબાઇ—ભઇ તું કંઇ ફિકર ના કરતો હં! એતો રાંડ અમથી નખરાં કરેછ. મ્હારી આગલ કેહતીતી કે, "ત્હારા બા-વાનો વિચાર મ્હારી સાથે પણવાનો છે, અને એ હમકઇ ભરી ચાલને સારૂં મ્હને તેવનને ચેરવવા ગમેછ." મેંતો ના કહ્યુંતું, પણ હું ધારૂંછ કે હેને એજ બાજી માંડીછ. રાંડ ઘણી જિદ્દી છે. કંઇ ઠાંણેછ તે કરવા વગર નથી રેહતી. ઘણી ખંતીલી છે.

ખોરશેદ—જો એમજ હોય તો સારૂં, નહીં તો આપડી બધાંની ફજેતી થશે. મ્હનેતો એમ વિચાર આવેછ, કે ત્હારી સાથની જીદને ખાતર નહીં પણવાની ઇચ્છા હોશે તોબી પણશે!

ગુલબાઇ—એ ત્હારો ખોટો ખિયાલ છે. હું શરત કરૂંછ કે એ ત્હારીજ સાથે પણશે!

ખોરશેદ—મેંબી દમ ભરાવા તોલ્લો મારયો, તે તું સમઝીતી કેની? કે, " આજથી જેણી મ્હને ચાહેછ તેણીને મ્હારૂં દિલ સપુરદ કરશ."

ગુલબાઇ—હા હું સમઝીતી. [વિચારિને] હું ધારૂંછ કે એ તુને અજમાવેછ!

ખોરશેદ—ખુદા કરેને ત્હારી વાણી સફળ થાય!

ગુલબાઇ—ખુદા કરશે તો સફળજ થશે

[ગુલા જાયછ, કેકી આવેછ.]

કેકોબાદ—ખોરશેદ, આખર શીરિને ત્હમારા જવા પછી ભિ-ખાઇજીના પુછવાથી બાવા સાથે પણવાની મરજી જણાવિછ.

ખોરશેદ—હું તેજ અફસોસ કરતોતો, કે શીરિન વિશેની મ્હારી ગણત્રી ભૂલ ભરેલી હતી! ગુલાએ છેડવાથી એટમાંતો આય

ડુફતી ધાન નહીં બગાડતી હોય! કેકી, ત્હારી શું સલાહ છે? કો-ઇબી રીતે આવ લગન અટકાવવાં જોઇયે! જે ઘડીએ મોબેદો આ-શીર્વાદ દેતાં "પસંદ કર્દ" કરી પુછશે, તેજ ઘડીએ તે સખુનો તીર માફક મ્હારાં સીનામાં ભોંકાશે!

કેકોબાદ—હું દિલગીર છેઉ! હું શું સલાહ આપુ!

[સુખલી આવેછ.]

ખોરશેદ—કેમ સુખલી?

સુખલી—જી ભઇ, ગેરમાં બ્યાની ધામધુમ થાયચ, ને તમેતો દુશમનના ગેરમાં માયતમ ઓય, તેમ શું કરોચ?

ખોરશેદ—રાંડ, એ ત્હારા કારસ્તાંન છે. બ્યાહની ધાંમધુમના એ ત્હારા પેગાંમને, હું મૌતનો પેગામ સમજુછ. તેંજ પૈસાની લા-લચે મ્હારી વિરૂધ ને બાવાજીની તરફેનમાં કહી, આવ લગન લગાડિયાંછ!

સુખલી—બાપા, હું ખદાયજીને આજર નાજર જાણીને કે-ઉંચ, કે જેવું કરે તેવું પામું, ને મારી મરતી ભાયમાં જોઉં. મેંતો તમારા ગલેથી તોક કારવા સારૂં અસલાજી સાથે ગોઠયવું.

[કેકી મતલબ કાહડવા સારૂં સુખલીની વાતને બીજું રૂપ આપી ત્હેનો બચાવ કરેછ.]

કેકોબાદ—ખોરશેદ, કદાચ સુખલીએ સારી નિષ્ટાથીજ એમ કિધું હોશે! અને જહારે ત્હારી મરજી જાણીછ, ત્હારે વખતે શીરિન અથવા અસલાજી શેઠને સમજાવી ત્હારૂં કાંમ પાર પાડી આપશે.

ખોરશેદ—જો સુખલી, તું એટલું કામ કરે, તો હેનો પુરતો બદલો આપવાને હું ચુકસ નહીં [નોટ કાહડીને આપેછ] લે આવ રૂપ્યા પચાસ, ને બાવાજી તથા શીરિનની ગોઠવણ કોઇબી તદબી-રથી રદ કર, ને તેમ કિધા પછી હું બીજા રૂપ્યા પચાસ આપશ.

[સુખલી જુઠી આનાકાનીથી નોટ લેછ.]

સુખલી—જી ભઇ તમારૂં નથી ખાલીતો કોનનું ખાઉંચ? આવ આડપર ચામડાં છે તેબી તમારાંજ છે. લેવોજી.

[નોટ પાછી આપવા ચાહેછ, ખોરશેદ અટકાવેછ.]

ખોરશેદ—નહીં, કંઇ નહીં. હું ખુશીથી આપુંછ.

[સુખલી ઓવરણા લેછ.]

સુખલી—ઊ મરૂં, ઘણાં સુખ જોવો ને આંખે ઉજરડાં. જોઉંયે, જઇને શીરિનબાઇને સમજાવુંચ. મારીથી બનસે તેવું કરસ. [જતાં જતાં સ્વગત] પચાસતો પાયકા, જોઇયે બીજા કેટલા પાકેચ.

[સુખલી જાયછ.]

અંક બીજો—પ્રવેશ બીજો.

શીરિનનું મકાન.

[શીરિન સીવતાં સીવતાં ખોરશેદની પ્રીત તરફ શક લાવી, તથા તેને ભરાવેલા જુઠા દમને સાચો માણી, તેની તરફની નિરાસીને લગતું ગાયન ગાયછ.]

I'll be all smiles tonight—air.

ઇંગ્રેજી—આઇલ બી ઓલ સ્માઇલિસ ટૂનાઇટ—રાહ.

શીરિનબાઇ—આ દિલ દિધું તું યારને ગણી ખરો ધણી,
દિલદારિ નહીં કિધી તુએ જરાબિ મુઝ ભણી,
જો સૌકનીજ પ્રીત તેં ભલી રુડી ગણી,
તો ચાહ નહિં ચલાવવી હતી ફિતુર તણી.
જા હું ખુશી, તું થા ખુશી, બસ થશે ખુશી કરીમ,
છે એ દુઆ કદી નહીં કરે જુદાં રહીમ.
લગનમાં હું બની ઠની ખુશી થઈ ફરશ,
જે રંજ લાઉ તન ભિતર, દુઃખી થઇ મરશ.
"પસંદ કદું," હું શાંભળી, શુકર! શુકર! કરશ,
ઠાંમી જિગર હું દમ સદા, સબર! સબર! ભરશ.
જા હું ખુશી, તું થા ખુશી, બસ થશે ખુશી કરીમ,
છે એ દુઆ કદી નહીં કરે જુદાં રહીમ.

હું આસથી નિરાસ થઈ મકાં તરફ ફરી,
પલંગ ઉપર જવા પછી હું બન્દગી કરી,
જિગરથિ ચાહિ ખુદાને દુઆ દઈ ખરી,
"રૈરાન" કરશ સિહા મકાં, સબરથિ હું જરી.
જો હું ખુશી, તું થા ખુશી, બસ થશે ખુશી કરીમ,
છે એ દુઆ કદી નહીં કરે જુદાં રહીમ.

સુખલી—ઉં મરૂં, જી ભરૂં, ઘના સુખ જોવો ને અખખઈ થઈને રેવો. શીરિનબાઈ, તમેંબી બઉ જાચાં, અં! ભિખઈજીબી એમજ જાણેચ કે તમેંતો ખરેખર શેઠ સાથે પણવાનાજ છેવો.

શીરિનબાઈ—હેમાં ખોટું શું છે? ખરેખર મેં પણવાનો પ-ક્કોજ ઠેડાવ કિધોછ. [સ્વગત] બુઢાની લેવડી કરવા.

સુખલી—તેતો ભલે મરૂં! પયણીને ઘણું સુખ જોવો ને દી-કરાં દીકરી જણો. પણ બીજો વિચાર કરતાં એસોતો સૂજમાં રોજા ઓલસોજો? બૈરી જતી મુકશે, પણ અસલાજી શેઠ દમડી જતી નથી મુકવાના!

શીરિનબાઈ—હું જાણુંછ કે તુંને ગુલબાઈયે શિખવીને મોક-લીછ. પણ હમાંરા દબરાવાથી હું કંઈ બ્હીવાનો ને હટવાનો નથી. આણી ગમ પક્કા ઠડાવની શીરિનબાઈ છે હં!

સુખલી—નઈરે માંય શિખવે કૌન? તમારા ગુનામાં જાઉં, તમારૂં પાપ લેઉં, જો કોઈયે સિખવી ફુલવી આયતો! પણ ઉંતો તમારી ભુલ ભાંજુંચ, કે દોલતપર લોભાતાં ના! તમારેતો આવો ને આવો ફરવા અરવાનો જીવ, ને અસલાજી તો પાંજરેજીના પોપટની કાની ગાંધી રાખસે. નાટક જોવાનાતો રયા, પણ બારિયેબી ઉભાં રેવા નઈ દેસે.

શીરિનબાઈ—હારી બાઈને કેહજે, કે મ્હોટી મ્હેરબાની થઈ કે હમેં મારી ભુલ ભાંજી, પણ એટલી તસ્દી લેવાની કંઈ ગરજ નહીં ઉતી. મ્હારૂં કાંમ હું સારી કાની સમજુંછ.

સુખલી—(હસીને) શીરિનબાઈ, તમેંતો બેયલાંતાં, કે ઉંતો સુધારાવાલો, ને એસ્કી વર પયણુસ, ને બગલમાં આત ગાલીને એકએકપર ફરવા જવસ, તે વાતની ઉંતો તમોને યાદ આપુંચ.

શીરિનબાઈ—મ્હને યાદ આપવાની કંઈ જરૂર નથી. જેહ-ના જેહવા વિચાર, ને જેહવી માગી મરજી. તે વખતે મ્હને તેમ સુજિયુંતું ને હવડાં એમ સુઝેછ, તેથી કોઇને બળાપો કરીને લાળી બાળવાની કંઈ જરૂર નથી. હું મ્હારો વિચાર કોઈનાંખી કેહવા સમઝાવાથી ફેરવવાની નથી. ગુલબાઇયે મ્હને ટાંણો મારિયોછ, પણ હું તે કદી ભુલવાની નથી!

સુખલી—જેમ ત્હમારી મરજી. ભલે માંય ભલ! બેસો માંય. ત્હમારા ધનીને જી નરાઈ. [ઓવરણા લઈ] દૂધે ન્હાજો ને પૂતે ધ્યાજો માય! [જાયછ.]

શીરિનબાઈ— ગુલા સાથે પંચાત થવાથી હેના મનમાં એમજ સમઝેછ, કે હું જીદને ખાતર અસલાજી સાથે પણવા રાજી થઈછ. હું ધારૂંછ, કે અસલાજીને બ્હેકાવાની હેતી સાથની ગોઠવણ એ ભુલી ગેઈછ. એ ભુલમાં હેનેબી બ્હેકાવામાં મઝા પડશે.

ભિખાઇજી—[અંદરથી] શીરિન?

શીરિનબાઈ—જી.

ભિખાઇજી—માય, જમવા ચાલ માય.

શીરિનબાઈ—વારૂંજી. [જતાં જતાં હસીને] મરેરે! અસલાજીના કૌતક જોવાના અધૂરાં ઉતાં! [શીરિન જાયછ.]

અંક ત્રીજો—પ્રવેશ પ્હેલો.

અસલાજીનું મકાન.

[અસલાજી આરસીમાં જોઈ બાલ હોરેછ.]

અસલાજી—[ચિરડાઇને] ગામને ઘેરનો નજલો મ્હારા બાલમા કાંહથી આવીને ભરઈ ગિયો! એક બે વરસ પછી ધોલા થઈ જુવા હોતેતો કંઈ અડચણ નહીં ઉતી. એકતો દુકતી ટચાક જુઈછ, ને બાલ પરતો ધાર નહીં આવી પડ? કૈંપને ત્હાંની દવાતો લાધી પડશે. હું ધારૂંછ નુસ્ખા સંગ્રહમાં ચાંમડાં કાળાં કરવાનો નુ-

સ્બો છે, તેને કાલા થશે. પાછળથી ડગલો પેહડતાં બારી નહીં પડે તેથી લ્હાડને બહાંને અત્યારથીજ ડગલોબી છતો સિવઇ આપોછ, તે પેહડવામાંજ ફાયદો છે. [ડગલી કાહડી ડગલો પેહડતાં] છાગડા પડવાને બહાંને જોડાને બદલે નરમ સ્લીપર પ્હેડવાનીબી તક ઠીક છે, કે જેથી રાંડ જોડાને લિધે શરમાઇને ફરવા નહીં આવવાનું બ્હાનું નહીં કાહડશે!

[સ્લીપર પ્હેડી આરસીમાં ફરી ફરીને જોયછ, મ્હેરવાંન ચાહેનું પ્યાલું લઇને આવેછ, ને અસલાજીને મલકાઇને આરસીમાં જોતાં જોઇ, અચકી ઉભો રેહછ.]

મ્હેરવાંન—[હસીને સ્વગત] એ પેલી થઇચ કે! એ વાંદરાના જેવા સું જોયચ! [હસીને] એતો બૈરી કરવાના ચે તે જુવાન ચોકરા થૅઇચ. બુઢ્ઢો થઇચ તારે ડાગલો ને બુત પેરેચ.

[અસલાજી ઠીક ઠાક થાયછ, મ્હેરવાંન બરાબર પીઠ પાછળ ઉભો રહી તમાશો જોયછ અને અસલાજી ફરવા જાયછ તેને અથડી પડેછ.]

ગભરાયચ નેઇ, એ તો ઊં ચે.

અસલાજી—બોલી મરિયે કેની? મોહડું છે કે નહીં?

મ્હેરવાંન—આય સું, મુનાં નાથી તો કાં ગીયા?

અસલાજી—પણ પછવાડે શાનો ઉભો રહી મુવો?

મ્હેરવાંન—ઊં તો ઉભેલો ઉતી, તે તુમેં સું કૅરવા નૅથી જોયા!

અસલાજી—મ્હોટેથી કહી મરિયે કેની, કે ચાહે લાયોછ.

મ્હેરવાંન—તે ઊં સું જાનેચ કે તમારા કાન બેરા ચે. હવે માસે બોલેચ કે, [મ્હોટેથી] ચાહે લાવિચ.

અસલાજી—અરે આસ્તે બોલી મરની! એ જીવ શાનો પટકી મરેછ?

મ્હેરવાંન—તારે પેલ્લાં સું કેરવા કેયા, કે મોસ્તેથી બોલેચ!

[અસલાજી પ્યાલું લઇને પીતાંજ મુકી નાખેછ.]

અસલાજી—અરે ત્હારૂં ખાંનું ખરાબ થાયરે ત્હારા દુખના દેતાનું! એ ચાહેમાં શું નાખી મુકાતો? [પાલુ પાછું આપી દેછ.]

મ્હેરવાંન—સું ચે? ગેના મિથ્થા ચે કે?

અસલાજી—મિઠાંનો નાખતો મુવો! મીઠું નાખી મુવોછ! ચાહે પાસ મરેછ કે જોલાબ?

મ્હેરવાંન—ઉં કઇ દાકતર નેથી કે જોલાબ પાયચ!

અસલાજી—અરે એ ઓગરા, ખાંનને બદલે મીઠું નાખી મુવોછ!

મ્હેરવાંન—તે ઉં સું જાનેચ કે મીઠા કિયા ને ખાંન કિયા? ખાંનથી ઉજગ ગે ને વેલાતી મીઠાથી ઉજરા ચે.

અસલાજી—જા મર, ત્હારૂં ખનું ખરાબ થાય ત્હારૂં! નહીં જોઇયે ત્હારી ચાહે.

મ્હેરવાંન—તારે ઉ જાયચ.

અસલાજી—લે, એક દોહડિયાંની ગાંચીને ત્હાંથી બાલ કાલા કરવાની દવા લાવ.

[અસલાજી ગજવાંમાંથી દોહડિયું કાહડી આપેછ.]

મ્હેરવાંન—વેરૂં. [જતાં જતાં] બુઢ્ઢા મરવાના થઇચ તારે જિવવાના ઓયચ તેમ જુવાન બનેચ!

[મ્હેરવાંન જાયછ, બીજી તરફથી સુખલી આવેછ ને અસલાજીને આંરસી આગલ ટીકઠાક થતા જોઇને અજબ થાયછ.]

સુખલી—[સ્વગત] આય કળજુગના કૌતક જોવાં! બુઢ્ઢા જુવાન પોરી સાથે પયણવાનો છે તેથી પોતથી જુવાન બયનોચ! શીરિનબાઇતો શીશામાં નઇ ઉતરવાં, અને બુઢ્ઢાજીને ફિટવવા જોઇયે.

[સુખલી ખંખાર મારેછ, અસલાજી ચોંકેછ.]

અસલાજી—કેમ સુખલી? હવેતો શીરિન આનાકાની નહીં કરશેની? ડગલો ને બુટ પ્હેરવા પછી શરમાવા જહેવું શું છે?

સુખલી—તેતો ખરૂં બાપા! પણ મુંને ઉ અભાગની! ઊં સું જાણું! [સ્વગત] જાણે વાડિયાજીને તાંનો ઘોડાવાલો!

અસલાજી—શું છે? વલી શું થયું?

સુખલી—મરે કાળગરા જીવ આયલા જાયચ ને મુહું માહંજ મોત કાં વગ ઉતું!

અસલાજી—પણ બૉસી મરની, શું છે? કંઇ ખરાબ ખબર છે?

સુખલી—સું બૉસું બાપા, ને સું બકું ને સું લવું! ગરીબના નસીબજ ગરીબ!

અસલાજી—પણ બકી મરની! મ્હને ધ્રુજરાં છુટેછ ને તું ખેંસી ખેંચીને તાર શાનો લામ્બો કરેછ?

સુખલી—બાપા ઉં તો મુઇ! પણ તમારૂં ઘણું લાગેચ! તમે આવા બૉલા ને ભલા ને તમુનેબી દાડાએ ગૅયરા! મનેતો નઇ સુયજું, પણ તમેં કેમ લલચાઇ ગિયા?

અસલાજી—પણ શું સુઝે, ત્હારૂં કપાળ! જલ્દી કહી મરની, મ્હાં પેટમાં ઉથલ પાથલ થાયછ! શું કોઇ દેવાદારે લાહ લિધી કે શું?

સુખલી—તેટલાંમાં પયતું ઓતે તો દુખજ નઇ થતે. [સ્વગત] સુથારનું મન બાવલ્યામાં.

અસલાજી—ત્હારે શું કોઇ વંજો માપી ગિયું કે?

સુખલી—બાપા, તેમબી થયું ઓતે, તો જરા ધિરજ ઉતી. [સ્વગત] રાતના ઉંગબી કેમ આવતી ઓસે!

અસલાજી—પણ ત્હારે શું નાણાં નહીં આપી શકવાથી કોઇયે ઝેર ખાધું? કોઇ ધપી બપી ગિયું કે શું બોલી મરની!

સુખલી—શું બોલું બાપા! નઇ બોયલાના નવ ગુણ! પેલી કેતી છે તેમ "બોલું તો મા મારી જાય, ને નઇ બોલું તો બાપ કુત્તો ખાય." તેમ બોલુંચ તો મદઇના જીવને કુડાપો થાયચ, ને નઇ બોલું તો બધો ઘાનીનો ઘાન બગડુચ!

અસલાજી—સુખલી, હવે મ્હારાથી નહીં થોબાતું! મ્હને કંઇ ઉકડાટ થાયછ! જલ્દી કહીદે, નહીં તો કંઇ નવું જુનું થશે.

સુખલી—ઘબરાવો નારે બાપા! વાતમાં કંઇ દમ નથી. સારૂં થયું કે તમે વ્યા, વેલા નઇ કિધા.

અસલાજી—શું શીરિનબાઇને લગતી કંઇ બાબદ છે? લગન ચોક્કસ સબબને લિધે અટકાવવાં પડ્યાંતાં. હા, તેથી શું થયું?

સુખલી—ઓ ઉં મરી જાઉંરે બાપા, હતો કગાઇ, પણ તમેંબી

મારે લિપિ ડગાયા? પેલા વાળકેસરનો બંગલાતો કેયો નિસાર જડેલા છે, ને સઉ બધું સાતરે સાત દેખું! ગેરમાંતો કેથા આરવાનાખી સાંસા છે, ને બારથીજ ઠાલી ફિસિયારી દેખું.

અસલાજી—એમ? હારેતો કેથા કડકા બાલુસ નિકળ્યાં! પણ તોબી જરા રતીતો હોશે!

સુખલી—અરે સું ઓય બા! પોરી એવી ઉડાઉ છે, કે બધું મુકી વેચીને ઓઇયાં કિધું. એતો વડવાના પુન, ને જી ભઇ ને બોલતી આવરઇ જાઉં તે સારૂં થયું, કે એવાં પગલાં ગેરમા નઇ આવાં! નઇતો ઘડે ઘડપણ દમ્મનનો રસ્તો લેવો પયડા આતે, ને ખાઇ પીઇને લાલ વાવટો ઉડાયવો આતે!

અસલાજી—તું કેહછ તે વાત ખરી છે, પણ આપડે ગફલતી રાખશુંજ નહીં, એટલે લાલ વાવટો કેમ ઉદાડશે? હું ધારૂંછ કે સમઝાવશું પટાવશું એટલે સમઝશે. મ્હનેતો એ છોકરીપર ઘણી દયા આવેછ, ને દિલમાં કંઇ હેવું થાયછ, કે બોલી નહીં સકાતું. છોકરી દેખાવમાં તો ભાયગસાલી ને રૂપાળી છે હં!

સુખલી—તેતો ખરૂં બાપા, પણ આજના કાયદા પરમાણે પોરી બાર કાઢે, તો કરજતો તમૂનેજ આપવું પડે? ને તમારૂં નામ સાંભળીને કૌન નથી ધીરવાનું? અત્યારથીજ ગેર આગલ જવેરીની તો ઉંદરમામાની કાની આરની આર ને અલગાર લાગીચ ને કાપયડાની રોજ ગેર આગલ પલટન ઉભી થાયચ. જી ભરૂં, બધું ભયરૂં બાદયરૂં ગૅર ઉંદરની કાની કોતરી ખાય, તે મારાથીતો નઇ દેખી સકાયજો બાપા! ફુટી સ્હેવાય, પણ દેખી નઇ સકાયજો! આ તું આવતી જતી મરૂરે! બાલાં સુધ આવી નઇ મરતે તો આય ઢેર ફજેતી, ને મદઇના જિવને કુડાપો નઇ થતે!

[મ્હેરવાંન ખ્લાકીનનો દાબડો લઇ આવેછ.]

મ્હેરવાંન—શીઠ, હું ગોંધીને તાં નેઇ જાયચ, ને ઉરાજીને તોંથી ચાર દોડિયા આપીને ઘના મેજેના કારા કરવાના બોલિચ.

અસલાજી—શું કારા કરવાનું?

મ્હેરવાંન—તુમે બુઢ્ઢા ચે તે જુવાન થવા માગેચ કેની!

અસલાજી—[ચિરડાઇને] અરે મર ત્હારૂં ખાનું ખરાબ થાય ત્હારૂં! બ્લાકીન લાવી મુવો? મેં બ્લાકીન લાવવા કહ્યું તું કે?

મ્હેરવાંન—તુમેં કેય, કારા કરવાના લાવજે તે ઉં કારા કરવાના લાવી.

અસલાજી—જા, જા, મર! નહીં તો માથું ભાંજી નાખશ.

[અસલાજી ખાસડું ઉંચકવા જાયછ, મ્હેરવાન ન્હાસી જતાં.]

મ્હેરવાંન—અરી મારી બાપરે!

[મ્હેરવાંન જાયછ, બીજી તરફથી દરવાજો ઠોકાયછ, અસલાજી સુખલીને પુછેછ.]

અસલાજી—એ કોન ઠોકેછ? [પાછો અવાજ આવવાથી, અસલાજી ચિરડાયછ.] પણ કોન, મુવોછ કોન, ભસી મરની?

[સુખલી દરવાજા આગલ જઇને પુકારેછ.]

સુખલી—જી આવોજી, અસલાજી સેઠ છેજી.

[ફરાંમજી વકીલ દાખલ થાયછ.]

ફરાંમજી—શેઠ સાહેબ. અસલાજી શેઠ. [સેકહેંદ કરેછ.]

અસલાજી—સાહેબજી, આવો શેઠ, બેશો. [સ્વગત] દુશમનનુ મોહડું ખુદાય દેખાડે, પણ વકીલનું નહીં દેખાડેતો સારૂં.

ફરાંમજી—ત્હમારી અગતની વાતમાં હરકતતો નહીં થઇ હોય! મ્હને ઓળખેછ કેની બાવા, હું શીરિનબાઇનો સગો થાઉંછ તે!

અસલાજી—હા બા નહીં કાંય ઓળખે? ત્હમેં એવનની માસીના દિકરા થાવો કેની? [સ્વગત] "એક ઠેર ઓર દુસરા કસઇ."

ફરાંમજી—હાજી. શીરિનબાઇયે તથા ભિખાઇજી માંયે સલાંમ કેહવાડીછ, ને કહ્યુંછ કે હવે કંઇ મુહરત જોઇને રૂડા દાહડો ઠેડવોતો સારૂં.

અસલાજી—[ગુસ્સામા] ને મ્હારીબી સલામ કહીને કેહજો, કે મ્હારૂં મગજ જરા ખિસી ગિયુંછ, તેથી વિચાર માંડી વાલ્યોછ.

ફરાંમજી—[હસીને] મસખેરી કરોછ કે બાવા? હેં હેં હેં!

[અસલાજી ચિરડાઇને ખીચ પાડેછ.]

અસલાજી—શું હેં હેં હેં હેં! ને મસખેરી શાની? જોઈયેતે મસખેરી સમજો, પણ પાછળથી ફજેતી નહીં પરવડે!

ફરાંમજી—બાવા, હું ધારૂંછ કે ત્હમુને કોઈયે બ્હેકાવ્યાછ.

અસલાજી—[ચિરડાઈને] અરે બાવા કોનના? ત્હમારા બાવાનેબી શું કેહું ને ત્હમુંનેબી શું કેહું? હું કંઈ ઘેલો છેઉ કે મ્હને બ્હેકાવે! હું સત્તરને બ્હેકાઉં તેહેવો બાર હાત, ને સાત માંથાંનો છેઉં!

ફરાંમજી—ત્હારે ત્હમેં રાવન જેહવા કિર્તિવાંન થઈને વિચાર વાપડવાની બ્બીલજઈ કેમ કરોછ?

અસલાજી—[ચિરડઈને] રાવન ત્હમેં ને હનુમાન ત્હમારા બાપ! જાની બાપુ, કંઈ ગળે પડવા આયોછ કે શું? ત્હમેં કોનને પુછોછ? મુમ્બઈની ચંચળ પોલિસના દોરમો પેલા સોનેગી ટાલીવારા ઘોળે દીસે દગા ફટકાથી સહી લેછ, તેમ સહી લેવા આયાછ શું?

સુખલાં—[સ્વગત] હરખું લાયગું સું!

ફરાંમજી—બાવા, જરા ધીરા પડો! ઉતાવળા ને આકડા ના થાવો કાકા! [અસલાજી ચાલા કરેછ.]

અસલાજી—હા, મ્હારી બીચબી પાટોની, કે "કાકા ચાલ્યા," "કાકા હાઈછી"!

ફરાંમજી—પણ હું કાંહ કેહુંછ કે ત્હમેં ચાલ્યા! ત્હમેંતો બેઠેલા છેવો! હુંતો માત્ર પુછવા આયોછ, કે ત્હમેં જે વાત છેડીવી, તે માટે ત્હમારો શું વિચાર છે? જે તે હા નાનો જવાબ આપો?

અસલાજી—બાપુ, મ્હારી સત્તર વખત ના, ના, ને ના. કંઈ કાકડી ચિભડું નહીં ઉતું કે ચીડાને જોઈયે? એતો પાછળથી ખબર પડી, કે કાગડાજી મોરના પીછમાં વિટલાયાતા!

ફરાંમજી—બાવા, તમુંને ઘણું ખરાબ લાગશે. ત્હમેંજ ત્હમારી મરજી જણાવા બાદ પાછલથી વગર સબબે ના પાડો, એ ઠીક નહીં. વાત બાહાર અરવાયા પછી ત્હમાંરા ના પાડવાથી શીરિનબાઈની શું ખરાબી થશે, ને લોકો ત્હમારે વિસે શું વિચારશે, તેનો ત્હમુને ખિયાલ નથી!

અસલાજી—[ઠંડા પડી જાયછ] જોવની ફરાંમજી શેઠ, ત્હમેંતો વકીલ છેવો, એટલે ત્હમુને પુછવું નહીં પડે! એમ દેહજોની, કે ખુદા ખિસી ગિયોછ,—

સુખલી—[સ્વગત] તેમાં સું નવઈ!

અસલાજી—કોલાખ્ખું ગૅપ છે, કાતરિયું ઘસી ગિયુંછ! એટલે તેવોનીબી ખાતરી થશે ને લોકોનોબી શક નિકળી જશે.

ફરાંમજી—હું નહીં ધારતો કે આય બાબદનો અંજામ સારો આવશે! હવે ત્હમારી સાથે વધુ વાત કરવામાંબી કશો સાર નથી. ત્હમોએ મ્હને ઘણું અપમાન આપી ઘણાં ખરાબ વિશેશનોથી મ્હારી પર હુમલા કિધાછ, પણ હું ત્હમારી બુજોર્ગીના ખિયાલથી એ સંધું દરગુજર કરી, મ્હારી તરફથી માન અથવા અપમાન આપી ચાલી જવાને બદલે ચુપકીદીમાંજ એ બંધે બાબદનો નતીજો સમાયલો સમજી રૂખ્સત લેઉંછ.

[ફરાંમજી દાબેલા ગુસ્સા સાથે ઘસારામાં ચાલી જાયછ.]

અસલાજી—જોઈયેતો ડેફરમેશનની ફરિયાદી માંડજે! વકીલ બેરિસ્ટરો હવડાંજ પરવારિયાછ, તેવોનું કાંમ નિકળવા સાથે બેની લડાઈમાં દાંમ ને નામ મેળવશે.

સુખલી—[ઓવરણા લઈ] એ ઉં મરૂંરે તમારી હોશિયારી-પરથી! એવાજ ઉત્તર આપવા જોઇયે ને તેથીજ થયડીને વકીલ સામ્ભે ચાલવા માયડું. [પોખીને] બાપા, ડોસલાંના દાડા આયવાચ, ને મેસ્તીના હડાક દાડાના દરાન સારૂં કંઈ આપસોતો હું બધી ઓવરઈ જવસ. જીવીને જે કંઈ જોવોચ, સાંભલોચ, ને વાવડોચ, તેવુંજ જોજો, સાંભલજો ને વાવડજો મરૂં!

અસલાજી—ગિયે વરસતો માંડિયાંતાં ને વલી આય વરસ શાના માંડુછ?

સુખલી—બાપા, જિવતાં જિવત જીવને ધિરવજ કેમ આવે!

અસલાજી—જો મ્હારૂં માણે, તો એક બે રૂપ્યા આપું તે લઈ બજારમાં દરન કરીને ઢાંકણું ઢાંકજે! આજેતો મ્હોટા મ્હોટિયા-રોબી એમજ પતાવેછ, ને તેને બદલે સારે રૂડે મ્હોટાં મ્હોટાં ખાનાપર જરા રતી હાત કાહડેછ.

સુખલી—બાપા, જમણુ જમાયડાથી મરવા પછી કોઈ યાદ

નઈ કરવાનું. પણ જો રવાનને આપડ યાદ કયરાં, તો આપડા મુવા પછી આપુનનેબી કોઈ યાદ કરશે."

[બજો દાખલ થઈ સુખલીને જોઈ છુપઈ જાયછ.]

અસલાજી—વારૂ, પણ પાંચ સાત રૂપ્યાથી કંઈ વધારે ખરચવી ના હં!

સુખલી—બાપા, આજના મોગવારીના વખતમાં પાંચ સાતમાં કંઈ થાય? સું કરસ, મારી એક સાડી છે, તે વેચસ ને ઠીકે પાટે ટાંકણું સાચવસ.

અસલાજી—જો ઘણી સસ્તાંમા હોય તો મ્હનેજ આપજે.

સુખલી—વારૂજી. [જતાં જતાં સ્વગત] સસ્તાંમાં સતો ફુટીપર!

[સુખલી જાયછ, અસલાજી આગલ સુખલીએ શીરિન વિશે તારીફ કિધેલી શમઝી, બજો, અસલાજીને શીરિનની એબ કેહવાનો ઇરાદો કરેછ.]

બજો—[સ્વગત] રાંડ ભરૂચી, પૈહાની લાલચે ફરી કંઈ હીરિનબાઈને હારૂં હેડને હમઝાવા ગેયલી! હુંબી બજો બન્દો હ્હારેજ કે હેડને ઉલથાપ આપીને હીરિનના લગન એરહેદ હાથેજ કરાંઉ. [ઝડપમાં આવેછ.] હેઠ, એમ્મદબી માફ કરજો, મેં હંબું હાંભરેલું, પણ આય હુખલીના ફરેવથી ફરતા રએ! લઈ કરીને હેને બોજ બોલ જુઠું કેહવું. હઉવ!

અસલાજી—તેં કેમ જાણ્યું કે એ જુઠું બોલીછ?

બજો—તારે હું જુઠું નહીંતો હાચું કે! અરે હો પાણીએ પીયલું જુઠું! હીરિનબાઈને તમે હું ઓળખેલી નહીં કે? હુખલીનું લઈ કરીને હોએ હો ટકા બાદ કરજો હં! હઉવ?

[બજો ભરમમાં શીરિનની આડી ચાલનો ઇશારો કરેછ, જેનો અસલાજી સારાં રૂપમા અર્થ કરેછ.]

અસલાજી—[વિચાર કરીને] ખરખર મ્હનેબી એમજ લાગેછ! હું ધારૂંછ કે પેલા ફુકતાએ હેને બ્હેકાવી હોશે! અરરરર! હવડાંજ

શીરિનબાઈની માસીનો દિકરો આવી ગિયો. મ્હને જલદી જઈને વાત ઠંડી પાડી માંડી વાળવું જોઈયે! હું ધારૂંછ ફરાંમજી વકીલ હવડે હાફિસમાંજ મળશે. [ફરીને જતાં જતાં] મ્હને ખટકિયાજ કરતું તું, કે શીરિન હેવી નહીં હોશે!

[અસલાજી ઝડપમાં જાયછ, અસલાજીના વિચારનો અર્થ જુદો સમઝી બજો ખુશ થઇ હશેછ.]

બજો—બન્દાએ ઉલગબડીથી બુઢ્ઢાને હવાપર ઉડાયવો તો ખરો! હવે ખરશેદજી હેડને લઈ કરીને કેહું, કે અહલાજી હેડે શીરિનપરથી વિચાર ફેરવો, ને ફરાંમજી વકીલને ત્હાં વાત માંડવાલ કરવા ગેયલા. હેઠ લ્હેરી છે તે કંઇ ઝાટકે ખરા.

[બજો ખુશી થતો જાયછ, ખોરશેદ તથા સુખલી આવેછ.]

ખોરશેદ—સુખલી, તેં ઠીક કિધું! ઘણુંજ સારૂં કિધું! નહીં તો રૂસવાઈ થતે, ને રસ્તે સેડિયેથી ચાલવુંભારી પડતે.

સુખલી—બાપા, હવે એતો થયું. અસલાજીનેતો શીરિનબાઇથી ફેરયવા. પણ તમારી સાથે ગાંઠ બંધાય, એટલે પાર ઉતયરાં.

ખોરશેદ—ખરેખર! જો તું પાર ઉતારી આપેતો તુને કાંદાબાતની લાલની સાડી સાયનો વાગો અપાવશ; ને સુનાના ચીતર પેહડાવશ.

સુખલી—બાપા, મરમઇમાં જોડાં ભાંગજવાનું કામ સેલું છે, પણ ગાંઠવાનું કામ અગડું છે. [ઓવરણા લઇ] ઊ મરી જાઉં, અખ્ખાઈ થઈને રેજો, ઘણાં સુખ જોજો મરૂં! ઘણી ઘણાંનીને જી ભરૂં! પણ બાપા, વાગો ને ચીતર ના ભુલતા જો.

[બજો દાખલ થાયછ ને સુખલીને જોઇ અચરત થાયછ.]

બજો—કેમ હુખલીબાઈ, હેઠને હું હમઝાવતાતાં, ને ફરી ક્યાં હું હમઝાવવા આયવાં?

ખોરશેદ—નહીં બજા, ઉલટું સુખલીએતો કામ સુધારિયુંછ.

બજો—અરે એ હું હુધારતીવી! એણેતો લઇ કરીને કચુમ્બર કરી લાખેલી! હેઠની પાહે કંઇ ગડબડ ગોટા કરતાં હુંએ જોયલી,

તેવી મળી આવેલો, ને હમઝાવીને કેહલું કે "હુખલીએ જે કંઇ ત-મને કેહલું, તે બોલેબોલ જુઠું જાણુજો. "એહલાજી હેડ તેવાજ હોડતા કે ફરાંમજી વકીલને ત્હાં વાત માંડવાલ કરવા ગેયલા.

સુખલી—[ચિરડઈને] ચચચચ ! બજાએ બાંગડા વાયટોતો ! કિનારે લાવીને ડુબાવડાં. એ ફરાંમજી વકીલને તો અસલાજીએ મારા કેવાથી અરખુત કરીને આંકી કાયડાતા, ને વ્યાનું કારજ તોડવા કર્યુંતું.

ખોરશેદ—[ચિરડઈને] હત ત્હારૂં સત્યાનાશ થાય ત્હારૂં ! નજમોદ ગિયાએ કામ સુધારવાને બદલે ઉલટું બગાડયું ! સુવાતો બસ ઘાંમટ જેવો ઘાંમટજ રહિ ગિયો !

બજો—[ઘભરઈને] હેડ, મેંતો જેમ ત્હમે કેહલું, તેમજ લઇ કરીને કિધેલું.

ખોરશેદ—મર મર ! તું લઇ કરીને કરતો મરે ! સુખલી, હરખું કામ બાકી છે તેને પુરૂં કરવામાં ઢીલ નહિ થવી જોઇયે. મ્હારી ખાતરી છે, કે ત્હારાથીજ એ બગડેલો ઘાન સુધરશે.

સુખલી—વારૂંજી, હું આય તાંજ ચાલી.

[સુખલી જાયછ, ખોરશેદ બજાને હુકમ કરેછ.]

ખોરશેદ—દોડ, ચાહે તૈયાર કર.

બજો—વારૂં, હેડ.

[બજો જાયછ, ખોરશેદ પોતાની અને બ-જાની હાલત સરખાવી પોતાને કમન-સીબ ગણેછ.]

ખોરશેદ—મ્હારી ઉદાસ, ઇન્તેજાર અને ચોતરફથી ઘેરાયલી હાલત કરતાં બજાની બેપરવા હાલત સંતોશ કારક છે. માલદારોની પૈસાની મોતેબરી કરતાં ગરીબોની સાદી પણ સંતોશી મોતેબરી પાએદાર છે. શીરિનને મલી આવવાની છેલ્લી આસમાંથી નિરાશ થયો ! શીરિન, તું એક લોભી માયને ત્હાં કમનસીબીથી અવતરીછ, પણ તું પોતે લોભી જણાતી નથી ! ત્હારી માય તુને અસલાજી સાથે નહિ, પણ તેવનના પૈસા સાથે પરણાવેછ ! ભાટ પડજો તે માય બાપ પર, કે જેવો પોતાના દિકરા દિકરીઓને પૈસાને સારૂં વેચેછ ! હેફ પડજો

તેવાપર કે જેવા લગનની પવિત્ર ક્રિયાને એક રમુજ સમજેછ. ફિટકાર પડજો તેવા શખ્સ પર, કે જેવા બીજીવાર લગન કરી પોતાની દિકરી સમાન છોકરીઓને પોતાની ધણ્યાની તરીકે ઘેરમાં લાવી, પોતાના ફરજંદોના સુખનો હમેશાનો નાશ કરેછે! ને લઆનત પડજો તે શખ્સપર કે જે હૈયાતીમાં પોતાની ધણ્યાની પર પ્યાર દેખાડી, મરણ બાદ થોડાજ દિવસમાં બીજી ૧૫, ૧૬ વરશની છોકરીની સોધમા ફરેછ! હા! માયજી, વ્હમારી યાદ આય જિગરમાં હુજી તાજી છે. વ્હમે હોતે તો ઘેરમાં જે ખરાબીનું બી રોપાયુંછ તે નહીં રોપાતે, અને તેના કડવાં ફળ ચાખ્ખવાની ધાસ્તી નહિ રેહતે. બાવાની છેલ્લી વાંધા ભરેલી ભૂલના પરિનામમાં, અગર શીરિન આય ઘેરમાં અસલાજીની ધણ્યાની તરીકે આવશે, તો તેજ દિવશે બાપીકું ઘેર છોડી બદ બખ્ત જહાં લઇ જશે વ્હાં જવશ! જે છોકરી મ્હારી બૈરી થવાને લાયક તેણીને માય થયલી આય આંખો કેમ દેખી શકશે! [સામે જોઇને] અરરરર! એ ધરન કહારે ફિટશે! આવો ઉક્કરજી શેઠ.

[ઉક્કરજી આવેછ, ખોરશેદ સેકહેંદ કરવા જાયછ, પણ ધ્યાન નહીં આપતાં, કોચપર બેઠ કોચની કુશાન જોયા કરેછ.]

ઉક્કરજી—બાવા તાં ધિયાત!

ખોરશેદ—રોકાણમાં છે. [સ્વગત] રખેને વલી કંઇ ડાહરૂં કરે!

ઉક્કરજી—તું શેતાનમાં તે?

ખોરશેદ—અંદર હોશેજી.

ઉક્કરજી—તે બ્હાર તાંય નઇ આવતા? અંદર તો બૈરાં બેતે.

ખોરશેદ—બુઢ્ઢા થયા તે એમજતો. બુઢ્ઢા એટલે બચ્ચાં ને વધારે કહિયેતો ઘેલા. [સ્વગત] બળાપામા વલી એ બાળવા આવી મુવોછ.

ઉક્કરજી—તારે એમ તાંય નઇ તરતા? તું તમુને તબર નથી તે! ઘેલા લાતને તો તોલાએ મોતલેત તેથી તે થારા થઇ ધાયત.

ખોરશેદ—વ્હારે તમેબી કોલાએ ગિયાતા તે તેજ સારૂં કે?

ઉક્કરજી—નહરે ધી! હુંતો તેનીતરીમમા હવા થાવા ધીયાતો. તેવી મધેની હવા! ને દરિયાના મોધા બધા ભોમ ભોમ તુલધા

મારે. બધાં વાહનબી દેખાતાતાં. ને ભુતતો હેવી લાધે તે ખાનેતે થાયાત તરિયે. બપોરે ઘુમતો ભરીને ખાન, ને રાતના બાર રોતલી ખાતોતો, ને વરી મ્હવ્વાંનું તોપતુંતો ખુદું.

ખોરશેદ—[સ્વગત] આ તું ખાતો મરેરે દઇત! [ઉક્કરજીને] ત્હારે એમ કેહવાની કે આપણો દાહડો બાયાજ કિધું.

[નજર ચુકાવીને ઇશારતથી ધપ્પો મારેછ.]

ઉક્કરજી—હા જી. [જોડા કહાડીને કોચપર પલાંઠી વાલી બેશેછ.]

ખોરશેદ—[સ્વગત] હવે પતેતો સારૂં. [ઉક્કરજીને] માફ કરજો હું જરા અગતને સારૂં જવું પડછ.

ઉક્કરજી—તે તમારી અગતને થારૂં હું એટલો બેતું તે? દારૂ પીવાની તલબ થઇ હોતે તેથી ખવા માંધોત!

ખોરશેદ—[સ્વગત] "સુથારનુ મન બાવલ્યામાં" [ઉક્કરજીને] નહીંજી એતો ત્હમેં દારૂવાલા છેવો કેની, તેથી ત્હમુને હાવો ખિયાલ આવે. બાવાને કંઇ કેહવુંછ કે? કેહવાની, મ્હને કેહવો, હું તેવનને કેહવશ.

ઉક્કરજી—નઇ તેવાય. ખરા હેવીખ વાત તે.

ખોરશેદ—શું કંઇ છુપી ને અગતની વાત છે?

ઉક્કરજી—ખરૂં તપઇ ખાય તેવી વાત તે! તંઇ ધેવી તેવી વાત તે તે?

ખોરશેદ—[સ્વગત] મોહકાન! એ શું બકી મરેછ! [ઉક્કરજીને] શું કંઇ ખાસ્તી જેહવું છે?

ઉક્કરજી—નઇ ખાસ્તી ધેવું નથી, પન તે જીવ ખવા ધેવુંતો થરૂં!

ખોરશેદ—[ગભરઇને] આ ત્હારો બાપ મરેરે! [ઉક્કરજીને] પણ ત્હેવું હોયતો જરા ઇશારોતો કરો, કે કંઇ તજવીજ કરિયે? શું પકડાવા ખરાવાની વાત છે? કંઇ ત્હમારાં ફરપર સરકારની ખાર આવીછ?

ઉક્કરજી—હવે ખાર આવેતો આપરબી લેંધો તથાતીને ખાર જઇ ખઇયતો! [લેંગાના પાયજા ઉપર સ્હડાવેછ.]

ખોરશેદ—[સ્વગત] એનું નખોદ જાય, વાતમાંતો કંઇ દમ નહીં હોશે જો, પણ અમથો ગભરાવી મારેછ! [ઉક્કરજીને]

ઉકરજીબા, બધી વાત ના કેહતા, પણ શું બાબદ છે, તેનો ઇશારો તો કરો?

ઉક્કરજી—બઇરીની વાત તે.

બારશેદ—[સ્વગત] આ તું મરેર તું ફુકર! [ઉકરજીને] શું હમારી પણુવાની કઇ વાત છે?

ઉક્કરજી—હા, પણ તે ઘરા થરમ લાવેત! બૈરી તરે, તે કંઇ વરી તેહતા હોતેતે!

બારશેદ—[સ્વગત] મરેર તું પનખન વેરી! [ઉકરજીને] શું કંઇ મ્હોટે ઘેરનું છે કે? જો જો હં! આજના વખત પ્રમાણે પાંચ સાત લિધા વગર કહી ના પણતા!

ઉક્કરજી—આપડતો બા પેહલેથીજ થાતી વાત તરવાના. આપ હુઘારમા એત ડાહરિયું આથું નથી લેવાના!

બારશેદ—તો તો! [સ્વગત] કમબ્નો કોયલો પડયો બારો કેની! [ઉકરજીને] બસ, હમારો કેડાવ ઠીક છે. પણ કોનની છોકરી? કોઇ લૂલી લંગડી નહિ હોય જો? [સ્વગત] જો જો હં!

ઉક્કરજી—લંઘરીબી નથી ને લૂલીબી નથી. તેતો પાની પીએ તો ઘરાંમાંથી દેથાય તેવી તે.

બારશેદ—પણ નામ? [સ્વગત] મુબબે જીવ જશે હં!

ઉક્કરજી—નામ તો ખુજબાઇ ખુલે ખુદાબ!

બારશેદ—[સ્વગત] ઘણી સુવાના મોહડાંમાંતો પાંણી પાંણી આવી જાયછ! [ઉકરજીને] ગુલબાઇ ગોલાબ! નામ તો બરબર મિઠું મધ જેવુ છે. વારૂં રંગ કેહવો!

ઉક્કરજી—રંતો ઘાને તે લાલ સથાલાનો દાળ!

બારશેદ—[સ્વગત] દારૂમા ને દારૂમાંજ અથઇ રહીછ. જો ખુદાયે હેની બહીજ બનાવી હોતેતો વધારે સારૂં, કે મહરવડાં ગાળવાના કામમાં આવતે. [ઉકરજીને] ક્યારે પણવાનો વિચાર છે!

ઉક્કરજી—વો તમારા બાવા તેહ તો આવેપ.

બારશેદ—હારે હમે શું આટલો વાર સુધી આપડાંજ પેરને વાસ્તે બોલતાતા કે? બરોબર છે. હમારા જેહવો ઘણી શુબાને

અવે એ મુશ્કિલ છે. ત્હમુને શું બાવાએ એ વાત કીધી કે? [સ્વગત] બાવા ડાહડ ચતુર ને તું પુરો ચતુર!

ઉક્કરજી—હા બાવાએ ધનાજ તાબાવાળા તિધા, ને પધે પકડ્યા, ને રડ્યા, ને બોલ્યા, તે "તમેજ ફુઇબાઇના માય બાપ તેવો, ને તમેજ મારો ને તમેજ ધિવારો."

ખોરશેદ—બરાબર! ત્હમારી વાત કંઇ માણસમાં થાય! બાવાએબી ધીવો લઇને સોચી કાહડ્યા તે કંઇ જેહવા તેહવા નથી સોધી કાહડ્યા! એતો ગુજ્રાના હીણ બાયગ,—અરે ધન બાયગ, કે આપડ હાં ધામી, તો ત્હમારા જેહવો ચકરમ,—અરે ચાન વર પામી.

ઉક્કરજી—મારાં માયચી એમજ બોલતા [અદા કરીને] લઇને મને "પુનમના ચાંદ" તરીકે તેતાતાં.

ખોરશેદ—હોશે! કાંય નહિ! પણ વારૂં ત્હમારૂં કાતરિયું ધસી બિધુંતું તે સમારિયું કે?

ઉક્કરજી—નહીં, આજ્યુંચ ઘે. ધતી નથી ધિયું!

ખોરશેદ—પણ તે ભાડે આપવાના ઉતા તે આપ્યું કે?

ઉક્કરજી—નહીં, તે પરતો પણ્યા પતી હું તુવાનો તેઉ.

ખોરશેદ—વારૂં ઉરનના ત્હમારાં કુરમા, ગજકને સારૂં ચણા બાપરી મળે કે?

ઉક્કરજી—હા. ને તના મમરા, ને ચીત, ને પોના, ને તબાબ, ને તલવી બુત્તાખી મલે.

ખોરશેદ—ત્હમેં સિકન્દર નામું વાંચેલું કે બા? [સ્વગત] પોતેજ સિકન્દર મુવોછ!

ઉક્કરજી—હા. ને તોરાબ રુત્તમનુંબી વાંતેલુ.

ખોરશેદ—ત્હમારી બધી ધપછપ સિકન્દર જેહવીજ લાગેછ.

ઉક્કરજી—માયચીતો મને એમ તેતાતાં "તે, તુંતો મરૂં નતરો વેતયરૂ પાદયા!"

ખોરશેદ—[સ્વગત] કેખશરૂના નામ પરથી બોલાવિયો! [ઉક્કરજીને] ત્હમારૂં દિલ, ડોલ, ને દમામજ ગવાહી આપેછ. ત્હમારો શું ચીજપર બાવાનો બાવ, ઉક્કરજી શેઠ?

ઉક્કરજી—મતઇ બૂચ્યા!

ખોરશેદ—બરાબર! બરાબર! ને દાડમ? [સ્વગત] હેવા હાત ચવડેછ કે હવડાં એક બેકુ લેઉં.

ઉક્કરજી—હા. દાડમ ને તોતબી.

ખોરશેદ—કોટબી ખાવાનો શૌક છે?

ઉક્કરજી—હાધતો.

ખોરશેદ—હવડે આપું તો ખાશો?

[નજર ચુકાવી ટપઝાનો ઇશારો કરેછ.]

ઉક્કરજી—વરી આપતોતો થાતું.

ખોરશેદ—વારૂં મંગાવુંછ બા. ને પીવાનો શું શૌક?

ઉક્કરજી—મ્હેવ્વાંનું તોપતું.

ખોરશેદ—[સ્વગત] મ્હવડાંમાંજ અથઈ રહ્યોછ, ને બસ દારૂમાંજ બધી દુન્યા સમાયલી સમઝેછ. [ઉક્કરજીને] મ્હવડુંજ? ને બ્રાન્ડી નહિ?

ઉક્કરજી—બરાન્ડી તો તોડ઼ેલા તપેતાનો થાયત.

ખોરશેદ—ત્હમેં કેઇ સ્કૂલમા શીખેલા બાવા!

ઉક્કરજી—ભપ્પુની ઇસ્ટોલમા થીતલો, ને શંધતાંબી આવરેત.

ખોરશેદ—કચુમ્બર ને આંમલીનું દોહરૂંબી કરતાં આવડેછ?

ઉક્કરજી—હા, ને આતો બાફતાંબી આવરેત.

ખોરશેદ—વાહ! ત્હારે તો બધી વાતે પુરા છેવો. હું ધારૂંછ કે ગુલબાઈ આય ત્હમારી બધી ચાલાકી ને ચંચલાઈ જોઇ જરૂર ખુશી થશે. પણ હેને એપોલોપીયર પર ફરવા હરવાનો ને ખાવા પ્હેડવાનો શૌક છે તે બાબદમા રોકતા ના હં!

ઉક્કરજી—ફરવાના તરતાંતો થાંધના હમારાં ફરમા લાલિયાવો દફ લઇને આધુત માધુતની લાવની પાયત, તે તેવી મધેની થાંભરવાની! ને વરી થીત, ને પોતા, ને તલ્લી બુત્તાતો ખુદા!

ખોરશેદ—હા, ઠીક ઠીક! જો એટલું નક્કી થયું તો કામ પાર ઉતરશે. [સ્વગત] મુવો તું પાર ઉતરતો!

ઉક્કરજી—[કાલાવાલા કરીને] ધરા મ્હાગી બૈરીને બોલાવો!

ખોરશેદ—[સ્વગત] એ! લેવાર! સુમ્બે જીવ જાયછ! [ઉક્કરજીને] કાંયબાં કંઈ કામ છે?

ઉક્કરજી—હા ધરા ધોઉંતો આંથને ર્‌હારત પરે.

ખોરશેદ—[સ્વગત] એતો કેયો ઘેર પેઠાં ગળે પડવા આયોછ ! [ઉક્કરજીને] હવડે તેવણ લ્હાંજ આવતાં હોશે.

ઉક્કરજી—[શરમઈને] મ્હને ધરા તરમ લાઘેત ! મ્હને વાત નય તરતાં આવરતી તે તેમ બોલું ?-

ખોરશેદ—ત્હમે કોઈ નાટક જોયાછ કેની ?

ઉક્કરજી—હા દિલેર દશ્થેરનો ખેલ ધોયલો.

ખોરશેદ—દિલેર દસસેર નહીં. દિલેર દિલશેર. તેમાં દિલશેર, જેમ દિલારામ આગળ મિઠ્ઠી મિઠ્ઠી વાત કરેછ કેની તેમ, "મ્હારી મનમોહવન માહબુબ ને સરગરદાન સિયાની ગુલેગુલાબ, ત્હારી લીમ જેહવી જબાનનો ભીમ જેહવી જોડનીના એલિયા જેહવા મિઠાસથી હું બેભાન થયોછ." હેવું હેવું જરા ભપકા ભરેલું ને રૂસ્તમ સોહરાબના દાસ્તાન જેહવું માહેતમ ભરેલું બોલશો કેની તો જરૂર ત્હમારાં કામનો તેજ વખતે અંજામ આવેલો સમઝજો. [સાંમે નજર પડવાથી] આ લેવો ગુલબાઈજ સામ્બેથી આવેછ. હું જાઉંછ હં, નહીંતો ત્હમે ને તેવન બેહુ શરમાશો. ત્હમે હિમ્મતથીજ બાશાન ને નાટક કરજો હં !

[જતાં જતાં ખોરશેદને ગુલાં મલેછ, અને ઉક્કરને બ્હેકાવા માટે કેહતો જાયછ, ઉક્કર ગુલાને બીધરાવાના ઈરાદાથી ખુણામા સંતાયછ.]

પેલો બુબક ત્હારનો કંઈ ફાટું ફાટું બકેછ ! બનાવતાં બનાવતાં હુંતો થાકો, હવે તું રકાસ કરે તો પુરોજ કરજે કે ખોડજ ભુલી જાય.

[ખોરશેદ જાયછ, ગુલબાઈ ધીમે કદમે ઉક્કરજી કાંહછે તે નિહાળવી આવેછ. ઉક્કર આસ્તે આવી પીઠ પાછલથી બીધરાવેછ.]

ઉક્કરજી—[મ્હોટથી] બહુ આયો !

[ગુલ ચીચીઆરી પાડી ચોંકેછ અને ચિરડાઈને.]

ગુલબાઈ—ઓબાપ ઉક્કરજી, એ શું કરજેતી! [સ્વગત] તું મરેરે મુવા આકાંની !

ઉક્કરજી—મેં ત્હેવાં બીવરાવ્યાં ?

ગુલબાઈ—જાવ જાવ, ઇન્સાન થઇને ઘાસ શું ચરોછ ! [સ્વગત] મુવો ગધેરાજતો !

ઉક્કરજી—હારે ત્હમેં મોતાં બૈરાંજી થઇને બીવાં તેમ !

ગુલબાઈ—[સ્વગત] આજે મુવાનો રકાસજ કરૂં કે ફરીથી આવેજ નહીં. [ઉક્કરજીને] ત્હમે બાવાને મળવા આવોછ કે મ્હને ?

ઉક્કરજી—બાવાને પથી ને ત્હમુંને પેહલાં !

ગુલબાઈ—શું કામ છે, કેહવોની ?

ઉક્કરજી—જરા મ્હને સરમ લાગેત.

ગુલબાઈ—સરમ શાની ? માટિડો થઇને કોઈ સરમાય કે ?

ઉક્કરજી—બાવાજીએ તહ્યું. તે તરવા આયોત.

ગુલબાઈ—બાવાજીએ શું કહ્યું તું ?

ઉક્કરજી—તેવે ગુલબાઈના માય બાપ તમેચ થેવા, ને ગુલબાઈની વાતે તમેં વચન તરો !

ગુલબાઈ—બાવાજીએ, ગુલબાઈના ત્હમુને બાવાજી બનાવ્યાં, ને ધણીજી થવા કહ્યું !

ઉક્કરજી—હાજી, એજ તહ્યુંતું.

ગુલબાઈ— ત્હમેં તેમજ બાવાજી રાજી છેવો, તો હુંબી રાજી છેઉં. પણ જરા બોલવા ચાલવામા સલુક ને ડાહપણ વાપડોતો સારૂં.

ઉક્કરજી—એતો તમારી વાતે હથવાનું તરતોતો. ત્હમેં તેહવો-તો હું નાતતની બોલી બોલુ.

ગુલબાઈ—હા, જરા બોલોની. [સ્વગત] પાહડ જેહવા ચાલી જાયછ, ને મુવા ચકરમ જેહવા કેમ રહી જાયછ.

[ઉક્કરજી ઉભા રહી ઠીકઠાક થઇને બોલેછ.]

ઉક્કરજી—ચંપકલી ગોચાં ધારના પેવી ચિત્ચી, ને મારાં ફુલની અડી ઘેવાં મોતાં પેટની, તથા મસાલાના વાસમવાસ દાણિના જેવી ખુશખુશાલ ગુલબાઈ, તમેં મને સાથ હથાર રુપ્યા આપીને ખનશો !

ગુલબાઈ—[હસવાનું દાબીને] ઉકરજીભાઈ, હું કેમ જવાબ આપું હમે બાવા સાથે મલીને વાત કરીતો થાય. [સ્વગત] બલી જેહવું પેટ મુવા હારા બાપનું થાયની!

ઉકરજી—તેતો ખરી વાત. પણ તમેં વો નઈ પનપો, ને મારી વાતે ઉરન નઈ તાજપો, તો હું બનો ખરતો દાળ પીઈને મરી બવત. ને પથા તમેં તેગાબને વાચે રુસ્તમ રઇયોતો, તેમ માયતમ તરપો, ને મખનુને થારૂં લેખી મરી પેઈ, તેમ તમેંબી પનાઈ, ખત્તઈ, અફરઈ, ઘોતઈને મરી ધયો.

ગુલબાઈ—[સ્વગત] અફડાઈ ઝીકઈને તુંજ મરની મુવા પાન્યા! [ઉકરજીને] પણ પરણ્યા પછી પોપટની કાની મહને પેરના પિંજરાંમાં ગાંધી ના રાખતા જો! હું તો બા રોજ ફરવા જવશ.

ઉકરજી—અરે તમેં વો ઉરનના બંદરપર રોધ ફરવા ધપો તેની, તો હેવી મધની હવા તે ઊંઘ આવી ધાય.

ગુલબાઈ—[સ્વગત] બદબૂએ નાક ફાટી જાય, હાં હવા ખાવા મોકલેછ, ને કેહજે "ઊંઘ આવી જાય." [ઉકરજીને] ને ફરી આવવા પછી મહનેતોબા ભૂખ લાગે, તેથી કંઈ મોહડું સમારવાનું રોજ જોઈશે જો?

ઉકરજી—અરે મારા બંડારીની અથની, ભખિયાં તતની ને તળવી બુત્તાતો હેવા યવરાઉં, તે મોનામાં યવાદ રહી ધાય!

ગુલબાઈ—[સ્વગત] મુવાના મોહડાંમા ભજિયાં ચટની ને ફલેજી બુક્કા કાંહથી ભરાઈ ગિયાછ! [ઉકરજીને] હમુને કઈ ગીત ગાતાં આવડેછ કે?

ઉકરજી—હા. લહાવની આવરેત.

ગુલબાઈ—જરા ગાવોની [સ્વગત] રપેને મંજૂર અવાજપર બુલબુલ પટકઈ મરે! [ઉકરજી લાવની ગાયછ.]

ઉકરજી—ખુબ તમનમેં બિરહું ખુધા ખડા મેરી હય,
તું તરતે બાયમેં ધાવું મેરા બેડા હય.

ગુલબાઈ—બસ બસ બસ બસ! વ્હા! ઘણું મજેનું [તાળી પાડીને] હાન ઉસ!

ઉકરજી—શું તે?

ગુલબાઈ—નહીંજી, કાગડા આવીને બેઠા તે ઉડાડુંછ.

ઉમ્કરજી—તાબરા બીત તાંભરવા આયા હોતે.

ગુલબાઈ—હા. એમજતો. કંઈ ગુજરાતી ગાયોની, હિંદુસ્તાની બોલીમાં સમઝ નહીં પડતી.

ઉમ્કરજી—તારે ખુતરાની ધાઉત. [ગાયછ.]

નવજો બજાર લેવા ધાય, ચેતની તાહેની વખત થાય.
પાંઉવારો પાઉ આપી ધાય, માખનવારો માખન આપી ધાય.

ગુલબાઈ—બસ બસ બસ બસ બસ. એતો પેહલ્લાં કરતાં સારૂં !

ઉમ્કરજી—[જોડા હાથમા લઇને] હું પણ્યા પથી બુત પેહડત તે તમુને ખમથે તેની? હું તમે તથો તેમ તાલત. ને હમનાબી હું ચોભુંત તેની? [હુંગાડ પગે આરસી આગળ જઇને પોતાને જોયછ.] તમેં તથોતો દધલાબી પેહડત.

ગુલબાઈ—હા. તેમતો કરવુંજ પડશે. [સ્વગત] સીચી બઈ સો મન સાબુ ચોપડવાથી કંઈ ગોરો થવાનો છે?

[ટૉઇલિટ ઓરનમેન્ટ જોઇને ઉમ્કરજી અજબ થાયછ.]

ઉમ્કરજી—એ આય શું?

ગુલબાઈ—એતો રોમાલપર છાંટવાનું ને હોટને લગાડવાનુ છે.

ઉમ્કરજી—[શીશી દેખાડીને] ને આય?

ગુલબાઈ—આય ગાલ લાલ કરવાનું.

ઉમ્કરજી—[ચપ્પુ દેખાડીને] આય?

ગુલબાઈ—આય પાઉડર છાંટવાનું.

ઉમ્કરજી—[કૉસમેટિક દેખાડીને] ને આય?

ગુલબાઈ—આય બાલ કાલા કરવાનું છે.

ઉમ્કરજી—[કાલાવાલા કરીને] ઘો પરા મ્હને લધાડો. તમારે પગે લાગું. [ઉમ્કરજી પગે પડેછ.]

ગુલબાઈ—કાલાવાલા શાના કરોછ, લેવોની લગાડું.

[ગુલા પાઉડર છાંટીને બહુત લગાડી હોય તેવો ચેહેરો બનાવી, ગાલ લાલ કરી કાલી કોસ્મેટિકે એબિયલ ચ્હેરો બનાયછ.]

ઉકરજી—ધી ધો, મધેનુ તરધો હં!

ગુલબાઇ—ત્હમેં જો જો તો ખરા કે કેહવા ખુબસુરત બનાઉંછ.

ઉકરજી—ધરા લાલ વધારે બનાવધો હં! તે માયધી આવના લેધે.

ગુલબાઇ—હું ત્હમુને હેત્રા પુરા બનાઉંછ, કે કંઇજ ખામી નહીં. [જોઇને] બસ ઠીક લાગેછ.

ઉકરજી—ધીરો ધીરો ધાંધલા ધેવા લાધુંત તેની?

ગુલબાઇ—હા. જરા ભઇને દેખાડિયે, ત્હમેં બેશાજો હં. હું આઉંછ. [ગુલા જવા ચાહેછ.]

ઉકરજી—તમે ધલદી આવધો હં!

ગુલબાઇ—હાજી. [સ્વગત] હવે લગનના રકાસનો છેલ્લો અંક પુરો થયો!

[ગુલા જાયછ, ઉકરજી પોતાને ખુબસુરત સમજી દમમાં બેશેછ, અંદરથી અસલાજીના પુકારનો આવાજ આવેછ, ઉકરજી ધભરાયછ.]

અસલાજી—અરે મ્હને લુટી ગિયા! મ્હને મારી નાખ્યો! અરે મારા રૂપ્યા! [અસલાજી બોલતાં દૂર જાયછ, ઉકરજી ધભરાયછ.]

ઉકરજી—થથરેધોચ્યે તેહલું, તે બાવા ધેલા થયાત, તે થરી વાત! ધેલા આવલ ધધયેતો મારે! હુંતો બા ભરઇ ધાઉં!

[ખુનામા ભરાઇ જાયછ, ને અસલાજી હાંફતા, બુમ મારતા અસલ લિબારામાં આવી કોચ પર બેશેછ.]

અસલાજી—બસ ગિયા! હવે હું મુવો! રૂપ્યા વગર હવે મ્હારે જિવેલું શું કામનું! ખોરશેદ, ગુલા, ત્હમુને કોહડ થાયરે! [કુટેછ] ત્હમેં ઘેરના ધોધાઓએજ આંખ ફોડીરે! [કુટેછ] મ્હારા રૂપ્યા! મ્હારા કર કસરના સંગ્રેલા રૂપ્યા! [વિચારીને] વખતે ચાકરોએતો કાટલું નહીં કાહડિયું હોય! [વિચારીને એક તરફ ટિકીને ચોર સામ્મે હોય તે મુજબ] અરે મ્હારી સામ્મે તું આવ! ત્હારે લોહી પીઉં! ત્હારે ખુન કરૂં! ત્હારો ટોટો પીસું! લાવ મ્હારા રૂપ્યા! કાંહ છે મ્હારા રૂપ્યા! [ઉકરજી અસલાજીને દિવાનો સમજી ડોકિયું કાહડી કાહડીને જોઇને ધભરાયછ.] ત્હારી, મ્હારી ને આખ્ખા મોહલ્લાની જડવી

સેવડાંહ ! રૂપીઆ નહીં આપશ તો બટમ્મે મોકલાવશ, ને અગર કાર નહીં મોકળશે, તો હું ફાંસો દેઇને મરી જવશ ! [અસલાજી જવા ચાહેછ, તેટલાં ઉકરજીપર નજર પડવાથી તેને ધુડકતો બેભન ચોંકેછ.] ઓ બાપોર ! [આમન સામન ધુરકા ધુરકી થાયછ.] ઓ ભુત પેરિયોર મ્હારા બાપ ! [ઉકરજી અસલાજીને દિવાનો સમજી તે કંઇ હરકત નહીં કરે હેવા વિચારથી તેને બીવરાવીને દુર રાખવા ચાહેછ.] તું કોન છે? લાવ મ્હારા રૂપીઆ ! [ધુરકા ધુરકી] જોઇઓતો મ્હને ભખી ખા, પણ મ્હારા રૂપીઆ લાવ, સાહુકાર! [ધુરકા ધુરકી] બોલી મરની ! રંધઇ કેમ ગિયો? લાવ રૂપીઆ ! [અસલાજી આગલ જાયછ ને ઉકરના બીવરાવાથી બુમ મારી હેછ.] ઓ બાપોર! [ધુરકા ધુરકી] અરે મ્હેરવાન ! ઓ કોઇ આવો ! ચોર ! ચોર ! ચોર ! [મ્હેરવાન દોડતો આવેછ.]

મ્હેરવાંન—શું ચે શેઠ, શું ચે?

[અસલાજી ઉકરને દેખાડેછ.]

અસલાજી—જોની આય કોન છે ? ભુત છે કે ચોર છે ! મ્હારા રૂપીઆ ચોડાયાછ ! એજ ચોર છે.

[મ્હેરવાન જોયછ, ઉકરજી ડોલા ધુરકેછ, મ્હેરવાન બીહેછ.]

મ્હેરવાંન—તુ કોન ચે ? કાંથી આવી ? (ધુરકા ધુરકી) એતો મોતા ભુત છે, ચુર નાથી !

અસલાજી—અરે કાહડરે ! તરો બરો છાંટની !

[મ્હેરવાન હિમ્મતથી આગળ જઇ પાછો આવેછ.]

મ્હેરવાંન—[અસલાજીને] ઉભા રેય. હું અમના નિરંગ ભનેય તો ભુત નાસી જાયચ. [ટચાકડી ફોડીને] યા દાદર અહુરમજદ, અહેરેમન મરોચીની દારી, ને શુનમ દીવાન, બરબુદને રસ્તા બેજ તન પસીન. બે શુમાન. અશેમવહી.

[અશેમવહી ભણી ટચાકડી ફોડેછ, અને હિમ્મતથી ઉકર આગળ જઇ પાછો આવેછ.]

મ્હેરવાંન—એ ભુત કંઇ આદમીના ખાવાના નથી આવ્યા. એતો રૂપીઆ ખાવાના આવાય. શેઠ, થોડા રૂપીઆ આપેચ તો એ નાસી જાયચ.

અસલાજી—અરે હેને કેહની, કે જોઇયેતો મ્હને ખાઇ જા પણ રૂપ્યાનું નામ ના લે. સોગંદ ખાઇને કેહની, કે કોઇ મ્હારા રૂપ્યા ચોરી ગિયુંછ. [ધુરકા ધુરકી થાયછ, અસલાજી ઘભરાઇને બુમ મારેછ.] અરે ખોરશેદ ? ગુલા ? કાંહ ગિયાં ? અરે આવોરે ! બાપરે ! બાપોરે !

[ઘભરઇને ખોરશેદ તથા ગુલા આવેછ અને ઉક્કરજીને જોઇ બંધે એકએકને ઇશારો કરી હસવાનુ દાબેછ.]

ગુલબાઇ—શું છે બાવા ?

ખોરશેદ—રૂપ્યા મલ્યા કે બાવા ?

[અસલાજી ઇશારતથી ઉક્કરજીને દેખાડેછ.]

અસલાજી—અરે આય કૌન સુવુંછ ? ભસાંબી નથી મરતો કે 'હું ભુત છેઉં કે ચોર છેઉં.'

ખોરશેદ—હું ધારૂંછ કે એજ મૌલા હમારા રૂપ્યા ઓગરી કરી ગિયોછ, ને ન્હાસતાં ફસી ગિયોછ. મ્હેરવાન, દોડ ને ગરદન પકડીને બાહાર કાહડ. ભુતબી નથી ને પલીદબી નથી. ને જો ભુતબી હોશે, તો કુન્દી કરવાથી આપોઆપ ન્હાસશે.

મ્હેરવાંન—[ઉક્કરજીને] એઇ, તુ સીધા સીધા આવેચ કે તારા મુન્ડી પકડેચ ?

[મ્હેરવાન આગળ જાયછ ને ઉક્કરના ધુરકવાથી બીહેછ.]

ખોરશેદ—અરે બીહેછ શાને ? ગરદન પકડીને ઉપર ચ્હડી બેશની !

[મ્હેરવાન હિમ્મતથી ઉક્કરના કાન પકડી બાહર કાહડેછ, ઉક્કરજી જાનવર માફક હાતે પગે ચાલી બાહાર નિકલેછ, મ્હેરવાન પીઠપર ચહડી બેશી પાછલે હાથે પીઠપર છાપટ મારેછ.]

મ્હેરવાંન—ભુત થઇને મારા શેઠના રૂપ્યા ચોરી જાયચ ?

અસલાજી—અરે પણ એ સુવોછ કૌન? કપડાં ને પાઘડી તો પારસીના જેહવી છે. [ગુલા અનજાની થઇને.]

ગુલબાઈ—અરે એવન તો પાસેના ઉકરજી છે.

[મ્હેરવાન ઉભો થાયછ, ઉકરજીભી ઉભો થાયછ.]

ઉકરજી—[ઘભરઇને] ધોધો હું અથલાજી! તમે ઘેલા થઇને મને મારતા ના હું વરી!

ગુલબાઈ—કાંય ઉકરજી ત્હમેં ભરઈ કાંય ગિયા?

ઉકરજી—થથેરધીએ તેહ્યું, તે બાવા ઘેલા થયાત, તેથી હું બાધો, ને મુવો રહીને અથલાજીને મેં બિધરાવ્યા તિધા, તે મને મારે નઇ.

અસલાજી—[ખોરશેદને] એ મ્હને ઘેલો શાનો બનાવેછ?

ખોરશેદ—હું શું જાંણું!

ગુલબાઈ—બાવાજી ત્હમેં જેવન સાથે મ્હને પરણાવાના ઉતા તે એવનજ ધન ધન ધોરી કે?

અસલાજી—પણ મોહડું રંગીને સાંઇકોડા કાંય થયા ઉકરજી?

ઉકરજી—એતો ઘુલબઇએ મ્હને ધરા ધોરો ધોરો તિધો.

મ્હેરવાંન—ધોરા નેઇ પણ ગેધેરા કિધી.

[મ્હેરવાન બોલતો બોલતો જાયછ.]

અસલાજી—અરે ત્હમેં ઘેલા થયાછ, કે છાકટા થયાછ? આરસીમા ત્હમારૂં મોહડું જોવોની એ શું કિધુંછ?

[અસલાજી આરસી દેખાડેછ, ઉકરજી ચિરડાઇને ગાલ સમ્ભલાવેછ.]

ઉકરજી—હત તું મરી ધાય રાન નાપાત! ત્હારો બાપ ભત્તાંમા ધાય ને ત્હારો ભઇની દથમાંમાં ધાય!

[ઉકર ગુસ્સે થઇ ઝડપમાં ચાલી જાયછ, અસલાજી અટકાવવા ચાહેછ.]

અસલાજી—અરે ભઇ, મોહડું ધોઇને જાવોની, કોઇ ગાંલ દેશે! અરે ઉભા રેહવો!

[અસલાજી પાછલ જાયછ, ગુલા ખોરશેદ હશેછ.]

ખોરશેદ—[હસીને] ગુલા, ઠીક નાટક કિધો હં! ફરીથી હવે બેહુ જનાં નામજ નહીં લેશે. [બન્ને ઝડપમા આવેછ.]

બજો—હેઠ, હેઠ રૂપ્યા હોધતાતા તેતો લઈ કરીને મ્હને ગોરીમાથી મલેલા. હેઠની ઓટીમાંથી નિહરી પડેલા દેખુ !

[બજો બંડલ આપેછ, ખોરશેદ લેછ.]

ખોદશેદ—વારૂ બોલતો ના હં !

[ગુલાની નજર સામેથી આવતી શીરિનપર પડવાથી.]

ગુલબાઇ—ભઈ, પેલી આવેછ હં ! ચાલો આપડે આપડા ઓરડામા જૈયે.

ખોરશેદ—ચાલો, કે દખિયેબી નહીં ને દાઝિયેબી નહીં. [જતાં જતાં બજાને] બોજેર, કંઈબી કેહતોના હં ! એ રૂપ્યા બાવાને આપશું, પણ તે આગમચ કંઇ કામ કરવુંછ.

બજો—બહુ હાર. હેઠ લઈ કરીને જેમ તમેં કેહો તેમ.

[ત્રણે જાયછ, શીરિન મ્હેરવાન સાથે આવેછ.]

શીરિનબાઇ—મ્હેરવાન, બજાર મેં કહીતી તેમજ મંગાવીછ કેની ? જોજે હં ! બાહારના માણસ આવવાનાછે. આજે શેઠની સાલગરી છે.

મ્હેરવાંન—તમે કેયાતા તેમજ મંગાવીચ. પન શીઠ કંઈ નાહ્લી બેરચા ચે કે વરસ ઉગારેચ.

શીરિનબાઇ—ચાલ લામ્બુ ના કર.

મ્હેરવાંન—ઉ કાં લામ્બા ચે ! ઉતો ચોતા ચે.

શીરિનબાઇ—વારૂ, બેહસ્તી ધનજીભાઈ ઉમરીગરને ત્હાંથી જે દારૂ આવે તે ગોડાઉમાં બંધ કરજે.

મ્હેરવાંન—વેરૂંજી.

શીરિનબાઇ—ને પછી પરવારીને બધુ ઉચું નીચું કરજે.

મ્હેરવાંન—વેરૂંજી !

શીરિનબાઇ—શું વારૂંજી ? સમજયો કે અમથોજ માથું ધુનાવેછ ?

મ્હેરવાંન—હા, સમજેચ, [દિવાલ તરફ હાત દેખાડીને] આય બધા ઉચા ચે તે નીચા કરેચ.

શીરિનબાઇ—અરે આ ઘેલારી,—

મ્હેરવાંન—ઉં કંઈ ઘેલ્યારી નથી, ઉંતો બબરચી ચે.

શીરિનબાઇ—અરે ઉચું નીચું એટલે બધું સાફ સુફ કરજે.

મ્હેરવાંન—વેરૂંજી. [બજો દાખલ થાયછ.]

બજો—બાઇજી, ખાકીભઇ હેઠ આવેલા.

શીરિનબાઇ—તેવનને અંદર મોકલ.

બજો—વારૂંજી. [બજો જાયછ.]

મ્હેરવાંન—શીરિનબાઇ, તમેં શીઠના જેવા બખીલ નથી તે સારા એ. શીઠતો ખાવાના ખાઇને બેબરચીખાનાંમા આવેચ, ને કેચ કે, 'જાસ્તી બોયચ તો સવારના નાસ્તાના રાખેચ.' પણ કોંથી રાખેચ? બધા ઊંદર ભૂખા મરેચ! [ખાકીભઇ દાખલ થાયછ.]

શીરિનબાઇ—આવોજી. બેશો બા.

ખાકીભાઇ—હાજી. શું હોકમ છે?

શીરિનબાઇ—એક આખો સેટ મખમલની કુશાન સાથનો અણીજ સરસ બનાવજો, થોડા દાહાડામા મ્હારાં લગન છે.

ખાકીભાઇ—જેહવો હુકમ. મખમલ, લાકડું સઉ પેહલાં નમ્બરનું લઉની?

શીરિનબાઇ—હાજતો. ઊંચામાં ઊંચું.

ખાકીભાઇ—વારૂંજી. બીલ શેઠનાજ નામનું કે?

શીરિનબાઇ—હા, શેઠનાજ નામનુંજતો.

ખાકીભાઇ—બેડ રૂમનુબી કે?

શીરિનબાઇ—બેડ રૂમ, ડાઇનિંગ રૂમ, ડ્રાઇંગ રૂમ, શઊનુંજતો.

ખાકીભાઇ—વારૂંજી. કેટલા દિવસમાં જોઇશે?

શીરિનબાઇ—બને તો પંદર દિવસમાં.

ખાકીભાઇ—વારૂંજી. જેમ બનશે તેમ જલ્દી કરીશ. બેશોજી.

શીરિનબાઇ—આવજોજી. [ખાકીભાઇ જાયછ, કરાંચીવાલ પુરનમળ દાખલ થાયછ.] કેમ પુરનમળ, કોર લાયા કે?

પુરનમળ—હાજી, કોરની તરાંહતો તમેં ઘણીજ સારી પસંદ-કિધીછ. જે જોયછ તે માંગેછ, ને બનીછબી હેવી, કે ગવન્ડરબી જોયાજ કરે. [કોરનો દાબડો કાહડી આપેછ.]

શીરિનબાઇ—હવડાં તો વ્હમેં મુકી જાવો, ને બીજી સાડીની એક, તથા પોલકાની બે ભરી લાવજો. લાવો વ્હારે આંકડો શેઠને નામનોજ કરી લાવજો. જોજો હ! જલ્દી લાવજો, નહીંતો બ્યાહ પાછલ ઢોલ નહીં વાગે.

પુરનમળ—ઠીક છે બાઇ. બેશે બાઇ.

શીરિનબાઇ—આવજો. [પુરનમળ જાયછ, પ્યારીલાલ દિલ્લીવાલો આવી સલામ કરેછ.] કેમ પ્યારીલાલ, નેકલેસ ને વાડા લાયા કે ?

પ્યારીલાલ—જી હાં બાઇ. નેકલેશ ઔર બ્રેસલેટતો ઐસી ઉમ્દા બની હય, કે વ્હે આપકેહી તકદીરકે લિયેથી.

[પ્યારીલાલ નેકલેસ, તથા બ્રેસલેટનો દાબડો કાહાડી આપેછ.]

શીરિનબાઇ—તુમ ઇસ્કો જોખ્યા હય કેની ?

[પ્યારીલાલ ગજવાંમાંથી આંકડો કહાડી આપેછ.]

પ્યારીલાલ—જી હાં વ્હે વજન, હિસાબ ઔર કીમતહય.

[શીરિન આંકડો લઇ વાંચેછ.]

શીરીનબાઇ—કિમ્મતતો તુમને બોત જાસ્તી રખેલા હય !

પ્યારિલાલ—આપ તહકીક કરના, ફેર જો કમો બેસ મુનાસિબ હોગા, વ્હો હો જાયગા.

શીરીનબાઇ—ઓર એક નવી ધપકા એરિન ઔર એક રોજકા વીંટીબી લાના. પણ તે દેખો હું તુમકો ફરીથી બોલતા, કે કિમ્મત જાસ્તી નહીં કરના. ઓર આંકડા શેઠકે નામકાજ લાવજો.

પ્યારીલાલ—બાઇ, મેરી સલાહ હય કે આપ વ્હો હીરેકી બ્રસલેટ લો. દસ હજાર કુછ જિયાદા નહીં હય.

[અસલાજી રૂપ્યાના અફસોસમાં બોધ્યાના આવી બેશેછે.]

અસલાજી—અરે મ્હારા રૂપ્યા ! રૂપ્યા ગિયા તેના કરતાં તો હુંજ મુવો હોતે તો પીડા પત્તે !

શીરિનબાઇ—અસલાજી, હવે એ ધકારો કાહડી નાખો. "સર. સલામત તો પધડી બહુત." ખુદાય હમુને સલામત રાખે એટલે હેવા દસ હજાર કંઇક પેદા કરશો. હમેં જામે ને કયસરમાં જાહેર ખબર આપવાના ઉતા તે નહીં આપી કે ?

અસલાજી—ને નહીં મલ્યા તો જાહેર ખબરના રૂપ્યા ઉપર ચોટલી કરૂં કે ?

શીરિનબાઈ—પણ પોલિસમાં ખબર નહીં આપતા, તે ત્હમારી ભૂલ છે!

અસલાજી—પોલિસમાં ખબર આપીને ગાડી ભાડાં રોજના કોન ખરચે?

શીરિનબાઈ—ચાલો ત્હારે બળાપો ના કરો. ત્હમારી બલા ગઈ.

[પ્યારીલાલ જલ્દી જવાની મકસદથી અને મ્હોટો સોદો કરવાની નેમથી હીરાની દસ હજારની બ્રેસલેટ ખરીદવા માટે શીરિનને અરજ કરેછે.]

પ્યારીલાલ—બાઈ, ઉસ્કા દસ હજાર દેદો. નાહક દિલ મત દુખાવ.

[પ્યારીલાલનો કેહવાનો અર્થ જુદો કરી, અસલાજી ચોંકીને પોતાનો રૂપ્યાનો પત્તો મેલવવાના ઇરાદાથી પ્યારીલાલની ગરદન પકડી પુછેછે.]

અસલાજી—કિધર હય મેરા દસ હજાર? જલ્દી બોલો, નહીં તો તુમેરાભી જીવ લેતા હું ઔર અમેરાભી જીવ નિકાલતા હું.

[પ્યારીલાલ એકાએક ધભરાયછે.]

પ્યારીલાલ—અરે શેઠ! શેઠ!

અસલાજી—અરે તેરે શેઠકુ કયા કહું! ઔર તુમકોભી કયા કહું! તુમ જાનતા હય, તબ તુમ બોલા, કે "ઉસકા દસ હજાર દેદો." બોલો! જલ્દી બોલો? કિસ્કી પાસ હય? બાઈકી પાસ હય?

શીરિનબાઇ—અરે પણ કંઇ શાંભળવા વગરજ કોઇની પર હાથ ઉચકશો કે?

અસલાજી—[ચિરડઈને] નિકળ, તું આવતી મરે! અવર પગલાંની! તેંજ લિધાછ! [ગળું છોડીને બદિયાન પકડેછે] બોલો, બાઇકુ તુમને અયસા કાયકુ બોલા કે, "નાહક દિલ મત દુખાવ!" વ્હો કાયકે વાસ્તે બોલા? બાઇનેજ લિયા હોગા!

પ્યારીલાલ—[ધભરાઇને] શેઠ મુઝે છોડો તો મયેં કહું.

અસલાજી—હા, છોડતા હું. પન સચ્ચા બોલના! [છોડેછે] બોલ, રૂપ્યા કાંહ હય? કૌન ચોરી કિયા?

શીરિનબાઈ—અરે હેની પાસે દસ હજારની હીરાની બાંગડી છે, તે મેં વેચાતી માંગી, તેને સારૂં કહ્યું કે "દસ હજાર દેદો." ને "દિલ મત દુખાવ" કરીને કહ્યું, તેનો મિનિંગ એ, કે, ત્હમેં ખરીદ કરો, ને ત્હમારૂં દિલ ના દુખાવો.

અસલાજી—[ચોંકીને] દસ હજારની બાંગડી! અરે મ્હારા બાપને ત્હાં ધાર પડે! મ્હારી પાસે દસ દોહડિયાં નથી! સુજમાં રોજ ના બોલતી હું!

શીરિનબાઈ—અસલાજી અત્યારથીજ ત્હમેં એમ કરોછો, તો પાછલથી "કાસી સંગ કેમ જશે?"

અસલાજી—એ કાસી ગિયા! થોડાજ વખતમા કોલાબેનો રસ્તો લેવો પડશે, નહીંતો પછી બાબુલાના તલાવવાલું ઘેરતો છેજ!

[ભિખાઇજી આવેછે.]

ભિખાઇજી—કેમ બાવા, કેમ છેવો?

અસલાજી—એ કરમનીજ કાંહનીજતો! દસ હજાર રૂપ્યા ગિયા, ને "વિનાશ કાળે વિપ્રીત બુધ્ધી" ની કેહવત પ્રમાણે ધ્રડે ધડપણ જુવાન બૈરી લાવવા નિકળ્યો! હજુર તો પણ્યો નથી તેટલાંજ દિવાળું ફુકવાનો સોદો થાયછ!

શીરિનબાઇ—બેશો માય, એવનતો હમેશાનાજ હેવા છે. દસ હજારની હીરાની બાંગડીની બધી પંચાત છે.

અસલાજી—અરે દસ હજાર રૂપ્યા તો શું, પણ ગ્હને ને આખ્ખાં ઘેરને વેચશેતો દસ હજાર દોહડિયાંબી નહીં મળશે! અરે ખુદાય! સુખલીએ કહ્યું, તેજ થાયછ! [ખાસડું નાકે ઘસેછે.] મ્હારી કાની ધડકાઓ જુવાન બૈરી લાવતા હોશે, તેવો આય પ્રમાણે રવડીજ મરતા હોશે કે? અરરર? સારૂં થયું કે વાતચિત સિવાયે કંઈબી ક્રિયા નથી કિધી!

ભિખાઇજી—બાવા, હેવા વિચારમાં હોશેતો ત્હમેં ભૂલ કરોછ! મ્હારી છોકરીનુ સત્તર ઠેકાણે થતુંતું તે રદ કિધુંછ, ને પુરવાર થવાથી ડામીજી આપવી પડશે!

અસલાજી—ડામીજી આપવાની આગમચ ફાંશી નાખીને મરી જવશ, પછી કાંહથી ડાંમીજી લેશો? [અસલાજી પ્યારીલાલને

જોઇ ચિરડાયછ.] નિકલો ઇદરસે ! અભી કા અભી જાવ ! નહીં તો માર ડાલુંગા! [ખાસડું છુટ્ટું મારેછ. પ્યારીલાલ બચી જાયછ.]

ભિખાઇજી—પ્યારી લાલ, હવડાંતો ત્હમેં જાવો, કાલે આવજો. ત્હમેં રૂપ્યા સારૂ એ ફિકર રેહજો.

[અસલાજી ખાસડું લેવા જાયછ, પ્યારીલાલ ન્હાસી જાયછ, પાસકોલ આવેછ, અસલાજી ચોંકેછ.]

અસલાજી—એ, ગેપાઉં કિસ્કો પુછતા હય ?

[પાસકોલ ચિરડાયછ.]

પાસકોલ—ગેપાઉં કિસ્કો બોલતા હયરે ? છે! આપુણ ઇબ્રામ ઇશાકકા ટેલર હયરે ! બાઇ બોલા, "શેઠકા નાપ લેવ," તર નાપ લેનેકુ આયા હય.

[થોડો વખત ઘુરકા ઘુરકી થવા પછી.]

અસલાજી—અરે હવે મુગો મરની, નહીંતો મ્હારાં માપને બદલે ત્હારી પીઠનુ માપ લેવશ ! જાવ, નહીંતો ધક્કા ખાયગા ! જાવ યૂ ટોપસ ! [પાસકોલ ચિરડાયછ.]

પાસકોલ—ચે ! ટોપસ કિસ્કો બોલતા હયરે ! ટોપસ કોણ હય ? અયસા બોલેગા તર હે !

અસલાજી—એ કારી ચાવલ, તુંમ ચુપચુપ નહીં જાતા?

પાસકોલ—[ચિરડાઇને] કારી ચાવલ, તુમ આન તુમારા બાપ! ચોર ફેર ફાધર કારી ચાવલ, યૂ કાગડા ખાઉ !

અસલાજી—તુમારેકો પતરાજી આયા હય નહીં? [મ્હેરવાંનને પુકારેછ] મ્હેરવાન ! મ્હેરવાન?

મ્હેરવાંન—[અંદરથી] આવીજી. અમના આવેચ કે પાચા આવેચ ?

અસલાજી—અરે હવડેજ આવી મર !

મ્હેરવાંન—[અંદરથી] શેધીને આવેચ કે જેલ્દી આવેચ ?

અસલાજી—હવડેજ આવી મર નાપાક !

મ્હેરવાંન—[અંદરથી] ને પોપેતામા ઘુસ બારી જાયચ તે?

શીરિનબાઇ—પણ મ્હેરવાનને શું કેહવોછ, ને દરજીનો શું વાં-

કે! ત્હમારો વાગો બનાવવા મેં તેડાવ્યોતો, ને નહીં સીવડાવવાના હોય તો ના કેહવો. સુઈ પચાશ સો રૂપડીનીજ બિશાત કેની?

અસલાજી—અરે એ તું બકી શું મરેછ? સો રૂપ્યાના કપડાં તો આખ્ખી જિન્દગીમાંબી મેં નહીં પેહડયાં હોશે. અરરર! પણો-તું પુત પારણાંમાથીજ માલમ પડયું તો ઠીક થયું! ઘરડે ઘડપણ જુવાન બૈરીતો ઠીક લાયો! પેલી કેહવત છે તેમ, "ચાચા ભેંસ નહીં લાયા, બડા પાપ લાયા!"

શીરિનબાઈ—ચાલો માયજી, એવનનીતો તેજ આદત રહી ગેઈ! રાતના પેલા પહરાંણાં આવશે ને હજુર કંઇ તૈયારી નથી કિધી.

ભિખાઈજી—અસલાજીબા, હજુર તો ઘણા દાહાડા લેવાછ ને ત્હમે એમ શું કરોછ?

અસલાજી—અરે ઘણા શાના! આજથીજ પતાવોની! શું એમ કરીને ગલે પડવા માંગોછ કે! જાવોની બાપુ!

ભિખાઈજી—જાઓ જાઓ, હવે ઘરડે ઘડપણ એ ત્હમારી રીત કંઈ છાજે નહિં! [બંવે જાયછ.]

અસલાજી—તેતો ખરીજ વાત છે કે, "ઘરડા તે ઘેલા." જુવાન બૈરી લાવવાનો વોટરબરી વિચાર જો મ્હારા મગજમાં નહીં આયો હોતે, તો આજે આવી પીડામાં નહીં આવી પડતે! અરે! અરે! અરે! દાહડાની ચાલે મ્હારા સકમઈના સંગ્રેહલા પૈસાબી ગિયા! રૂપ્યા ગિયા તેના કરતાં તો અકલ ગેઈ હોતેતો પરવડતે!

[મ્હેરવાન ધરપચમાં જલદી આવેછ.]

મ્હેરવાંન—[જલદી] શીઠ, શું કેચ! શું કેચ?

અસલાજી—હાવો જલદી આવી સુવો કે? કાલેજ કાંય નહીં આયો?

મ્હેરવાંન—વેરૂ, તારે કાલે આવેચ.

[જવા ચાહેછ, અસલાજી રોકેછ.]

અસલાજી—[ચિરડઈને] અરે કાંહ મરેછ? તુને ત્હારનો તે-ડયો તે હવડે આયો કે?

મ્હેરવાંન—હું જેલ્લી આવતે, પણ પેલા બધા દારૂખાના આ-વીચ તેના ઉંચા મુકતીતી.

અસલાજી—દારૂખાંનું? દારૂખાંનું શાનું! શું ઘેર ઉડાડી ના-ખવા માગેછ કે?

મ્હેરવાંન—મોત્તા મોત્તા પોતલામાં બેઠ્ઠા જીન, ને પોદર, ને નોરિયા, ને શેરવેન, ને પોટલેન આવેલા ઉતા, તેને ઉચા મુકતાતા.

અસલાજી—અરે તું મરેરે? એ દિવાણું કહડાવવા બેઠીચ શું? કે બનેવ બાવાને ત્હાંથી ઈંગ્રેજી દારૂ મંગાવ્યો!

પાસકોલ—એ પારસી, તર અમકો ક્યા બોલતા હયરે!

અસલાજી—હવે તું જાયછ, કે ત્હારી કમબખ્તી આવીછ?

પાસકોલ—એ તર ઓમકો બુલાવા કાયકુરે?

અસલાજી—[મ્હેરવાનને] આય મેસતાંઉને બ્હાર કાહડ.

મ્હેરવાંન—[પાસકોલને] એ કારી ચાવલ, જાવ.

પાસકોલ—એ આગા બોડિયા મુંડી, કારી ચાવલ કિસ્કો બોલતા હયરે?

મ્હેરવાંન—[ચિરડઈને] અમ બોરિયા મુદ્દી? [ટોપી ઉડાડી નાખેછ] તેરા બાપ બોરિયા મુંદ્દી! [ધક્કા મારી હડસેલેછ, પાસકોલ ચે ચે! કરતો જાયછ, મ્હેરવાન અસલાજી આગળ ઉલટું કેહછ.] મને કેચ કે તારા શીઠ બોરિયા મુંદ્દી જેવા ચે?

[ઢોલ તાસાની શુરઆતનો આવાજ આવેછ,
અસલાજી ચોંકેછ.]

અસલાજી—એ ઢોલ તાસા શાના વાગેછ?

મ્હેરવાંન—શીઠ, શીરિનબાઈયે તમારા વરસ ઉગેચ તેથી બોલાવેચ.

અસલાજી—અરે તું ફજેતીની કરતી મરેરે રાંડ નાપાક? બાવાજીના મુચ્યાનુ વરસ ઉગ્યું તે ઢોલ તાસા મંગાવી મુઈ? અરરર? સારૂં થયું કે અત્યારથી ખબર પડી ગઈ! નહીંતો કૌન જાણે કે બુડાપામાં કેહવી ફજેતી થતે? હવે જલ્દી વાતને અટકાવી, છેડા છોડવી આપી રૂખસતે પાનદાન કરવી જોઈયે. નહીંતો માગનારાઓનું લશ્કર હુમલો કરશે તો, તેઓની હુલરાણીની તાપે મરવી આગમચ ધસારાનાજ દેખાવે ધપી જવશ.

મ્હેરવાંન—શીઠ શીરિનબાઈતો મેજેના ગોરા ગોરા બૈરી ચે, તમેં ગુસ્સા સું કેરવા કેરેચ?

અસલાજી—મજેની છે તો શું કરેછ? શું તેની સાથે પરણેછ?

મ્હેરવાંન—ઊતો મોત્તા ખુશીથી બૈરી કરેચ!

અસલાજી—તો પરણી મરની, બેહુ જણા જહાનમમાં જઇને પડોની?

મ્હેરવાંન—પજીને મરેછ શું કરવા? [સ્વગત] જહનમ ને દુજખમાં જવાના કાંમ તો અસલાજીના એ.

[જોરમા ઢોલ તાસાનો આવાજ આવેછ.]

અસલાજી—અરે જાની, મરની! કંઇ પૈસા આપીને કાહડની! કાંય મ્હારી ફજેતી કરાવી મરેછ!

[મ્હેરવાંન ઝડપમાં જાયછ, અસલાજી તમાચ્યા મારેછ તથા ખાસડાંએ નાક ઘસેછ, ઢોલ તાસાનો આવાજ બંધ થાયછ.]

અરરર! મ્હનેબી ઘડે ઘડપણ લવ કરવાનો શૌક થયો! એકતો ઉકરડાનુ ટાઇટલ છે, ત્હાં વલી કંઇ બીજી પેહરાંમણી પેહડવી પડતે! [સુખલી આવીને ઓવરણાં લેછ]

સુખલી—ઓ ઊ મહરે! બાપા, એ આવ સું ઢેર ફજેતા! મેં પેલથીજ કહ્યુંતું કે તમુને પાદરે મેલી આવશે, પણ તમેં નઇ માયનું! રાંડ કંઇ ધુતમધાતા કરીને વસીકરન કયરૂં, ને મ્હારા ભોલા શેઠને બમાયવા!

અસલાજી—પણ સુખલી, હવે એ પીડાને પતાવિયે કેમ? એતો વગર ઇજને મ્હેમાંન થઇછ, ને વગર ભાડાંએ ઘેર ધણી થઇ બેઠીછ!

સુખલી—એ પીડા તે કંઇ એમ પતવાની છે! મારૂંતો તમેં કહ્યુ માયનુંજ નઇ! કેટલું બખાયરૂં ને બાંયસું, પણ તમારા એયે વાત ઉતરીજ નઇ. પેલો ફરાંમજી વકીલ શીરિનબાઇની માસીનો દીકરો થાયચ, ને તે સાખ્સી છે, એટલે કમ્પનીના રાજના ધારા પરમાણે કંઇ આપવું તો પડવાનુંજ!

અસલાજી—[ચોંકીને] અરે એ શું બકી મરેછ? શું આપે? વાહલકેસરના પથરાકે? આપવાને બદલે હુંબી અસલાજી બંદો ખરો, કે એ ડાકણ સાથે પરણું ને બીજેજ દાહડે ગલાંમાં ફાંસો નાખીને મરી જાંઉ. [અંદરથી પ્યારીલાલનો અવાજ આવેછ.]

પ્યારીલાલ—બાઇ હએ કે?

અસલાજી—એ કૌન મુવોછ વલી ?

સુખલી—એતો કોઇ ઉગરાંણી આયવો ઓસે.

અસલાજી—કાહડની પીડા ! હુગરાંણી બુગરાંણી કંઈ મલવાની નથી ! કૌનના હુકમથી ધીરી મુવાતા ? બસ્તાંમાં જઇને જોઇયે તો તેના બાપ પાશેથી લેય !

સુખલી—ગેં સમજાવી આઉંચ બાપા.

[સુખલી જાયછ, અસલાજી ચિરડાયછ.]

અસલાજી—વલી એ બાઇને નામેં ફોક મુકતો આયો !

[કેકી ફાંકડા પોશાકમાં દાખલ થાયછ.]

કેકોબાદ—શેઠ સાહેબ અસલાજી શેઠ [અસલાજી ટીકીને જોયા કરેછ.] કેમ શેઠ, ઓળખતા નહીં કે ?

[અસલાજી કેકી પર રૂપા ચોરવાનો શક લાવેછ.]

અસલાજી—[ચિરડઇને] ઓળખુંછ હું તુને, સારીકાની ઓળખુંછ, કે મ્હારા ઘેરમા ખાતર પાડી, મ્હારી મતા ઓગરી કરી, નકટે નાકે તિરમતરાક થઇને આજે કેટલે દાહડે તું મ્હારી સામ્બે આવી ઉભોછ !

[કેકી અસલાજીના કહેવાનો જુદો અર્થ કરી ગુલા વિશે સમજેછ.]

કેકોબાદ—શેઠ, ગુસ્સે ના થાવો. ભલાં હૈડાંના ભિતરમાથી ભુંડો આસા કદી રાખતા ના. ત્હમારી મતા વિશેનો ખરો, ને પુરો ખુલાસો શાંભળી, હું ધારૂંછ, કે મ્હારી ભોલી અને ભલી ચાલ માટે ત્હમે મ્હને માફ કરશો.

અસલાજી—મ્હારી મતાના ચોરને હુંજ માફ કરૂં ?

કેકોબાદ—પણ ત્હમારી મતા કોઇ ખરાબ હાથમાં ગઇ નથી. અસલાજી શેઠ, હું ગરીબ, પણ ગ્રહસ્થ છું.

અસલાજી—અરે વ્હારે ઓલ્યા ગપાટ ! મ્હારો ખજાનો ઓગરી કરીને વલી ગ્રહસ્થમાં ખપેછ કે ? વારૂં સાચ્ચું કેહ, તુને તફરમચીમ કરવા કોને ઉસકેરિયો વારૂં ?

કેકોબાદ—દિલે.

અસલાજી—અરે વાહરે મૌલા પીર ! ત્હારે દિલ ઉસકેરે તો

કોઇનું કાટલુંબી કાહડે ખરેકે? દિલે એમ કહ્યું તું, કે કોઇનો ખજાનો તફડાવજે?

કેકોબાદ—"પરાઈ આસ, સદા નિરાસ." મ્હને જે નસીબે ખજાનો આપ્યોછ, તેજ મુબારક! અને બીજા ખજાનાની મેં પરવા કિધીબી નથી અને કરશબી નહીં.

અસલાજી—અરે વાહરે ઉઠાઉગીર! કેહવી નરમ ઘી જેહવી વાત લાયોછ! અરે હું એ ખજાનો તુંને પચવા દેવશ ત્હારે મુબારક થશેની? મરીને ભુત થઇનેબી પોંછો પકડશ!

કેકોબાદ—જો એમ છે તો હું જણાંઉછ, કે એ ખજાનાને મ્હારીથી દુર કરવાના મેં કસમ લિધાછ.

અસલાજી—દુર કરવાના કસમ લિધાછ, તો ખપર! પણ એક વખત તું મ્હને દેખાડ, ને પછી જો, કે હું કેમ લઇ શકુંછ!

કેકોબાદ—હા, હું ખુશીથી દેખાડુંછ. પણ દેખાડવા પછી હું નહીં ધારતો, કે તે ખજાનો મ્હારી પાસેથી ત્હમેં છિનવી શકશો! તે ખજાનાથી હું પોતાને ભાગ્યશાલી ને દોલતમંદ સમઝુંછ.

અસલાજી—હરાંમનુ મલે, ને દોલતમંદ થાય, ને પોતાને ભાગ્યશાલી સમઝે, તેહમાં નવઇ શું? વાહ જાની, લાવતો ખરો! જરા દેખાડતો ખરો, કે જોઇનેતો આંખને ઠંડક આપું.

કેકોબાદ—ત્હમુને ઠંડક પડતાંજ ઉમ્મેદ છે કે મ્હને રૂડા આશિર્વાદ દેશો. [કેકી જાયછ, અસલાજી અફસોસ કરેછ.]

અસલાજી—આયબી કેથો જબરો મારતે મિયાં મલ્યો! મ્હારી મતા તફડાવી, તે પોતાની કરવા સારૂં મ્હારાજ આર્શિવાદ માગેછ. બુઢ્ઢો થઇને જેમ જુવાન શીરિન સાથે પણવાનો મ્હને મરજ થયોતો, તેમજ નુકટઇનો આયબી એક મરજજતો! [સુખલી આવેછ] કેમ સુખલી, કોન મુવોતો?

સુખલી—અરે બાપા માંગનારજતો! માંગનારબી કંઇ એક બે મુવાય! મુવુંતો બધું લશકર ચડી આયવું હોય તેમ ઉતરી પયડાય. [અસલાજી ઘભરાયછ.]

અસલાજી—અરરરર! હવે કેમ કરૂં! ન્હાશી જાઉં, કે ઝેર ખાઇને મરી જાઉં! રૂપાતો આપવા નહીં ગમશે.

સુખલી—બાપા, તમેં એ રાંડને કંઈ ધાર ધધરાવીને પતાવો તો સારૂં ! નઇતો એ પીછો મુકવાની નથી. મેં એ ફુકતીનો ચોખો ચાંપપોતો, ને એવું જણાયવું કે જો કંઇ રકમ આપોતો બધી ભાંજગડ પતે.

અસલાજી—અરે પણ પતાવની ! કાહડની પીડા ! આપતાંતો મ્હને હાથે આંકડા આવશે, પણ નાચારીએ આપશ. ને ખમાશે તો ખમશ, નહીંતો ઝેર ખાઈને, નહીંતો કુવો પુરીને મરી જવશ.

સુખલી—જોવની બાપા, પાંચ હજારની રકમ વગર સમજે તેવું નથી લાગતું. પેલા માસીના દીકરા વકીલ છે તેવનની શાક્ષીની બધી કુમક છેની !

અસલાજી—પાંચ હજાર? એ શું ધાર આવી ! અરે પાંચ હજાર મ્હાગી પાસે છે કાંહ ? ગ્હોત લાકડાંના પાંચસો છે, તે આપું, ને મરશ ત્હારે આંધલાં લુલાંની ધરમશાળામાં જઇને મરશ.

સુખલી—બાવા, પાંચસો તો શું પણ તયણુ અજારેભી નથી સમજવાની ! મેં કંઇ કંઈ સમજાયવું, તારે પાંચ અજારે માયનુંચ.

અસલાજી—અરે પણ શું ધાર આવી ! [ગણીને] એક, બે, તન, ચાર, ને પાંચ ! ઓ બાપરે ! [છાતી કુટેછ] અરે જાની બાપુ, હજાર, બે હજારે સમઝાવની ! અરરર ! મ્હારો દાહડો બલેરે !

[અસલાજી અફસોસ કરતા જાયછ, શીરિન આવેછ.]

શીરિન—કેમ સુખલી, બુઢ્ઢાજી સમજિયા કે ?

સુખલી—પથ્થરપર કઇ પાંચરાં પરતાં ઓસે ! જેમ તેમ કરતાં બે અજાર આપવા કબુયલા.

શીરિનબાઈ—મેં તુને કહ્યું તેમ હું કંઇ રૂપ્યા લેવાની નથી, એતો માવજી તથા બુઢ્ઢાજીની સુધ જરા ઠેકાણે લાવવા સારૂં મેં આજ સુધી આય હિકમત કિધીતી. પણ હજુર ગુલા ને ખોરશેદ આગળ તું ભરમ ફોડતી ના હં ! તેવોતો એમજ સમજેછ, કે હું અસલાજી સાથે પણવાને રાજીજ છેઉં.

[અસલાજી આવેછ ને શીરિન પર ખફા થાયછ.]

અસલાજી—અરે કંઈ ત્હારા બાપના લગન હતાં કે ઢોલ તાસા વજડાવી મુઈ, ને જમન કરી મુઈ! બધ્ધાંને ચિઠ્ઠી લખી મેંતા ના કેહવાડયુંછ કે ખાનુ બાનુ કંઈ છે નહીં.

શીરિનબાઇ—મ્હને શું છે? ત્હમુને ખરાબ લાગશે!

[મ્હેરવાન ઝડપમા આવેછ.]

મ્હેરવાન—શીઠ, પેલા ફીરંગીના વાજા આવિછ.

[અસલાજી ચિરડઈને ખાસડું મારેછ]

અસલાજી—નીકલ, ત્હારા ફરંગીને શું કેહું ને તુનેબી શું કેહું!

[મ્હેરવાન ખીજીને શીરિન આગળ જાયછ.]

મ્હેરવાન—શીઠ, ઘેલી થઈચ કે? કુતરાના જેવા કડવા કેમ આવેચ?

શીરિનબાઇ—મ્હને શું કેહછ. શેઠને જઈને પુછ.

[મ્હેરવાન અસલાજી આગળ આવેછ.]

મ્હેરવાન—શેઠ, પેલા ગલાસ, તમલર ને ફુલ મેવા આવેચ તેના સું કરેચ?

[અસલાજી ચિરડાઈને ધસારો કરેછ, મ્હેરવાન ખીહેછ.]

મ્હેરવાન—અરી મારા બાપરે! શીઠ મરી ગેઈ!

[મ્હેરવાન જાયછ, સુખલી અસલાજી આગળ આવી બાજી રમેછ.]

સુખલી—બાપા, અવે શીરિનબઈ નઇ સમજતાં, તારે તમેં સમજેતો બધી ભાંજગર પતે. એવન પાંચ અજાર માંગેચ તે આપી દેવો, એટલે એવન ફારગતી લખી આપી એવનને ગેરે બારે ને તમેં તમારે ગેરે બારે!

અસલાજી—[ચિરડઈને] અરે આ પેલે ભવના દુશમન! જાની બાપુ જાની! પતની! લેની! તન હજાર લઈને દફે થાની!

શીરિનબાઇ—સો વખત ગરજ પડતો પાંચ હજાર આપો, હું ફારગતી લખી આપીને મ્હારે ઘેર જાઉં.

[સુખલી અસલાજીના કાનમાં કેહછ.]

સુખલી—બાપા, જેમ વખત ઓસો તેમ કરજદાર દરવાજા ભાંજસે, ને વાત વધસે, તો સુધરસે નઇ. ટુકડેથી દામસો, તો મ-

નની ઇચ્છા પામસે. એતો વરગોડો સરકાર દરબાર સુધી ચરાવા તૈયાર થઇચ, ને તેમાં કંઈ તમારી આબરૂ નઇ જીભરૂં ! ઊં મરી જાઉં [ઓવરણા લઇને] તમારી બલા ગેઇ ! આપો, ને કાડો પીડા બાર !

અસલાજી—પણ ત્હારે અમથા આપું તેના કરતાંતો પરણીનેજ આપુંતો ઠીક ! અમથા આપવાતો નથી ગમતા !

સુખલી—[કાન આગળ] પણ પયણીને કરજ દરદની માંથાં કુટતો જેની તેજ રેસેની ? તારે તેના કરતાં આપીનેજ છેડો છોડવોની !

અસલાજી—અરે હા. એબી ઠીક. ધુર નાખી હેના નામપર ! હરાંમનું લેશે તો તેમાં ગાંધીને ત્હાંની પરી પીશે.

સુંખલી—[કાન આગલ] ને પછી તમારે જોઇયેતો બીજું સારૂં જેવું ઘેર કરજો.

અસલાજી—અરે હવે બીજું સારૂં ઘેર કરવા આગમચ ઘોરમાંજ જાઉંતો સારૂં ! એક બલાથી જેમ તેમ છુટુંછ, ત્હારે બીજી બલાના ફાંસામાં કાંહ ફસાવેછ !

સુખલી—[કાન આગલ] અવે તમેં રૂપ્યા ઓસી દેવો, કે માંગનારાને સામન પાછો આપી એવનજ જેમ તેમ કાસર કાડસે.

[અસલાજી ચિરડાઈને ઉઠેછ.]

અસલાજી—લેની, કાહડની ! પીડા કાહડની ! કમબખ્તીએ ને દાહાડાએ ઘેરિયો, તેથી જુવાન બૈરી લાવવાનો શોક થયો.

[અસલાજી છાતી કુટતા જાયછ, શીરિન તથા સુખલી હસેછ.]

સુખલી—જીવપર છરી ફરી ઓસે તારેજ કબુલ કિધુંછ હં શીરિનબાઇ ! વારૂ મરૂ ! ઊં જી ભરૂં ! [ઓવરણા લેછ, અખ્ખઈ થઇને રેવો ને ઘણાં સુખ જોવો. ઘણી બ્યારને ઘણા જી. એક વાગો કાંદાભાતી લાય સાથનો અપાવસોતો હુ ઓરવઇ જસ.

શીરિનબાઈ—વારૂ, ઠીક છે.

[અસલાજી નોટનું બંડલ લાવી શીરિનના પગ પર ફેંકેછ.]

અસલાજી—હરામના લેશે તેને ખુદાય પુછશે !

[અસલાજી બેશેછ, સુખલી બંડલ ઉંચકીને શીરિનને આપેછ, શીરિન ગણેછ, તેટલાં કેકી તથા ગુલા ફાંકડા પોશાકમાં બોરશેદ ને બીખાઇજી સાથે આવેછ.]

અસલાજી—[કેકીને] એ કાકા હાઉ ? લાવની, કાંહ છે મ્હારો ખજાનો ?

કેકોબાદ—[ગુલાને દેખાડીને] આયજ વ્હમારો ખજાનો કેની ?

અસલાજી—[ચિરડાઇને] અરે કોચીના સાહુકાર ! મ્હારા રૂપયા લાવની ?

કેકોબાદ—અસલાજી શેઠ, વ્હમેં શું કેહવોછ, તે હું મુદ્દલ સમઝતો નથી. વ્હમારા રૂપયા મેં લિધાજ નથી અને વ્હમેં મ્હને આપ્યાબી નથી !

અસલાજી—[ચિરડઇને] અરે પછી તું એમ નહીં ભસી મુવો તો, કે "એ મલેલા ખજનાથી હું પોતાને દૌલતમંદ ને ભાયગશાલી સમઝુંછ ?"

કેકોબાદ—તે આયજ ખજાનો ! એ ખજાનો દીનના પેશવાઓની મોટી ક્રિયા સાથે આજે મ્હારા કબજામાં આવવાથી હું પોતાને ખરેખર ભાયગશાલી સમઝુંછ.

અસલાજી—[અજબ થઇને] અરે વ્હમારૂં નખોદ જાયરે વ્હમારૂં ! હું પણતોતો રહી ગિયો ને વ્હમેં પરણીબી ગિયાં કે ?

ગુલબાઇ—બાવાજી, હમેં નીતિના તરીકાથી એકમેક સાથ જોડાયાંછ. કિસમતનો લેખ જે છુપો ઉતો તે આજે જાહેર વંચાયોછ. અને હવે ફક્ત વ્હમારી પરવાનગી નહીં લેવાની જે કુસુર થઇછ, તે હમુને દરગુજર કરી, વ્હામારા ભોલા ને ભલા આશિર્વાદ દેવો.

અસલાજી—હવે બધું રંધાઇ ચુકું વ્હારે હું શું કરી મરવાનો ઉતો ! જાવો, સુખી રેહજો, ઘણું સુખ જોજો ને મ્હને માન આપજો.

કેકોબાદ—જયારે ખુશી સાથે વ્હમેં દુઆ દિધીછ, ત્યારે સરવાઇને ખાતર કેહવાની ફરજ પડછ, કે હમારાં લગન હજુર નથી થયાં.

ગુલબાઇ—બાવાજી, હમેં બંધે ઉમ્મેદ રાખિયેછ કે હવે વ્હમેં

ત્હમારા કૌલથી નહી ફરશો, અને હમુને પણવાની પરવાનગી આપશો.

અસલાજી—જાવો બાપુ, હું રાજી મ્હારો ખુદાય રાજી. [ખોરશેદને જોઇને] ત્હારે ભઇ ત્હારે જોઇયેતો તું શીરિન સાથે પણ, પેહલાં મ્હારા રૂપ્યા આપ !

ખોરશેદ—બાવાજી, જો ત્હમુને ત્હમારા રૂપ્યા મલે, ને હમે બંને રાજી થૈયેતો હમાંરાં લગન માટે મંજુરિયાત આપી, ત્હમારા ભલા આશિર્વાદ હમુનેબી દેશો ?

અસલાજી—હા, સુખેથી. હું તો ઘેરે ઘેર કેહતો ફરશ, કે જુવાન બૈરી કરીને પરવારિયો. હવે બીજા બુઢ્ઢાઓને જોઇયેતો અજમાવી લેય.

ખોરશેદ—[રૂપ્યા આપીને] લેવો આય ત્હમારા રૂપ્યા. એ રૂપ્યા કોઇયે ચોરિયાતા નહીં, પણ ત્હમારી ઓટીમાંથી સડી પરેલા બજાને મલ્યાતા !

અસલાજી—[ખુશ થઇને] હરામનાં હોતે તો જતે, પણ હલાલના કંઇ જાય ? જાવો, ત્હમેબી બંને પરણીને સુખી થાવો. હું ખુશી છેઉં. મ્હારા રૂપ્યા મલ્યા, એટલે હવે મ્હને નિરાંત થઇ.

[શીરિન રૂપ્યા પાછા આપવા માંગેછ.]

શીરિનબાઇ—અસલાજી, ત્હમોએ આપેલી મંજુરિયાત વિશે ત્હમારો ઉપકાર માની, અરજ કરૂંછ કે આય ત્હમારા રૂપ્યા પાછા લેવો. મેં એ રૂપ્યા ખરી નિયતથી નહીં લીધાતા, પણ ત્હમારા ખોરશેદની પરિક્ષા લેવા સારૂં લિધાતા. હું ખુશી છેઉ કે જેહવી લાગની ખોરશેદ તરફ મ્હારી હતી, તેહવીજ લાગની ખોરશેદે પણ મ્હારી તરફ ચાલુ રાખી ફતેહમંદી મેળવિછ.

[શીરિન રૂપ્યા પાછા આપેછ, અસલાજી ખુશ થાયછ.]

અસલાજી—અરે ત્હારેતો હું ઘણોજ ખુશી થયોછ, ને પોતાને ભાયગશાલી સમજુંછ ! હુંતો ત્હમુને જબરાં કાતરૂદાસ સમજતોતો, પણ ત્હમે તો કેથી ખોરશેદની પરિક્ષા લેવાની આય બધી ધાંધલ ધરપચ કિધી દેખું ! જાવો સુખેથી સારો જેહવો દાહડો મુકરર કરો, કે લગન ધુમધામથી કરીયે.

[હરબાઇને ભિખાઇજી અસલાજીને ઓવારણા લેછ.]

ભિખાઈજી—હું મરૂં ત્હમારી ઉપરથી, ને બધા જી ભરૂં! [શીરિન તથા ખોરશેદને ઓવરણા લઈને] હું મરૂં, ઘણાં સુખ જોજો. દુધે ન્હાજો ને પૂતે વ્હાજો.

[સુખલી અસલાજીને ઓવરણા લેછ.]

સુખલી—ઊ મઈરે! સદા એવાં ભલાઈના કામ કરતા રેજો, ને સસરા વેવઈ થઈને છોકરાંવોનું ઘનું સુખ જોજો. [ખોરશેદ તથા શીરિનને ઓવરણા લેછ.] જી ભરૂં સત્તર દીકરા ને સત્તર દીકરીના માય બાપ થજો, પણ પેલા કાંધા ભાતી લાહીની સાડી સાથનો વાગો ને સુખાના ચીતર ના ભુલતા મરી જાઉ. [ગુલા તથા કેકુને ઓવરણા લેછ.] જી ભરૂં લામ્બા આઇસ ને ઉવાના થજો ને દીકરા દીકરીના માય બાપ થઈને જલ્દી વ્યા વાજન કરજો મરૂં! પણ સુખલીનો સાડી સાથનો વાગો ના ભુલતા ઉં મરૂં!

શીરિનબાઈ—સસરાજી, ગઈ ગુજરીને યાદ કરવાની જરૂર નથી. તોપણ અન્તઃકરન સાફ કરવા હું જણાવા માંગુછ, કે ત્હમારા તથા માયજીના વિચાર મ્હને ના પસંદ પડવાથી, મેં જે ચાલ ત્હમો તથા માયજી સાથે ચલાવિછ, તે માટે માફ માંગુછ.

અસલાજી—માફ માગવા જેહવું કંઈ નથી શીરિન. હેમા વાંક બધો મ્હારો ઉતો કે ઘડપણમાં મ્હને એવું સુજ પરિયું.

શીરિનબાઈ—બેહન ગુલા, ત્હારી સાથે મસાલત કરવા પછી મેં ચિથડાં કાડી ડેડવેલું કામ એકલાએજ બજાવાની બેઅદબી કિધીછ, તે વિશે ઉમ્મેદ રાખુછ કે તું મ્હને માફ કરશે.

ગુલબાઈ—હુંતો પેહલેથીજ સમજી ગેઈતી, પણ ખોરશેદ સાથના જોડાણથી હું અન્તકરણથી ખુશી થઇછ. [બજો દાખલ થાયછ.]

બજો—હેઠ, પેલા મરનાર પાનાચંદની વિધવા આવેલી, તે તમને મળવા માંગતી છે.

અસલાજી—[અજબ થઈને] અરરર! પાનાચંદ મરી ગિયો? કાહરે મરી ગિયો? શું થયું.

બજો—વાહી દાલ ખાયેલી તેથી લઈ કરીને બાદી થયલી ને પેટ ફુલીને હાથી જેવડું મ્હોટું થયલું. ધરમ જાય તેથી ડાકતરની દવા નહીં કિધેલી, ને જમાલ ગોટો ખાઇ "રામ બોલો ભાઇ રામ" થઈને ધરમ હાચવેલો.

અસલાજી—અરરર ! મ્હારો ઘણો જુનો ઓલખીતો ઉતો ! જા જા, તેડ, તેડ. [બજો જાયછે] બિચારી બૈરી ન્હાનપણમાંજ રંડઇને પેર બેઠી !

[જમની દાખલ થાયછે, ને એકદુ બેશી માથે હાત દઇ ફુંકેફુંક રડેછે.]

જમની—અરે પરમેશ્વર ? મ્હને શા માટે હિન્દૂ માંબાપને ત્યાં જન્મ આલ્યો હશે ! ન્હાની વયમાં આવી દશાએ જિવવા કરતાં ન અવતરી હતેતો ઠીક થતે ! અરે કર્મ ! રે દૈવ હીણુ ! [રડેછે.]

અસલાજી—જમનીબાઇ, રડો ના. જે ત્હમારાં ભાયગમાં લખ્યું તું તે થયું. પરમેશ્વરની મરજી ! પાનાચંદ બિચારૂ બહુ ભલું માણસ ઉતું ! મ્હારો ઘણાં વરશનો ઓળખીતો !

જમનીબાઇ—તેવન તો સ્વર્ગે પોંહોંચિયા. પણ ન્યાતના શેઠિયાયોનું ઇશ્વર શું ભલું કરશે, કે જેવાએ બાલ વિવાહનો ચાલ કાહડી, મ્હારા જેહવી ન્હાની વયની અબલાઓનું નખોદ વાળ્યું છે ! મ્હારો ભવ કેમ પુરો કરિશ ! [રડેછે.]

ખોરશેદ—કંઇ નહીં બાઇ, ધીરજ ધરો. સુધારા અને વખત નામના દેવે, કુધારા અને રીવાજને ખાસડે ખાસડે મારી ગામના પાદરે મેલી આવવાનું માથે લિધુંછે. પછી જોજો કે કુધારાને માણનાગ બડખાંઓ પોતિયાં હાતમાં લઇને કેમ ન્હાશેછે તે.

જમની—ત્હમે પારશીઓ સુધારામાં સૌથી આગળ વધેલા છો. માટે ત્હમે લડો, ને મ્હારા જેહવી અબલાઓને સદાના સંકટમાંથી છોડવો ! ધન્ય છે તને ઓ બેહેરામજી મલબારી ! ધન્ય ત્હારી લડત અને હિમ્મત પર.

કેકોબાદ—પણ ત્હમુને ત્હમારા પીતાએ હ્યાં એકલાં આવવા કેમ દીધાં ?

જમની—જી હું બાપાને કેહવા વિના બયલની ગાડીમા બેશી આવી છું. બાપા વાળ મુંડાવા કેહ છે, તેથી ત્હમારી સહાયતા માંગવા અને મ્હારૂં દુખ રડવા આવી છું.

અસલાજી—બાઇ, રડ ના ધીરજ રાખ, સઉ સારૂં થશે.

[બજો દાખલ થાયછે]

બજો—હેઠ, ઉકારજી આવેલા.

અસલાજી—વલી આઇ બાઈના ડાલા બાલવા એ કાંહથી આયો ! જા મોકલ. [બજો ઉક્કરજીને તેડેછ.]

બજો—ઉક્કરજી હેઠ, આનિફા આવજે.

[ઉક્કરજી આવી સાહેબજી કરવા વગર થાભલા માફક ઉભો રેહછ.]

ઉક્કરજી—અથલાજી ષેત, તમે ખુલબાઈ થાતે મને નઈ પજાવતા તે ?

અસલાજી—ત્હમારા બાવાએ કંઇ જવાબ નહીં આપ્યો, તેથી શીરીબાઈના લગનતો કેકોબાદ સાથે નક્કી થઈ ચુકાં.

ઉક્કરજી—બાવાએ તલું તે તું ડાહ્યો થા, તે હું ડાહ્યો થઇને આયોત. ને વરી થુધરેલા લોતની તાની દધલોબી પેહડયોત.

અસલાજી—તેતો વાત ખરી, પણ એ લોકોનુંતો બા નક્કી થઈ ચુકુની !

ઉક્કરજી—તે એવન તો પેહલ્લાં મારાં બૈરી, ને પથી તેતોબાદના થાયત ! તારે પેહેલ્લાં મારી થાતે પરણીને પથી એવનની થાતે પણવું વોઇથે ! નહીંતો હું પોલીથમા થમન લ્હારત.

અસલાજી—જોવનીબા, ત્હમારા બાવાજીને કહીને એ વાતનો નિવાડો લાવશું. [સ્વગત] મુવો તું ! તુંબી કેથો મ્હારાજ જેહવો ડાહર ચતુર દેખું !

[મ્હેરવાન આવેછ]

મ્હેરવાંન—શીઠ, પેલા ઝેરી આવેચ.

અસલાજી—ઝેરી કૌન ? વલી કાંહથી માથું દુખાવવા આયો !

મ્હેરવાંન—તે મોંથા દુએચ તેને ઊં શું કારેચ! ઝેરી કેચ કે પૈસા આપેચ, નેઇતો મ્હારા કાતલેસ પાછા આપેચ.

[બધા હશેછ.]

ખોરશેદ—અરે ઝવેરી આયો હોશે, ને નેકલસ પાછો માંગતો હોશે.

અસલાજી—તેને કેહજે, કે કાલે આવે.

મ્હેરવાંન—વેરૂજી.

[મ્હેરવાન જાયછ, અસલાજી શીરિનને રૂપ્યા પાછા આપેછ.]

અસલાજી—લે બાપુ, ને જે કંઇ કરજ કિધુંછ તે ચુકવી આપી વધે તે રૂપા મ્હને પાછા આપજે.

શીરિનબાઇ—મ્હેરબાની સસરાજી. [મ્હેરવાન પાછો આવેછ.]

મ્હેરવાન—શેઠ, ગુલબાઇના ફેરામાદ સાથે ને ખુરશેદજીના ઇરાની શીરિનબાઈ સાથે શાદી થાયચ, તેના મેને આસોદાદ આપેચ.

[અસલાજી મ્હેરવાનને એક નોટ આસોદાદ આપેછ.]

અસલાજી—વારૂં આસોદાદ તો આપુંછ, પણ હવેથી જીવ ના કહડાવતો! બરોબર કામ કરજે.

મ્હેરવાન—[ખુશ થઇ] અરી! મારા પરવરદીગાર, આજે મારા નસીબ ફાટી ગેઇચ. અસલાજી શેઠ સેખી થેઇચ!

[મ્હેરવાન ખુશ થઇ નોટ ઓઠીમાં ઓશેછ. અસલાજી બીજી નોટ બજાને આપેછ.]

અસલાજી—લે, બજા આય તુંબી લે, ને દીવાલી સુધી હવેથી એક કોરિયુંબી ના માંગતો હં!

બજા—[ખુશ થઇને] નહીં હેઠ, નહીં માંગુ. લઇ કરીને બૈરીની હુવાવડ આવેલી, ને રહ પાણીપર વાવડવાથી જરી તમને દુવા દેહે.

સુખલી—[અસલાજીને] બાપા, બજાને ને મેરવાનને અનામ આપપું, ને મેં શું ચોરી કિધી?

મ્હેરવાન—વરી એના પેટમાસાની દુખી.

[અસલાજી એક નોટ સુખલીને આપેછ.]

અસલાજી—લે આય તુંબી લે, ને હવે દરાન બાજનો ને દાસલાનો નિવેડો હેમાંજ લાવજે.

સુખલી—[ઓવરણાં લેછ] હું મરી જાઉં! ઘરી જાઉં! બધી ઓવરઇ જાઉ! [ખોરશેદને] બાપા ખોરશેદ, પેલા પચાસ રૂપા, સુનાના ચીતર ને સાડી સાયનો વાગો યાદ છે કે?

ખોરશેદ—હા. યાદ છે, હું આપશ.

સુખલી—કંઇ નઇ મરૂં, [ઓવરણા લઇ] કંઇ નઇ જી મરૂં!

[અસલાજીએ સુખલીને રૂપા આપવાથી મારેલી શરત મુજબ બજો સુખલીને રૂપો આપવા કેહછ.]

બજો—લે હુપલી, તું હરત જીતી તેનો રૂપેઓ હું તુને આપાહ !
[ભીમ આવેછ.]

ભીમ—શેઠ સાએબ.

અસલાજી—લે બાપુ, ત્હારે નસીબના તુંબી લે. તુંબી આયો તે સારૂં જ થયું. લે આય બે જોડાં જાડાયાં તેની આસોદાદ.
[અસલાજી નોટ આપેછ.]

ભીમ—મોલબાલા. મ્હોટી મ્હેરબાની.

સુપલી—[ઓચરણા લેછ] આજે અસલાજી સેઠનો છુટો આત જોઇ, જિવતાં જિવત મરી જાઉં!

મ્હેરવાંન—શીઠ, આજે દિનશાજી પેતીના જેવા મોતા સખી થઇચ.

કેકોબાદ—શેઠ, આજે ત્હમારૂં ઉદાર દિલ જોઇ હમેં સર્વે તાજુબ થઇયેછ.

ખોરશેદ—ખરેખર બાવાજી, પૈસા આડે માર્ગે ઉડાવવામાં જેટલીહેગકઇ છે, તેટલીજ બેવકુફી કરકસરથી માત્ર ભેગા કરવામાં છે.

અસલાજી—અરે એ બધી કરકસર ત્હમારેજ ખાતર ઉતી. હવે ત્હમે બંને ઠેકાણે પડિયા પછી આજથી આપડબી સુમના સખી થયા.

બધા—શુકર! શુકર!

મ્હેરવાંન—શીઠ, હું એક મજેના ગીત ગાયચ.

ખોરશેદ—બાવા, જરા ગાવા કેહવો, મઝા પડશે.

અસલાજી—ગાઇ મર! [મ્હેરવાન ગાયછ.]

ઠુમરી—બાગ બાન બાગ બાન—રાહ.

મ્હેરવાન—

વાહ રંગ! વાહ રંગ!

સખીનૂ નામ સખી, હામ સખી, દાંમ સખી કાંમ નામિ નંગ—વાહ!
મિસ્કીં, તુરજાર, ગદાં, સૂમથી ન્હાસે સદા, જોઇને બતંગ—વાહ!
સખીથી સરવે સુખી, સૂમથી સરવે દુખી, બસ કરે ન સંગ—વાહ!
બખીલી કહેરે ખુદા, સખી પર મહેરે ખુદા, વ્હા અજીબ ઢંગ—વાહ!
[મ્હેરવાનને તાલીથી સર્વે શાબાશી આપેછ.]

શીરિનબાઇ—સસરાજી, ત્હમારી સાથે મેં જે નાલાયક ચાલ ચલાવિછ, તે માટે ફરીથી એકવાર માંફ માંગુંછ.

[શીરિન પગે લાગેછ, અસલાજી અટકાવેછ.]

અસલાજી—કંઇ નહીં શીરિન.

ખોરશેદ—અને હુંબી ત્હમારા ભલા આશિર્વાદ માટે ત્હમારી આભારી થઇ, મ્હારી ઉડાઉ ચાલ માટે પસતાઇ, હવેથી ત્હમારૂં કેહણ કરશ.

[ખોરશેદ પગે પડેછ, અસલાજી અટકાવેછ.]

અસલાજી—સુધરી જજો, ને સુખી થજો.

ગુલબાઇ—બાવાજી, મ્હારી મરજી મુજબનોજ કેળવાયલો, કેદોબાદ સોધી કાહડવામાં ત્હમે પસંદગી બતાવી, ભલા આશિરવાદની નવાજિશ કિધીછ, તે માટે હુંબી ત્હમારૂં હેસાન માગુંછ.

[ગુલા પગે પડેછ, અસલાજી ગલેં લગાડેછ.]

અસલાજી—મ્હારી દુઆ છે કે ત્હમેં બધાં સુખી રેહજો. વાંદર નકલ કરી, ઠાલી અને ના પાયદાર સુધારા તરફ નહીં ઢલી, પાયદાર અને સંગીન સુધારાના સાથી થજો. ખોટા અને દમામને ખાતર ઉડઉ ખરચ કરવાને બદલે, ઉપયોગી ખરચ કરી, કરકસર કરવામાં ડાહપણ સમજજો. બુજોર્ગોને માન આપજો ને મરૂં ત્હારે દરાન બાજથી મ્હને યાદ કરજો. પણ ઘણો ખરચ કરતા નાહં!

ડક્કરજી—તારે ઉં પન્યા વધરજ રહી ધાઉ તે?

મેહેરવાન—તારે ચાલ, તારા ને મારા લગન કરેચ.

તમામ શુદ.